gujaratvandan.com



જાન્હવી કપૂર દક્ષિણ ભારતની ફિલ્મમાં ડેબ્યુ માટે તૈયાર

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરુવાર 11 ઓગષ્ટ 2022

શ્રાવણ સુદ-14, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 250 | વર્ષ : 06 | અંક : 14 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


## રક્ષાબંધનનું શુભ મુહૂર્ત



શ્રાવણ સુદ પૂનમ 11મી ઓગસ્ટે ગુરુવારે ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક સમાન તહેવારની ઉજવણી કરવામાં આવશે. સવારે 11:07થી બપોરે 2:22 અને રાત્રે 8:52 થી 10 દરમિયાન જ રાખડી બાંધવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત છે.

## નીતિશનું અવનવું

### રાજકારણના અઠંગ ખેલાડી નીતિશ આઠમી વખત સીએમ બન્યા, ભાજપ ક્યાં સુધી ટકવા દેશે?

# સરકાર નઈ, મુખ્યમંત્રી વહી

ગુજરાત | વંદન

બિહારના રાજકારણમાં બુધવારથી નવા અધ્યાયની શરૂઆત થઈ ગઈ છે 5 વર્ષ સુધી ભાજપ સાથે ગઠબંધનમાં રહ્યા બાદ હવે ફરી લાલુ યાદવના દીકરા તેજસ્વી સાથે નીતિશ કુમારે સરકાર બનાવી છે. બિહારના રાજ્યપાલ ફાગુ ચૌહાણે રાજભવનમાં નેતા નીતિશ કુમારને મુખ્યમંત્રી પદ તેમજ RJDના યુવા નેતા તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી પદ અનો ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. શપથ સમારાહોમાં લાલુ યાદવના પત્ની રાબડી દેવી તથા તેજસ્વી યાદવના પત્ની રાજશ્રી પણ પહોંચ્યા હતા પરિણામે બિહારમાં મહાગઠબંધનમાં હવે ભાજપ નહીં પણ લાલુની પાર્ટી આરજેડી અને કોંગ્રેસ સહિત સાત પક્ષોની નવી સરકાર બની છે. મંત્રી મંડળની રચની સાથી પક્ષો સાથે ચર્ચા-વિચારણા







કરીને હાથ ધરાશે.

બિહાર અને દિલ્હીના રાજકારણમાં પલ્ટુ બાબુની છાપ ધરાવનાર નીતિશ કુમારે નવુનાતરૂં કર્યું ત્યારે કોઈને પણ નવાઈ લાગી નથી, અલબત્ત સત્તામાં ભાગીદાર રહેલ ભાજપને આચંકો લાગ્યો છે અને સંયુક્ત સરકાર વાળુ એક રાજ્ય ભાજપના હાથમાંથી સરકી ગયું છે. જોકે, તેના માટે નીતિશ કુમારે ભાજપને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો છે. નીતિશ કુમાર આઠમી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા છે. ભાજપ સાથે ગઠબંધન કર્યું તે પહેલા જે પાર્ટી સાથે સંયુક્ત સરકાર બનાવી હતી તે આરજેડીના નેતા અને લાલુ પુત્ર તેજસ્વી યાદવ સાથે છેલ્લા કેટલાક સમયથી નીતિશે મેળજોળ વધાર્યો હતા અને મનાતુ હતું કે, નીતિશ કુમાર ભાજપ છોડીને લાલુની પાર્ટી સાથે ફરીથી સરકાર બનાવવા જઈ રહ્યા છે. રાજકીય નિરિક્ષકોના દાવા પ્રમાણે ભાજપથી નારાજ ચાલી રહેલા નીતિશ કુમારને મુખ્યમંત્રી પદેથી હટાવી ભાજપના મુખ્યમંત્રી બનાવવાની હિલચાલ ચાલી રહી હતી જેની ગંધ નીતિશ કુમારાને આવી હશે. દરમિયાન નીતિશ કુમારની પાર્ટી જેડીયુના ખમંતીધર નેતા આરસીપી સિંહ દ્વારા અલગ સૂર સંભળાતા નીતિશે બિહારમાં મહારાષ્ટ્રવાળી અને શિંદેવાળી

...અનુસંધાન પેજ નં. 6 પર

## નીતીશ કુમારના અલગ થવાથી રાજ્યસભામાં NDAની મુશ્કેલી વધી

બિહારમાં નીતિશકુમારે ભાજપ સાથે ગઠબંધન તોડી મહાગઠબંધન સાથે સરકાર બનાવી દીધી છે. આ સાથે જ એનડીએનું નેતૃત્વ કરી રહેલા ભાજપને રાજ્યસભામાં



પણ મોટો ઝટકો લાગ્યો છે. નીતિશકુમારની જેડીયુના રાજ્યસભામાં 5 સાંસદ છે. જેમાં ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ પણ છે. જો કે જ્યારે જેડીયુ એનડીએનો ભાગ હતી ત્યારે પણ રાજ્યસભામાં ભાજપ સાથે બહુમત નહતું. છેલ્લા 3 વર્ષમાં એનડીએનો સાથ છોડનારી જેડીયુ ત્રીજી પાર્ટી છે. આ અગાઉ શિવસેના અને શિરોમણી અકાલી દળે પણ સાથ છોડ્યો હતો. વર્ષ 2019ની લોકસભા ચૂંટણી પહેલા તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ પણ એનડીએનો સાથ છોડ્યો હતો. હવે જેડીયુ એનડીએનો ભાગ નથી એટલી ભાજપના નેતૃત્વવાળા એનડીએને રાજ્યસભામાં બિલ પાસ કરાવવા માટે ઓડિશાના બીજુ જનતા દળ, આંધ્ર પ્રદેશના વાયએસઆરસીપી પર મદાર રાખવો પડશે. રાજ્યસભામાં હાલ 237 સભ્ય છે. જ્યાં 8 જગ્યા ખાલી છે, જેમાંથી 4 જમ્મુ અને કાશ્મીરની, એક ત્રિપુરાની અને 3 બેઠકો એવી છે જે નોમિનેટેડ કરવાના બાકી છે. બહુમતનો આંકડો 119 છે. એનડીએ પાસે સદનમાં 115 સભ્ય છે. જેમાંથી 5 નામાંકિત અને એક અપક્ષ છે. જેડીયુના ગયા બાદ એનડીએનો આંકડો 110 થઈ ગયો. જે બહુમતથી 9 સભ્ય ઓછો છે.


Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 58,817.29 | 17,534.75 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| હિન્દાલ્કો | +4.44 % |
| યુપીએલ | +2.16 % |
| કોલ ઇન્ડિયા | +2.07 % |

ટોપ લુઝર્સ


| | |
|---|---|
| બજાજ ફાઇનાન્સ | -2.63 % |
| એનટીપીસી | -2.29 % |
| ઓએનજીસી | -1.98 % |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 54,015 | 58,700 |


## ન્યૂઝ બ્રિફ

### 16મીએ પૂર્વ પીએમ અટલબિહારી વાજપેયીની ત્રીજી પુણ્યતિથિ



પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની 16 ઓગસ્ટે ત્રીજી પુણ્યતિથિ છે. ઉલ્લેખનીય છે કે 16 ઓગસ્ટ, 2018ના રોજ અટલબિહારી વાજપેયીનું દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં 93 વર્ષની વયે નિધન થયું હતું. 2015માં અટલજીને ભારતના સર્વોચ્ચ સમ્માન ભારત રત્નથી સન્માનિત કરાયા હતા. વાજપેયીના નિધન બાદ દિલ્હીમાં તેમના નામ પર અટલ સમાધિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

### નીતીશ કુમાર ભાજપ સાથે અસહજતા અનુભવી રહ્યા હતા - પ્રશાંત કિશોર



બિહારમાં નીતીશ કુમારના પક્ષપલટા મુદ્દે તેમના ચૂંટણી રણનીતિકાર રહેલા પ્રશાંત કિશોરએ મહત્વનુ નિવેદન આપ્યુ છે. પ્રશાંત કિશોરએ કહ્યુ કે નીતીશ કુમારે 10 વર્ષમાં આ છઠ્ઠો પ્રયોગ કર્યો છે. આનાથી તેમની રાજકીય સ્થિતિ પર પણ અસર પડશે. કોઈ પણ ગઠબંધનમાં નીતીશ કુમારનુ જ સીએમ બની રહેવુ આ શક્યતાની વાત છે. એવુ નથી કે તેમનુ નુકસાન થયુ નથી. 115 ધારાસભ્યો ધરાવતી પાર્ટી હવે 43 પર આવી ગઈ છે. એ જુદી વાત છે કે તેઓ ગમે તે રીતે ગઠબંધનમાં સીએમ બની જાય છે.

### યુ યુ લલીતની 49મા ચીફ જસ્ટીસ તરીકે નિમણૂંક



સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ તરીકે યુ યુ લલીતની નિમણૂંકને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. તેવો ચીફ જસ્ટીસ રમણાના અનુગામી બનશે. આગામી 27મી થી કાર્યભાર સંભાળશે. નોંધનીય છે કે ગયા અઠવાડિયે જ દેશના તત્કાલિન CJI એનવી રમણે યુયુ લલિતને તેમના અનુગામી તરીકે પસંદ કર્યા હતા. તેમણે સરકારને જસ્ટિસ લલિતની નિમણૂક કરવાની ભલામણ કરી હતી.

### કોવીશીલ્ડ -કોવેક્સિનના બે ડોઝ લગાવી





કેન્દ્ર સરકારે બાયોલોજિકલ ઈ કોર્બેવેક્સ બૂસ્ટર ડોઝને મંજૂર આપી દીધી છે. આ ડોઝ 18 વર્ષથી ઉપરના લોકોને આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રામણે કોર્બેવેક્સ તે જ લોકોને આપવામાં આવશે જેમણે કોવિશિલ્ડ અથવા કોવેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે.

### વાંકી નજરે...





## વિજય વિશ્વ તિરંગા પ્યારા... ઝંડા ઊંચા રહે હમારા...







વિજય વિશ્વ તિરંગા પ્યારા...ઝંડા ઊંચા રહે હમારા... વીર ભગત સિંહ, ખુદીરામબોઝ, ચંદ્રશેખર આઝાદ જેવા લાખો નામી-અનામી યુવાનોની શહાદતના પગલે અને મહાત્મા ગાંધીના માર્ગદર્શન, સરદાર સાહેબની રાહબરી અને કૂટનીતિના પગલે ભારતને ખૂબ મોંઘી આઝાદી મળી હતી. 200 વર્ષ કરતા પણ વધુ સમય ભારત પર રાજ કરનાર બ્રિટિશ હકૂમતનો રાષ્ટ્રધ્વજ યુનિયન જેક 15 ઓગસ્ટ 1947ની મધ્યરાત્રીએ દિલ્હીના લાલ કિલ્લા પરથી ઉતારીને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના હસ્તે આઝાદ ભારતનો પ્રથમ તિરંગો લહેરાવવામાં આવ્યો તે ઐતિહાસિક ક્ષણ ભારત વિસરી શકે તેમ નથી મળતા મળી ગઈ મોંઘેરી આઝાદી...ને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આગળ ધપાવવામાં આવી રહી છે. 15 ઓગસ્ટ 2014ના રોજ વડાપ્રધાન મોદીએ જે રીતે આન, બાન અને શાનથી લાલકિલ્લા પર તિરંગો લહેરાવ્યો તે પણ તેમના જીવનની એક ઐતિહાસિક અને વિસરી શકાય નહીં એવી એક પળ હતી. પ્રથમ વડાપ્રધાન નહેરૂની ગમે તેટલી ટીકા, ટિપ્પણી, આલોચના થાય તો પણ આઝાદ ભારતના ઈતિહાસમાંથી તેમનું નામ ભૂંસી શકાય તેમ નથી. એજ રીતે અર્વાચીન ભારતના ઈતિહાસમાંથી પણ નરેન્દ્ર મોદીનું નામ ભૂલાય શકાય તેમ નથી. આવનારા સમયમાં ભાવિ શાસકો મોદીનું નામ ભૂંસવાનું પ્રયત્ન કરશે તો તે એવી જ મુર્ખામી હશે કે જે નહેરૂનું નામ ભૂંસવાના પ્રયાસો થઈ રહ્યા છે.


### નીતિન ગડકરી અધિકારીઓ પર ગજર્યા- સરકાર અમારા હિસાબથી જ ચાલશે

## 'મંત્રીઓને કાયદો તોડવાનો હક છે, અધિકારીએ માત્ર યસ સર કહેવાનું..'

ગુજરાત | વંદન

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ વધુ એક વખત આકરા વિધાનો સાથે નોકરશાહી પર જોરદાર આક્રમણ કરતા કહ્યું કે, સરકાર બ્યુરોકેટસ મુજબ નહીં ચાલે, મંત્રીઓના હિસાબે કામ કરવાનું રહેશે. તેમણે કહ્યું હતું કે, મંત્રી તમારા કહ્યા મુજબ નહીં પરંતુ તમારે મંત્રીઓના કહેવા પ્રમાણે કામ કરવાનું છે.

ગડકરીએ જણાવ્યું કે, 'હું હંમેશા ઓફિસર્સને કહું છું કે, સરકાર તમારા કીધા પ્રમાણે કામ નહીં કરે. તમારે ફક્ત 'જી સર' કહેવાનું છે. તમારે એ જ વસ્તુઓ લાગુ કરવાની છે જે અમે (મંત્રીઓ) કહી રહ્યા છીએ. સરકાર અમારા (કહેવા) મુજબ ચાલશે. હું જાણું છું કે, ગરીબોની ભલાઈના રસ્તામાં કોઈ કાયદો નથી આવતો. પરંતુ જો આવા રસ્તામાં કોઈ કાયદો આવશે તો પણ તેને 10 વખત તોડવામાં પણ આપણે સંકોચ



ન રાખવો જોઈએ.' દેશમાં એક તરફ રાજકીય પક્ષો તથા સરકારો દ્વારા વીજળી, પાણી સહિતના ફ્રી બીલનો વિવાદ હવે છેક સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે અને રેવડી કલ્ચર અંગે પણ ચર્ચા શરૂ થઈ છે તે વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ગરીબોના ભલા માટે જો કોઈ કાનૂન આડે આવતો હશે તો તેને તોડવામાં કોઈપણ ખચકાટ ન હોવો જોઈએ.

## દુનિયાના સૌથી ઘાતક બોલર ટ્રેન્ટ બોલ્ટની નિવૃતિ જાહેર..!

ગુજરાત | વંદન


ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ દ્વારા તેના કરારમાંથી મુક્ત કરવામાં આવ્યો છે જેથી આ ક્રિકેટર પોતાના પરિવાર સાથે વધુ સમય વિતાવી શકે. બોલ્ટના આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ખળભળાટ મચી ગયો છે. બોલ્ટ વિશ્વના સર્વશ્રેષ્ઠ બોલરોમાંથી એક છે, આવી સ્થિતિમાં તેના નિર્ણયને કારણે દુનિયાને લાગી રહ્યું છે કે, તેણે હવે સંન્યાસ લેવાનું મન બનાવી લીધું છે.

બોલ્ટ સામે ભારતના દિગ્ગજ ઓપનર રોહિત શર્મા, શિખર ધવન, કોહલી સહિતના દિગ્ગજ ખેલાડીઓ ફિક્કા પડતા હોય છે. બોલ્ટ, જેણે ન્યૂઝીલેન્ડ માટે ટેસ્ટ ક્રિકેટમાં 317

...અનુસંધાન પેજ નં. 6 પર

### બોલ્ટે મોટું નિવેદન આપ્યું

આ નિર્ણય પર ટ્રેન્ટ બોલ્ટે કહ્યું, 'સાચું કહું તો મારા માટે આ નિર્ણય ઘણો મુશ્કેલ હતો. 12 વર્ષ સુધી દેશ માટે



રમ્યાનો ગર્વ છે. દેશ માટે રમવું હંમેશા મારું સપનું હતું. મારો આ નિર્ણય સંપૂર્ણપણે પત્ની ગર્ટ અને મારા ત્રણ બાળકો માટે હતો. પરિવાર હંમેશા મારા માટે પ્રેરણારૂપ રહ્યો છે. ક્રિકેટ પછી તેને પ્રાથમિકતા આપવી મને ખૂબ સારું લાગે છે. આ નિર્ણય પર મારું સમર્થન કરવા બદલ ન્યૂઝીલેન્ડ ક્રિકેટનો આભાર.

### ચીનની અધ્યક્ષતામાં મળેલી કાઉન્સિલની બેઠકમાં ભારતનો વિરોધ

## આતંકીઓને બ્લેકલિસ્ટ કરવાનો પ્રસ્તાવ ફગાવી દેવાતા યુનોમાં ભારત લાલઘુમ



ગુજરાત | વંદન

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે જણાવ્યું હતું કે, આતંકવાદીઓને સ્પષ્ટતા વિના સૂચિબદ્ધ કરવાની વિનંતીમાં વિલંબ અથવા અવરોધિત કરવાનો ટ્રેન્ડ ખતમ થવો જોઈએ. ભારતે મંગળવારે ચીનની અધ્યક્ષતામાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં કહ્યું કે તે "અત્યંત ખેદજનક" છે કે, વિશ્વના સૌથી કુખ્યાત આતંકવાદીઓને 'બ્લેક લિસ્ટ' કરવાના વાસ્તવિક અને તથ્યપૂર્ણ પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો છે. ભારતે કહ્યું કે, આવા "બેવડા ધોરણો" એ સુરક્ષા પરિષદના પ્રતિબંધ શાસનની વિશ્વસનીયતાને "સર્વકાલીન નીચા સ્તર" સુધી પહોંચાડી દીધી છે.

નોંધનીય છે કે, આ વર્ષે જૂનમાં, સુરક્ષા પરિષદના કાયમી સભ્ય અને પાકિસ્તાનના નજીકના

...અનુસંધાન પેજ નં. 6 પર

### કૌભાંડ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાનો ગંભીર આક્ષેપ

## દિલ્હી મ્યુનિ. કોર્પોરેશનમાં ભાજપે 6,000 કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું..!

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીએ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં (MCD) 6,000 કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હોવાનો આરોપ લગાવ્યો છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ લગાવેલા આક્ષેપ પ્રમાણે MCDમાં ભાજપના નેતાઓની મિલીભગતના કારણે ટોલટેક્સમાં ભારે મોટું કૌભાંડ થયું છે. ઉપરાંત તેમણે આ મામલે સીબીઆઈ તપાસની પણ માંગણી કરી છે.

મનીષ સિસોદિયાએ આ અંગ ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાને પત્ર લખ્યો છે. તેમના કહેવા પ્રમાણે દિલ્હીમાં દરરોજ



10 લાખ કોમર્શિયલ વાહનોની એન્ટ્રી થાય છે અને તેમના પાસેથી પૈસા લેવામાં આવે છે પરંતુ તે પૈસા MCDને નથી મળી રહ્યા. આ ઉપરાંત સિસોદિયાએ 1,200 કરોડવાળું લાઈસન્સ 786 કરોડમાં આપવાનો પણ આરોપ લગાવ્યો છે.

આપ પાર્ટીએ અગાઉ ભાજપાશાસિત MCD પર 'એસ્કો' ખાતામાંથી 6,760 કરોડ રૂપિયા ગાયબ કરવાનો આરોપ લગાવ્યો હતો. આપના ધારાસભ્ય અને એમસીડી પ્રભારી દુર્ગેશ પાઠકે એવો દાવો કર્યો હતો કે, પાર્કિંગ અને કન્વર્ઝન ફી પેટે 6,800 કરોડ રૂપિયા એસ્કોના ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. જ્યારે ભાજપાશાસિત MCDએ 2012થી અત્યાર સુધીમાં પાર્કિંગ માટે માત્ર 40 કરોડ રૂપિયા જ ખર્ચ કર્યા છે.

આમ આદમી પાર્ટીના MCD પ્રભારી દુર્ગેશ પાઠકના કહેવા પ્રમાણે MCD જે પણ ટેક્સ ઉઘરાવે છે તે એસ્કોના ખાતામાં જાય છે. એક પ્રક્રિયા અંતર્ગત તે પૈસા ક્યાં ખર્ચ કરવામાં આવે તે નક્કી થાય છે. દિલ્હીની જનતા પાર્કિંગ અને કન્વર્ઝન માટે જે ચાર્જ આપે છે તે તમામ રકમ એસ્કોના ખાતામાં જમા થાય છે. દસ્તાવેજોમાં સ્પષ્ટ લખેલું છે કે, તે પૈસાનો ફક્ત અને ફક્ત પાર્કિંગ કે કન્વર્ઝન માટે જ ઉપયોગ કરવામાં આવે. વર્ષ 2012થી આજ સુધી MCDના એસ્કો ખાતામાં પાર્કિંગ અને કન્વર્ઝન ચાર્જ પેટે આશરે 6,800 કરોડ રૂપિયા હોવા જોઈએ.

જો ભાજપે પાર્કિંગ માટે માત્ર 40 કરોડ રૂપિયા જ ખર્ચ કર્યા છે તો એસ્કોના ખાતામાં 6,760 કરોડ રૂપિયા હોવા જોઈએ. જ્યારે RTI દ્વારા મળતી જાણકારી પ્રમાણે ખાતામાં માત્ર 1.5 કરોડ રૂપિયા જ બચ્યા છે. આ સંજોગોમાં સવાલ એ થઈ રહ્યો છે કે, બાકીના તમામ રૂપિયા ક્યાં ગયા. તે અંગેની તપાસ થવી જોઈએ.

## નૂપુર શર્માને સુપ્રીમકોર્ટ તરફથી મોટી રાહત, તમામ FIR દિલ્હી ટ્રાન્સફર કરવાના નિર્દેશ

ગુજરાત | વંદન

પયગંબર મોહમ્મદ વિશે વાંધાજનક ટિપ્પણી કરવા



બદલ ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલી નુપુર શર્માને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે નુપુર શર્મા વિરુદ્ધ નોંધાયેલી તમામ FIR દિલ્હી ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ અન્ય રાજ્યની પોલીસ જ્યાં એફઆઈઆર નોંધવામાં આવી છે, તેઓ તપાસ દરમિયાન પોતાનું સૂચન આપવા માંગે છે, તો તેઓ આપી શકે છે. નુપુરના વકીલે તમામ કેસને દિલ્હી ટ્રાન્સફર કરવાની અરજી દાખલ કરી હતી. 19 જુલાઈના રોજ થયેલી છેલ્લી સુનાવણીમાં કોર્ટે 10 ઓગસ્ટ સુધી નૂપુરની ધરપકડ પર રોક લગાવી હતી.

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# હરણાહોડા ગામના તળાવમાં કેમિકલવાળું પાણી છોડાતાં હજારો માછલીઓનાં મોત

■ ગ્રામજનોમાં રોષ, કંપનીની સામે પગલાં ભરવા માંગ

ગુજરાત | વંદન



માણસા તાલુકાના હરણાહોડા ગામના તળાવમાં કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવતાં હજારો માછલીઓના મોત થયા છે. ગામના તળાવની પાસે જ જીઆઈડીસી આવેલી હોવાથી કેમિકલ યુક્ત પાણી તળાવમાં છોડવામાં આવ્યું હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. તળાવમાં કેમિકલ યુક્ત પાણી છોડનાર કંપનીની સામે પગલાં લેવાની માંગણી જિલ્લા પંચાયતના સદસ્યે કરી છે.

સ્થાનિકોનો આરોપ છે કે, ગામના તળાવની પાસે જ જીઆઈડીસી આવેલી છે. આથી આ જીઆઈડીસીની કંપનીઓવાળાએ કેમિકલ યુક્ત પાણી ગામના તળાવમાં છોડવામાં આવ્યું હોવાથી માછલીઓ મરી જવા પામી છે. જોકે ગામના તળાવમાં કેમિકલ યુક્ત પાણી છોડતી કંપનીઓની તપાસ કરીને યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગણી પણ કરી છે. વધુમાં જણાવ્યું છે કે તળાવમાં કેમિકલ યુક્ત પાણી છોડવાથી ગામની જમીનની ફળદ્રુપતા ઉપર માઠી અસર થવાની શક્યતા રહેલી છે.

આથી કેમિકલ યુક્ત પાણીથી ગામની જમીન ફળદ્રુપતા ઘટવાથી તેની સીધી અસર ખેતીવાડીના પાક ઉપર પડશે. ઉપરાંત ગામના ભુગર્ભ જળ પણ દુષિત થવાની શક્યતા રહેલી છે. આથી જીઆઈડીસીમાં આવેલી કંપનીઓ દ્વારા કેમિકલ યુક્ત પાણીનો નિકાલમાં કોઈ નક્કર વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી ઉઠી છે. ઉપરાંત કેમિકલ યુક્ત પાણીનો કંપનીઓ દ્વારા પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નક્કી કરેલા નિયમોનુંસાર કરવામાં આવે તેવી માંગણી ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

## “દૂરથી દીઠો જાણે ડુંગરો”





માણસ બીજાને કામમાં તો ન આવે પણ ઘણી વખત બીજા ને નડતો હોય છે. જ્યારે વૃક્ષ હંમેશા બીજાને ફળ, ફૂલ, છાયડો, અને મૃત્યું બાદ લાકડું પણ અર્પણ કરતું જાય છે. પંખીને આશરો પણ આપે છે. અહીં લગભગ એક સદીથીઆ ડુંગર જેવું આંબલીનું ઝાડ કોઈને નડ્યા વગર રસ્તાની બાજુમાં ઉભુ છે. તેની બાજુમાં થઈને રસ્તો નીકળી જાય છે. જતાં આવતાં મોટા વાહનોના ઘસારાના કારણે તેની ડાળો વચ્ચેથી ગુફા જેવી જગ્યા થઈ ગઈ છે. શાંત ચિત્તે ઊભેલું આ આંબલીનું ઝાડ જાણે જતાં આવતાં મુસાફરોને રસ્તો બતાવી મંઝિલ સુધી પહોંચાડતું હોય તેવું તસ્વીરકારને લાગી રહ્યું છે. તે પોતે ભલે પોતાની મંઝિલે ન પહોંચે. તેનો આ આંબલીના ઝાડને અફસોસ નથી.

(ફોટો સ્ટોરીઃ અશોકસિંહ એ.ટાંક)

# ગાંધીનગરમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ કલોલમાં યોજાશે, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ધ્વજવંદન કરાશે

13મી ઓગસ્ટે કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવશે



ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લા કક્ષાના 15મી ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવશે. જિલ્લા પ્રભારી અને ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપશે. કલોલ ખાતે યોજાનારા જિલ્લા કક્ષાની ઉજવણીના સુચારુ આયોજન અર્થે આજે જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકના આરંભે જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યએ આઝાદીના 75મા વર્ષે યોજાનાર રાષ્ટ્રીય પર્વ જિલ્લા અને કલોલવાસીઓ માટે યાદગાર બની રહે તે રીતે ઉજવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સ્થળ, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને સ્થાનિક નાગરિકોની બેઠક વ્યવસ્થાની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ આવનાર તમામ નાગરિકો સુગમતાથી ધ્વજવંદન, પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી શકે તે રીતે વ્યવસ્થા કરવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. તા. 15મી ઓગસ્ટના રોજ કલોલ ખાતે યોજાનાર રાષ્ટ્રીય પર્વની ઉજવણીનું રિહર્સલ તા. 13મી ઓગસ્ટના રોજ સવારના 10 કલાકે યોજાશે

કર્મચારી મહામંડળની બેઠકમાં નિવૃતિ વયમર્યાદા વધારવા સહિતની માગ

# સરકારી કર્મીઓની ચીમકી, જૂની પેન્શન યોજના લાગુ ન કરાય તો હડતાળ કરશે

ગુજરાત | વંદન

પડતર પ્રશ્નો અંગે રાજ્યમાં હાલ વિવિધ કેડરના કર્મચારીઓ હડતાળ પર છે, ત્યારે રાજ્યના સૌથી મોટા કર્મચારી મહામંડળ દ્વારા પડતર પ્રશ્નો અંગે બોલાવેલી બેઠકમાં જૂની પેન્શન યોજના સહિતની માગણીઓ અંગે નિર્ણય નહીં લેવાય તો હડતાળ કરવા સહિતના કાર્યક્રમોની જાહેરાત કરાઈ છે.

મહામંડળ સાથે રાજ્યભરના કર્મચારીઓ જોડાયેલા છે, જેથી હડતાલની વ્યાપક અસર જોવા મળી શકે છે. રાજ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ ગીતાબા ચૌહાણે કહ્યું હતું કે, કર્મચારી મહામંડળની બેઠકમાં મહામંડળ સાથે સંલગ્ન મંડળોના પ્રતિનિધિ અને જિલ્લા યુનિટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં જૂની પેન્શન સ્કીમ શરૂ કરવા, કર્મચારીઓને રહેણાકના પ્લોટ ફાળવવા, નિવૃત્તિ વય મર્યાદા વધારા, વર્ગ 3 અને 4માં આઉટસોર્સિંગ બંધ કરી નિયમિત ભરતી કરવા સહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી.

અત્યાર સુધી પડતર પ્રશ્નો અંગે સરકાર તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી, ત્યારે સરકાર તાત્કાલિક નિર્ણય નહીં કરે તો રાજ્યવ્યાપી રેલી, માસ સીએલ, પેનડાઉન તથા અચોક્કસ મુદતની હડતાળ જેવા કાર્યક્રમો કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો છે. ઉપરાંત મહામંડળના લેટરપેડનો દુરૂપયોગ કરનાર સંજય પટેલ અને ગિરીશ પટેલ વિરૂદ્ધ કાર્યવાહી કરવાનું પણ નક્કી કરાયું છે.

### હાઈકોર્ટના આદેશ મુજબ ફિક્સ પગાર પ્રથા બંધ કરો

- નવી પેન્શન યોજના બંધ કરી, જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવી
- ફિક્સ પગારની પ્રથા બંધ કરીને હાઈકોર્ટના ચુકાદા મુજબ લાભ આપવા
- સાતમા પગાર પંચના બાકી ભથ્થા 2016ની અસરથી લાગુ કરવા
- કેન્દ્રના ધોરણે 10, 20 અને 30 વર્ષે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો
- 10 લાખની મર્યાદામાં કેશલેસ મેડિક્લેમ આપવા માટેની જોગવાઈ કરવી
- નિવૃત્તિની વયમર્યાદા 58 વર્ષથી વધારી કેન્દ્રની જેમ 60 વર્ષ કરવી.
- 30 જૂને નિવૃત્ત થતા કર્મચારીને એક ઈજાફા સહિત પેન્શન લાભ આપવો
- કર્મચારીના અવસાનના કિસ્સામાં વારસદારને ઉચ્ચક સહાયના બદલે અગાઉની જેમ જ ત્રણ મહિનામાં પૂરા પગારથી નોકરી આપવી.
- 45 વર્ષની વય બાદ કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવી
- વર્ગ-3 અને 4માં આઉટસોર્સિંગ દૂર કરી નિયમિત ભરતી કરવી.
- બદલીપાત્ર કર્મચારીઓને જિલ્લામાં અને બિનબદલી પાત્ર કર્મચારીઓને ગાંધીનગરમાં રાહતદરના પ્લોટની ફાળવણી કરવી.
- કર્મચારીઓને રહેણાકના પ્લોટ ફાળવવા
- લાંબા સમયથી પડતર રહેલા તમામ પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવો

# ગાંધીનગર જિલ્લાનાં જુદા-જુદા પોલીસ મથકના 22 કર્મચારી પીએસઆઈ બન્યા

આગામી સપ્તાહમાં આ કર્મચારીઓને પોસ્ટિંગ અપાય તેવી શક્યતા

ગુજરાત | વંદન

જિલ્લાનાં વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા 22 કર્મચારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર બન્યા છે. આગામી સપ્તાહમાં આ કર્મચારીઓને પોસ્ટિંગ અપાય તેવી શક્યતા જોવાઈ રહી છે. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને એએસઆઈ માટે પીએસઆઈની મોડ 2 પરીક્ષા વર્ષ 2019માં લેવાઈ હતી. પોલીસ વિભાગમાં 15 વર્ષની નોકરી પૂરી કરનારા અનેક કર્મચારીઓએ આ પરીક્ષા આપી હતી.

રાજ્યમાં પોલીસ વિભાગમાં 540 જગ્યા ખાલી માટે પ્રિલિમ પરીક્ષા 16 જાન્યુઆરી અને મુખ્ય પરીક્ષા 29 મેએ લેવાઈ હતી. જુલાઈ મહિનામાં પરિણામ જાહેર કરાયું હતું. જિલ્લામાંથી પણ અનેક કર્મચારીઓએ પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લાના અલગ અલગ પોલીસ મથકમા ફરજ બજાવતા 22 કર્મચારીઓ પીએસઆઈ બન્યા છે.

### પીએસઆઇ બનનાર કર્મચારીઓ

- **એલસીબી-1 :** વિરભદ્રસિંહ ગોપાલસિંહ, સંદીપભાઈ મહેન્દ્રભાઈ, ઘનશ્યામસિંહ ખુમાનસિંહ, એસઓજીના જશુભાઈ સવાભાઈ, હિતેન્દ્રસિંહ ભોપાલસિંહ
- **એલસીબી-2 :** જોગન્દરસિંહ મહરસિંહ, પેથાપુરના નરેન્દ્રસિંહ હિંમતસિંહ, વિષ્ણુભાઈ લાલજીભાઈ
- **સેક્ટર 21 :** દિલીપભાઈ વેચાતભાઈ
- **સેક્ટર 7 :** સુરેન્દ્રસિંહ કરણસિંહ, મૃગેન્દ્રસિંહ ભુપેન્દ્રસિંહ, બળદેવજી અજમેલજી
- **કલોલ સિટી :** વિનોદભાઈ હાલાભાઈ
- **કલોલ :** DySP કચેરીના વિજયસિંહ નટવરસિંહ, મહિપતસિંહ અજીતસિંહ
- **ચિલોડા :** વિજયકુમાર નવીનચંન્દ્ર, સાંતેજના રમેશભાઈ સોમાભાઈ
- **અડાલજ :** હાર્દિક પ્રવીણચંદ્ર, દિનેશકુમાર લલનભાઈ
- **CID IB પોલીસ ભવન :** જિતેન્દ્રસિંહ વિક્રમસિંહ
- **પોલીસ ભવન જી1 શાખા :** કમલેશસિંહ ઈશ્વરસિંહ
- **પોલીસ ભવન IB શાખા :** ભરતસિંહ નટવરસિંહ

આવકવેરા વિભાગે 7 દિવસમાં માંગ્યો ખુલાસો

# ગુજરાતના 3 લાખ કરદાતાઓને આઈટી વિભાગે નોટિસ આપી

ગુજરાત | વંદન




આવકવેરા વિભાગે પગારદાર અને સિનિયર સિટીઝન માટે રિટર્ન ભરવાની મુદત પૂરી થયાને માંડ અઠવાડિયામાં કર કપાત માટે કરદાતાએ લીધેલી છૂટ મુદ્દે નોટિસ ફટકારી છે અને એ મુદ્દે 7 દિવસમાં ખુલાસો માંગ્યો છે. રાજ્યમાં 3 લાખ કરદાતા અને અમદાવાદમાં અત્યાર સુધી 1 લાખ કરદાતાને આવકવેરા વિભાગે નોટિસ ફટકારી છે.

પગારદાર કરદાતાએ EPFનું વ્યાજ, હાઉસિંગ લોનનું વ્યાજ, મકાન ભાડાંની કપાત, મ્યુચ્યુઅલ ફંડ, શિક્ષણ ફી કે FDમાં કરેલા રોકાણ માટે કરેલા કરકપાતના દાવાનો ખુલાસો કરવા તેમજ જરૂરી દસ્તાવેજ સબમિટ કરવા ઓનલાઈન નોટિસ અપાઈ છે.

આ સાથે કરદાતા જો 10 દિવસમાં દસ્તાવેજ રજૂ ન કરે તો કરકપાતના દાવા નકારી ટેક્સની ડિમાન્ડ કાઢવામાં આવશે. એક ટેક્સ કન્સલ્ટન્ટના જણાવ્યા અનુસાર, કરદાતા ઈન્કમટેક્સે માંગેલા જરૂરી દસ્તાવેજ પૂરા ન પાડી શકે તો 30 ટકા લેખે ટેક્સ ભરવો પડશે.

ગુજરાત શિક્ષણ વિભાગનો નિર્ણય

# ધો. 9થી 12ના વિદ્યાર્થી હવે ગુજરાતી, અંગ્રેજી સહિતના માધ્યમ બદલી શકશે

ગુજરાત | વંદન



ધોરણ-9થી 12માં ગુજરાતી, અંગ્રેજી સહિતના માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રથમ સત્ર સુધીમાં માધ્યમ બદલી શકશે તેવો ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે કર્યો છે.રાજ્યની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી, ગુજરાતી સહિતના અલગ અલગ માધ્યમમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ માધ્યમ બદલી શકતા નથી, જેને પરિણામે તેમને તકલીફ પડે છે ત્યારે અલગ અલગ માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્મય બદલવાની તક આપવામાં આવે તેવી માગણી વાલીઓ અને વિદ્યાર્થીઓએ કરી હતી.

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શિક્ષણ સમિતિની બેઠકમાં ધોરણ 9થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા છૂટ આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, જેમાં ચર્ચાને અંતે કારોબારી સમિતિએ માધ્યમ બદલવા અંગે આદેશ કર્યો હતો.

# એક વર્ષમાં 26 લાખ રૂપિયા વધી PM મોદીની સંપત્તિ, ગાંધીનગરની જમીન કરી દીધી દાન

■ રહેણાંક પ્લોટમાં મિલકત દાનમાં આપ્યા બાદ તેમની પાસે કોઈ સ્થાવર મિલકત નથી

ગુજરાત | વંદન



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સંપત્તિ એક વર્ષમાં 26 લાખ રૂપિયા વધી છે. પીએમઓ દ્વારા આપવામાં આવેલી જાણકારીમાં આ વાત સામે આવી છે. તે પ્રમાણે પ્રધાનમંત્રીની પાસે કુલ 2.23 કરોડ રૂપિયાની સંપત્તિ છે. તેમાંથી મોટા ભાગના પૈસા બેન્કોમાં જમા છે. તમને જણાવી દઈએ કે પીએમ મોદી પાસે કોઈ અચલ સંપત્તિ નથી. એવું એટલા માટે કારણ કે તેમણે ગાંધીનગરમાં પોતાના ભાગની એક જમીન દાન કરી દીધી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયની વેબસાઈટ દ્વારા આપવામાં આવેલી લેટેસ્ટ જાણકારી પ્રમાણે પીએમ મોદીનું બોન્ડ, શેર કે મ્યૂચુઅલ ફંડમાં કોઈ રોકાણ નથી, પરંતુ તેમની પાસે સોનાની ચાર વીંટી છે. જેની કિંમત 1.73 લાખ રૂપિયા છે. મોદીની ચલ સંપત્તિ એક વર્ષના મુકાબલે 26.13 લાખ રૂપિયા વધી, પરંતુ તેમની પાસે કોઈ અચલ સંપત્તિ નથી, જેની કિંમત વર્ષ 2021, 31 માર્ચની સ્થિતિ અનુસાર 1.1 કરોડ રૂપિયા હતી.

પીએમઓની વેબસાઈટ પ્રમાણે 31 માર્ચ, 2022ની સ્થિતિ અનુસાર મોદીની પાસે કુલ 2,23,82,504 સંપત્તિ છે. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે એક આવાસીય જમીન ખરીદી હતી અને તેના તે ત્રણ અન્ય લોકોની સાથે સંયુક્ત રૂપથી માલિક હતા તથા તેમાં બધાની બરાબરની ભાગીદારી હતી.

તાજા જાણકારી પ્રમાણે, ‘અચલ સંપત્તિ સર્વે સંખ્યા 401/એ પર ત્રણ અન્ય લોકોની સાથે સંયુક્ત ભાગીદારી હતી અને તેમાંથી દરેકનો 25 ટકા ભાગ હતો.

# ST નિગમ મુસાફરની વસ્તુઓ મૂળ માલિકને પરત કરતાં 206 કર્મચારીનું સન્માન કરાશે

■ સ્વતંત્રતા પર્વની ઉજવણીએ કર્મચારીઓને પ્રશંસા પત્ર અને રોકડ પુરસ્કાર આપશે

ગુજરાત | વંદન

ફરજ દરમિયાન 1 લાખથી વધુ અને ઓછી રકમની વસ્તુ મૂળમાલિકને પરત કરી હોય તેવા 206 અધિકારી અને કર્મચારીઓનું એસ ટી નિગમ સન્માન કરીને રોકડ પુરસ્કાર આપશે. સ્વાતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ફરજ દરમિયાન વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને સ્વાતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે રોકડ પુરસ્કાર આપીને સન્માન કરશે.

તેમાં ભાવનગર, ગઢડા, પાલીતાણા, બોટાદ, ચંડોળા, અમદાવાદ, અમરેલી, બગસરા, ધારી, ઉના, પોરબંદર, વેરાવળ, ઉપલેટા, ગોંડલ, ધાંગધ્રા, વાંકાનેર, રાજકોટ, લીંબડી, વાપી, બિલીમોરા, આહવા, વડોદરા, ખંભાત, ખેડા, ભૂજ, મહેસાણા, વીસનગર, ઉંઝા, ચાણસ્મા, બેચરાજી, વિજાપુર, પાલનપુર, ડીસા, થરાદ, સુરત, નડિયાદ, બારડોલી, માંડવી, સોનગઢ, ઓલપાડ, ખેડબ્રહ્મા, બાયડ, ઝાલોદ, સંતરામપુર, બારીયા, ગોધરા, દાહોદ, હાલોલ, દ્વારકા ડેપોના ડ્રાઈવર, કંડક્ટર, એટીઆઇ, ટીઆઇ, લાઇન ચેકિંગ સ્ક્વોડ, વૉચમૅન, ડેપો મૅનેજર, વહીવટી અધિકારી, હેલ્પર, નાયબ ઈજનેર, સુરક્ષા અધિકારી, ભંડાર અધિકારી, વિભાગીય નિયામક, સિસ્ટમ એન્જિનિયર, જુનિયર આસિસ્ટન્ટ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થાય છે. તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો સ્વાતંત્ર પર્વની ઉજવણી દરમિયાન એસટી નિગમ દ્વારા સન્માન કરાશે.

ખનન | માણસાના અનોડિયા ગામે ગેરકાયદે રેતી ખનનથી લોકોમાં રોષ

# રેતી માફિયાઓ સામે કાર્યવાહી કરવાની જાગૃત નાગરિકોની માગણી

ગુજરાત | વંદન



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા અનોડિયા ગામની પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી ગેરકાયદે રેતી ખનન રેતી માફિયાઓ દ્વારા કરવામાં આવી રહ્યું હોવાનું ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યું છે. જેમાં સાબરમતી નદીના કિનારે આવેલા જોગણી માતાજીના મંદિર પાસેના કિનારેથી ગેરકાયદે રેતી ખનન કરવાથી આસપાસના વિસ્તારમાં અંદાજે 15થી 20 ફુટના ખાડા પડી જવા પામ્યા છે. આથી આવી રીતે ગેરકાયદેસર રેતી ખનન કરતા રેતી માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી ગામના જાગૃત્ત વ્યક્તિઓએ કરી છે.

જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી રેતી માટે ખાણ અને ખનીજ વિભાગ દ્વારા હરાજી કરીને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. તેના આધારે કોન્ટ્રાક્ટરો દ્વારા નદીના પટમાંથી રેતીનું ખનન કરવામાં આવે છે. પરંતુ સાબરમતી નદીના પટમાં અનેક જગ્યાએ રેતી માફિયાઓ દ્વારા ગેરકાયદે રેતીનું ખનન કરવામાં આવી રહ્યું હોવાની અવાર નવાર નદી કાંઠાના ગામના લોકોમાં બુમ ઉઠવા પામી છે. જોકે ગ્રામજનોની રજુઆત કરવા છતાં ગેરકાયદે રેતી ખનનની કામગીરી અટકાવવામાં આવતી નહી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

# ગાંધીનગરના ચિલોડામાં લીલું ઘાસ ખાતા 20 વાછરડાને ઝેરી અસર

પાંચના મોત થતાં ગાયોએ દુધ આપવાનું બંધ કર્યું

ગુજરાત | વંદન

ગાંધીનગરના મોટા ચીલોડામાં પશુપાલકના 20 વાછરડાને ફુડ પોઇઝનીંગની અસર થઇ હતી. લીલુ ઘાસ ખાધા બાદ અસર થયેલા પાંચ વાછરડા સ્થળ પર જ મોતને ભેટ્યા હતા. અન્ય 15 વાછરડાઓને વેટરનરી ડોક્ટરોની ટીમે સારવાર આપીને બચાવી લીધા હતા.

**વાછરડાઓ માટે ઘરે જ ઘાસ લાવતા** | આ ઘટનાથી પશુપાલક ઉપર ભારે આફત આવી પડી હતી. ચિલોડા ખાતે બનાસકાંઠાના પશુપાકલ વર્ષોથી વસવાટ કરે છે.

જે પૈકી ચિલોડામા પાટણના નાળીયા વિસ્તારમાં રહેતાં વિરમભાઈ ભરવાડ ગાયો તેમજ પશુપાલનનો વ્યવ્સાય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પશુપાલક તેમની તમામ ગાયો અને અન્ય ઢોરને ચરાવવા માટે બહાર લઈ જતા હતા, પરંતું વાછરડાઓ માટે ઘરે જ લીલુ ઘાસ કાપીને લાવતા હતા.

**15 વાછરડાઓને બચાવી લેવાયા** | ગઈકાલે રાબેતા મુજબ 20 જેટલા એકથી પાંચ વર્ષના વાછરડા માટે ઘાસ લાવ્યા હતા. ઘાસ ખાધા બાદ વાછરડાઓની તબીયત લથડવા લાગી હતી અને ટપોટપ મુર્છાઈને નીચે પડવા લાગ્યા હતા. પાંચ વાછરડાઓના તો તુરંત જ મોત નીપજ્યા હતા. જેથી પશુપાલક ફફડી ઉઠ્યા હતા.

# મચ્છરો મારવા પૈસાનો ધુમાડો, 17 કરોડ ખર્ચાયા

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ-મેલેરિયા વિભાગ તરફથી શહેરના સાત ઝોનમાં આવેલા વિવિધ વોર્ડમાં આવેલી મિલકતો ઉપરાંત જાહેર સ્થળોએ મચ્છરજન્ય રોગચાળાને કાબૂમાં રાખવા ફોગીંગની મદદથી મચ્છરને મારવા પાંચ વર્ષમાં ૧૭ કરોડથી પણ વધુની રકમનો ખર્ચ કર્યો છે.વર્ષ-૨૦૨૧-૨૨માં વિવિધ વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવા પાછળ રુપિયા ૪.૮૬ કરોડથી પણ વધુની રકમનો ખર્ચ કરવામાં આવ્યો હતો.આમ છતાં મચ્છરોનો ઉપદ્રવ વધવાની સમસ્યા ઠેરની ઠેર જોવા મળી રહી છે.

અમદાવાદમાં આ વર્ષે ચોમાસાની મોસમમાં મચ્છરજન્ય રોગના કેસો વધવાની સ્થિતિની વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ-મેલેરિયા વિભાગ તરફથી છેલ્લા પાંચ વર્ષમાં મચ્છરોના ઉપદ્રવને નિયંત્રિત કરવા માટે જે ફોગીંગની કામગીરી કરાવવામાં આવી છે એના જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા ચોંકાવી દે તેવા છે.વર્ષ-૨૦૧૭-૧૮માં ફોગીંગની કામગીરી પાછળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નહોતો. ઈન્ડોર રેસિડયુઅલ સ્પ્રેની કામગીરી કરાવવા પાછળ કુલ મળીને ૧.૭૨ કરોડથી વધુ રકમનો તથા મેન પાવર રાખીને વિવિધ સંસ્થાઓ દ્વારા કામગીરી કરાવવા પાછળ કુલ ૧.૪૫ કરોડ એમ કુલ મળીને એ વર્ષમાં ૨.૭૨ કરોડથી વધુની રકમનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ-૨૦૧૮-૧૯માં ફોગીંગની કામગીરી પાછળ ૯૯,૬૩૦ તેમજ ઈન્ડોર રેસિડયુઅલ સ્પ્રેની કામગીરી પાછળ કુલ ૨.૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત મેનપાવર રાખીને સંસ્થાઓ મારફત કામગીરી કરાવવા પાછળ ૮૦ લાખથી વધુના ખર્ચ સાથે એ વર્ષમાં મચ્છરજન્ય રોગના કેસને નિયંત્રણમાં રાખવા કુલ ૨.૯૯ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વર્ષ-૨૦૧૯-૨૦માં ઈન્ડોર રેસિડયુઅલ સ્પ્રેની કામગીરી માટે ૫૩.૨૧ લાખથી વધુની રકમ ખર્ચ કરવામાં આવી હતી. ઉપરાંત મેન પાવર રાખીને વિવિધ સંસ્થાઓ દ્વારા કરાવવામાં આવેલી કામગીરી પાછળ ૨.૪૮ કરોડની રકમના ખર્ચ સાથે તે વર્ષમાં કુલ ૩.૧ કરોડથી વધુની રકમનો ખર્ચ મચ્છરોને નાથવા કરવામાં આવ્યો હતો.

વર્ષ-૨૦૨૦-૨૧માં ફોગીંગ પાછળ ૭૪.૯૧ લાખ,ઈન્ડોર રેસિડયુઅલ સ્પ્રેની કામગીરી પાછળ ૨.૧૨ કરોડ તેમજ મેન પાવર રાખી સંસ્થાઓ પાસેથી કરાવવામાં આવેલી કામગીરી પાછળ ૧.૨૮ કરોડ એમ કુલ મળીને ૪.૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.વર્ષ-૨૦૨૧-૨૨માં ફોગીંગની કામગીરી પાછળ




૧.૭૪ કરોડ, ઈન્ડોર રેસિડયુઅલ સ્પ્રેની કામગીરી માટે ૧.૫૭ કરોડ તથા મેન પાવર રાખીને સંસ્થાઓ મારફત કરાવવામાં આવેલી કામગીરી માટે ૧.૫૫ કરોડ એમ કુલ મળીને ૪.૮૬ કરોડથી વધુ રકમનો ખર્ચ ગત વર્ષ દરમિયાન કરવામાં આવ્યો હતો.

ફોગીંગનો વધુ પડતો ઉપયોગ હાનિકારક

છેલ્લા કેટલાક વર્ષોથી મચ્છરના ઉપદ્રવને નાથવા માટે ફોગીંગ કરવાનો આગ્રહ રાખવામાં આવી રહયો છે.ફોગીંગનો વધુ પડતો આગ્રહ રાખવા સામે તબીબો દ્વારા લાલબત્તી ધરવામાં આવી રહી છે.જાહેર સ્થળોએ ફોગીંગનો ઉપયોગ કરવામાં આવે એ હજુ યોગ્ય છે એમ કહેતા તબીબી સૂત્રોનું કહેવુ છે કે,ફોગીંગ કરવાની કાર્યવાહી માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.આ કારણથી માનવીઓ ઉપરાંત પ્રાણીઓને શ્વાસ લેવામાં ગભરામણ થવાથી લઈ ભવિષ્યમાં ચામડીના રોગથી લઈ કેન્સર સુધીના રોગ થવાની સંભાવના પણ વધી જતી હોવાથી બને ત્યાં સુધી ફોગીંગનો ઉપયોગ ટાળવો હિતાવહ ભર્યો છે.

### સંઘર્ષ બાદ આખરે તૈયાર થયું રેલવે ઓવર બ્રિજ

## ખોખરા બ્રિજનું કોંગ્રેસ અને સ્થાનિક આગેવાનો દ્વારા સમાન્તર ઉદ્દઘાટન



ગુજરાત | વંદન

ખોખરા રેલ્વે ઓવરબ્રિજનું કામ છેલ્લા ૫ વર્ષથી મંદ ગતિથી ચાલતુ રહ્યું હતું. મંદગતિથી તૈયાર થયેલ બ્રિજ જેની પાછળ કેન્દ્ર સરકાર ના ૪૧ કરોડ મ્યુ.કોર્પોરેશન ના ૨૮ કરોડની માતબર રકમથી ખર્ચવામાં આવેલ છે. આ બ્રિજનું કોંગ્રેસના મ્યુનિસિપલ કાઉન્સિલરો ઈકબાલ શેખ, પૂર્વ મ્યુ.કાઉન્સિલર જ્યોર્જ ડાયસ, તસ્લીમ આલમ તિરમિઝી , ઝુલ્ફીકાર પઠાણ, યુવા કોંગ્રેસ અને સ્થાનિક આગેવાનો આમ જનતા સાથે સમાંતર ઉદ્ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીના કારણે બ્રિજ બનાવવામાં પાંચ વર્ષ થતા નાગરિકોએ ભોગેલી હાલાકી અંગે જેમાં અતિશબાજી, ઢોલ નગારા સાથે ભવ્ય કાર્યક્રમ યોજી તીવ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના કાર્યકરો બ્રિજ પાસે ઉદ્ઘાટન કરવા જતા પોલીસ દ્વારા બળ વાપરી એક કલાક સુધી રકઝક થઈ હતી. જેને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. સમાંતર ઉદ્ઘાટન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા હતા અને એકબીજાને મીઠાઈ ખવડાવી ઉજવણી કરી હતી.

### રક્ષાબંધનના પર્વ નિમિત્તે AMTSની ભેટ

## મહિલાઓ અને 10 વર્ષ સુધીના બાળકો બસમાં કરી શકશે ફ્રીમાં મુસાફરી

ગુજરાત | વંદન

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધનના તહેવારની સમગ્ર રાજ્યમાં ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવશે. AMTS વિભાગ દ્વારા રક્ષાબંધન નિમિત્તે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહિલાઓને રક્ષાબંધન તહેવાર નિમિતે AMTSમાં મુસાફરી ફ્રી રહેશે. જ્યારે 10 વર્ષથી નાના બાળકોને પણ મુસાફરી ફ્રી રહેશે. તમને જણાવી દઈએ કે અગાઉ માત્ર રક્ષાબંધન તહેવાર નિમિત્તે માત્ર 10 રૂપિયા ટીકીટ દર રખાયો હતો. પરંતુ હવે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે બાળકો અને



મહિલાઓ માટે મુસાફરી સંપૂર્ણ ફ્રી રાખવામાં આવી છે.

શહેરમાં એએમસી સંચાલીત એએમટીએસ દ્વારા બહેનોને રક્ષાબંધનની વિશેષ ભેટ આપી છે. અગાઉ આ દિવસે બહેન રૂ.10ની ટીકીટમાં સમગ્ર શહેરમાં એએમટીએસ બસમાં મુસાફરી કરી શકતી હતી. પરંતુ હવે સમય બદલાતા હવે સમય બદલાયો છે. AMCએ રક્ષાબંધન પર્વ નિમિત્તે મહિલાઓને મહત્વની ભેટ આપી છે. અમદાવાદ મહા નગરપાલિકાએ રક્ષાબંધન નિમિત્તે બહેનોને મોટી ભેટ આપતા રક્ષાબંધન તહેવાર નિમિતે મુસાફરી ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો છે. જેથી આ દિવસે AMTSમાં મહિલાઓ ફ્રીમાં મુસાફરી કરી શકશે. 10 વર્ષથી નાના બાળકોને પણ મુસાફરી ફ્રી રહેશે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય દિવસમાં બસમાં મનપસંદ ટિકિટનું ભાડું 35 જેટલું લેવાય છે, જ્યારે મહિલાઓ પાસેથી 20 અને બાળકો પાસેથી 10 રૂપિયા ટિકિટનું દર લેવાય છે. પરંતુ આ વખતે રક્ષાબંધનના દિવસે ટિકિટ ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો છે.

## કેજરીવાલે કહ્યું, 18 વર્ષથી ઉપરની મહિલાઓને એક હજાર રૂપિયા દર મહિને બેંક એકાઉન્ટમાં આપીશું

ગુજરાત | વંદન

આપ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે વૈષ્ણવદેવી સર્કલ પાસે ટાઉનહોલના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, આજે મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી છે તેમને પ્રણામ કરું છું. પહેલાં લોકો કહેતા હતાં કે, ગુજરાત ભાજપનો ગઢ છે અહીં કશું થાય એમ નથી. પરંતુ અમે લોકોને મળ્યાં તો ખબર પડી કે લોકો કેટલા ડરેલા છે અને કેટલા દુ:ખી છે. અમે આજે પાંચમી ગેરંટી મહિલાઓ માટે આપી રહ્યાં છીએ. ગુજરાતની 18 વર્ષની ઉપરની મહિલાઓને



દર મહિને એક હજાર રૂપિયા બેંક એકાઉન્ટમાં આપીશું.

વધુમાં કેજરીવાલે કહ્યું હતું કે, અમે પંજાબ અને દિલ્હીમાં જે વિકાસના કાર્યો તે હવે ગુજરાતમાં કરવા માંગીએ છીએ. અમે ભાજપ અને કોંગ્રેસની જેમ કરવા નથી માંગતાં. એમાં જનતાને કંઈ મળતું નથી. ભાજપ અને કોંગ્રેસનું સેટિંગ છે. પરંતુ પહેલીવાર જનતાને એવું લાગી રહ્યું છે કે, અમારી સમસ્યાનું સમાધાન થશે.

### નવરંગપુરા પોલીસે સીસીટીવીના આધારે આરોપીઓને ઝડપી પાડ્યાં

## પ્રેમિકાના મોજ શોખ પૂરા કરવા આંગડિયા પેઢીના કર્મચારીએ ₹ 44 લાખ ચાંઉ કર્યા

ગુજરાત | વંદન

પ્રેમિકાને મોજ શોખ કરાવવા માટે આંગડિયા પેઢીના કર્મચારીએ માલિક સાથે વિશ્વાસઘાત કર્યો છે. કર્મચારીએ ખોટી રીતે હવાલા કરી પેઢીમાંથી 44 લાખ ઉપાડી લીધા હતા અને ત્યારબાદ તેની પ્રેમિકાને લઈ રાજસ્થાન ગયો હતો. આરોપી કંપનીમાં લગાડવામાં આવેલ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. પોલીસે આરોપી અને તેના મિત્રની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, શહેરના સીજી રોડ પર એમ.કે.એન્ટરપ્રાઇઝ નામની આંગડિયા પેઢી આવેલી છે. આ પેઢીમાં આરોપી રવિ વાળંદ નોકરી કરે છે. આરોપી અને તેના મિત્રએ સાથે મળી 44 લાખ રૂપિયાનો કલોલના પી.એમ.આંગડિયા પેઢીમાં હવાલો કરાવ્યો હતો. જે પૈસાનો હવાલો રવિએ નોકરી કરતો એ જ આંગડિયા પેઢીમાંથી કરાવ્યો હતો. ત્યારબાદ આ બન્ને લોકો રુપિયા લેવા માટે ગયા હતા. રુપિયા લેતી વખતે કલોલ ખાતે આવેલ સીસીટીવી કેમેરામાં



તમામ ઘટના કેદ થઈ હતી. આ અંગેની ફરિયાદ નોંધાતા જ અગાઉ નવરંગપુરા પોલીસે આરોપી જીતેન્દ્ર પ્રજાપતિની ધરપકડ કરી હતી. જે બાદ સામે આવ્યું હતું કે રવિએ બન્ને જણાને પૈસા લેવા જવાનું કહ્યું હતું.

આરોપી તેની ગર્લફ્રેન્ડ અને પૈસા લઈ રાજસ્થાન ભાગી ગયો હતો. મુખ્ય આરોપી રવિ વાળંદ છેલ્લા ત્રણેક વર્ષથી એમ.કે.એન્ટરપ્રાઇઝ નામની આંગડિયા પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. પરંતુ પ્રેમિકા સાથે મોજશોખ કરવા લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.

## તહેવારોના પગલે અમદાવાદથી ગોવાનું એરફેર આસમાને :૧૪ હજારને પાર

ગુજરાત | વંદન

૧૫મી ઓગસ્ટની રજાઓમાં બહાર ફરવા જવાનું આયોજન કરી રહ્યા હોવ તો સામાન્ય કરતાં અઢી ગણું એર ફેર ચૂકવવું પડી શકે છે. વાત એમ છે કે, રક્ષાબંધન, બીજો શનિવાર અને સોમવાર એમ સળંગ રજાઓને પગલે અમદાવાદથી વન-વે એરફેરમાં તોતિંગ વધારો થયો છે.

૧૧ ઓગસ્ટના ગુરુવારે રક્ષાબંધનની જાહેર રજા છે ત્યારબાદ બીજો શનિવાર-રવિવાર આવે છે અને સોમવારે સ્વતંત્રતા દિવસ છે. આમ, શુક્રવારની એક દિવસની રજાની ગોઠવણી કરીને પાંચ દિવસના મિની વેકેશન માટે અનેક લોકો આયોજન કરી રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદથી ગોવા જવા માટેનું વન-વે એરફેર સામાન્ય દિવસોમાં રૂપિયા ૫ હજારની આસપાસ હોય છે અને તે હવે ૧૨ ઓગસ્ટમાં ૧૪ હજારને પાર થઇ ગયું છે. રજાઓ નજીક આવશે તેમ આ એરફેર હજુ ૧૫ હજાર સુધી પણ પહોંચે તેમ મનાઇ રહ્યું છે. અમદાવાદથી મુંબઈનું મહત્તમ વન-વે એરફેર વધીને હવે રૂપિયા ૬૪૨૭ થઈ ગયું છે.

ટૂર ઓપરેટરોના મતે ગોવા હંમેશાં ગુજરાતીઓ માટે વેકેશનમાં ફેવરિટ રહ્યું છે. ગોવા, જયપુર, બેંગાલરુ, દેહરાદૂન માટે ભારે માગને લીધે તેના એરફેરમાં વધારો થયો છે. આ ઉપરાંત તાજેતરમાં વિમાન માટેના ઈંધણની કિંમત વધતા તેના લીધે પણ એરફેર આસમાને જઈ રહ્યા છે. એરફેર ઉપરાંત આ ફરવાના સ્થળોએ આવેલી હોટેલ-રીસોર્ટ્સમાં પણ બૂકિંગ ફૂલ થવા લાગ્યા હોવાનું સામે આવ્યું છે.



અમદાવાદથી ક્યાં જવા માટે કેટલું એરફેર?

| સ્થળ | રજાઓમાં એરફેર | સામાન્યદિવસોમાં |
|---|---|---|
| ગોવા | રૂ. ૧૪, ૧૯૬ | રૂ. ૭,૫૦૦ |
| મુંબઇ | રૂ. ૬,૪૨૭ | રૂ. ૨,૫૭૪ |
| જયપુર | રૂ. ૮,૮૪૧ | રૂ. ૫,૦૦૦ |
| શિરડી | રૂ. ૭,૨૯૩ | રૂ. ૫,૦૦૦ |
| બેંગાલુરુ | રૂ. ૧૩,૫૬૬ | રૂ. ૮,૦૦૦ |
| દિલ્હી | રૂ. ૯,૩૬૭ | રૂ. ૫,૫૦૦ |
| દેહરાદૂન | રૂ. ૧૪,૧૯૬ | રૂ. ૭,૫૦૦ |
| ચંદીગઢ | રૂ. ૯,૪૭૧ | રૂ. ૬,૫૦૦ |

## નોકરીમાં આકસ્મિક મૃત્યુ થાય તો કોન્સ્ટેબલથી DG સુધીના અધિકારીના પરિવારને મળશે વધારાના 30 લાખથી 1 કરોડ


### પોલીસ કમિશનરે વિશેષ યોજના શરૂ કરાવી, સેલેરી એકાઉન્ટ ખોલનારી બેન્ક ફ્રીમાં વીમો આપે છે

ગુજરાત | વંદન

ચાલુ નોકરીએ આકસ્મિત મૃત્યુ પામનારા પોલીસકર્મી-અધિકારીના પરિવારને હવે પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી અને જૂથ વીમા ઉપરાંત વધારાના રૂ.30 લાખથી 1 કરોડ રુપિયા મળશે. કેટલીક નેશનલાઈઝ્ડ બેન્કોએ પોલીસ વિભાગ માટે સ્પેશિયલ સેલરી એકાઉન્ટ ખોલવાનું શરૂ કર્યું છે. જેમાં પોલીસકર્મીને રૂ.30 લાખથી રુ. 1 કરોડ સુધીનો વીમો તદ્દન ફ્રી અપાઇ રહ્યો છે.

અત્યારસુધી કોન્સ્ટેબલથી માંડીને ડીવાયએસપી સુધીના પોલીસકર્મી-અધિકારી જો 10 વર્ષની નોકરી દરમિયાન મૃત્યુ પામે તો તેમના પરિવારને રૂ.7-8 લાખથી માંડીને 20 લાખ સુધી જ મળતા હતા, પરંતુ આ યોજના હેઠળ હવેથી વધારાના રૂ.30 લાખથી 1 કરોડ મળશે. શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે ડીસીપી મુકેશ પટેલની આગેવાનીમાં એક ટીમ બનાવી હતી, તેમણે જુદી જુદી બેંકના અધિકારીઓ સાથે મીટિંગ કરી હતી. જેમાં બેંકો પોલીસના સેલરી એકાઉન્ટ પર ખાસ વીમા યોજનાનો લાભ આપવા સંમત થઈ હતી.

ગુજરાતના 14 પોલીસકર્મીના પરિવારને આ યોજના હેઠળ વધારાના રૂ. 30 લાખ મળી ચૂક્યા છે. જ્યારે 2 પોલીસકર્મીને 1-1 કરોડ ચૂકવવા માટે કાગળ પર કાર્યવાહી ચાલી રહી છે. જેથી ગુજરાતના તમામ પોલીસકર્મી-અધિકારીને જુદી જુદી નેશલનાઈઝ્ડ બેન્કમાં સેલરી એકાઉન્ટ ખોલાવીને આ વીમા યોજનાનો લાભ લેવા માટે ઉપરી અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તમામ નેશનલાઈઝ્ડ બેન્કો સેલેરી એકાઉન્ટ ખોલાવનારા પોલીસકર્મી-અધિકારીને ઈન્સ્યોરન્સનો લાભ આપે છે. પરંતુ તમામ બેન્કો આકસ્મિક મૃત્યુમાં રૂ.30 લાખનો વીમો આપી રહી છે. જ્યારે એક્સિસ બેન્ક આકસ્મિક મૃત્યુમાં રૂ.1 કરોડનો વીમો આપી રહી છે.



### 12,254 પોલીસ કર્મચારીને યોજનામાં આવરી લેવાયા - મુકેશ પટેલ, ડીસીપી ઝોન-4

આ યોજના અમલમાં આવી તે પહેલાં લગભગ 8 હજાર પોલીસકર્મી-અધિકારીના સેલરી એકાઉન્ટ જુદી જુદી બેંકમાં ચાલુ હતા. 4 હજાર પોલીસકર્મી એવા હતા કે જેમનો પગાર સેવિંગ ખાતામાં જમા થતો હતો. તે તમામ સેલરી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દઈને 12,254 પોલીસ અધિકારી-કર્મચારીને આ યોજનામાં આવરી લેવાયા છે.

### આતંકી હુમલામાં મૃત્યુ પામે તો 20 લાખ સહાય

એક્સિસ બેન્કમાં સેલરી એકાઉન્ટ ખોલાવનારા પોલીસકર્મીનું જો કોઈ આતંકવાદી હુમલામાં મૃત્યુ થાય તો પણ તેમના પરિવારને વીમાના રૂ. 20 લાખ મળશે. જ્યારે વિકલાંગતામાં અને એક્સિડેન્ટમાં રૂ. 1 કરોડનું વળતર મળશે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



બર્ફાની બાબા : શહેરના માણેકચોક વિસ્તારના પીપળેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે 75 કિલો ઘી અને 450 કિલો બરફમાંથી ભગવાન શંકરની પ્રતિમા બનાવવામાં આવી છે.



રક્ષાબંધન : શહેરના જમાલપુર વિસ્તારમાં મુસ્લિમ મહિલાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશાળ ફોટાને રાખડી બાંધી પેંડા ધરાવીને રક્ષાબંધનની ઉજવણી કરીને તેમના દીર્ઘાયુની પ્રાથના કરી હતી.



લોકાર્પણ : આખરે ચાર વર્ષ બાદ ખોખરા વિસ્તારમાં અનુપમ રેલવે બ્રિજના લોકાર્પણનું મહુર્ત નિકળ્યું અને મણિનગરમાં ભાજપના ધારાસભ્યો સુરેશભાઇ પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું, આ પ્રસંગે ભાજપના કાર્યકરો પણ હાજર હતા.



તિરંગા યાત્રા : શહેરના ગુજરાત કોલેજ ખાતે આવેલ શહીદ વીર કિનારીવાલાના સ્ટેચ્યુથી સાબરમતી ગાંધી આશ્રમ સુધી કોંગ્રેસ દ્વારા તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.

### ઘાટલોડિયાની જ્ઞાનદા ગર્લ્સ હાઇસ્કૂલની વિશાળ તિરંગા યાત્રા

## મુખ્યમંત્રીના મત વિસ્તારમાં 1551 ફૂટ લાંબા તિરંગાનું પ્રદર્શન




ગુજરાત | વંદન

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અન્વયે રાષ્ટ્રવ્યાપી આભિયાન “હર ઘર તિરંગા” કાર્યક્રમ અંતર્ગત 13થી 15 ઓગસ્ટ દરમિયાન દેશના સૌ નાગરીકો પોત-પોતાના ઘર, પ્રતિષ્ઠાન, કચેરી, કાર્યાલય, ઓફિસ પર તિરંગો લહેરાવે તે અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના મતવિસ્તાર ઘાટલોડિયામાં સોમવારે તિરંગા યાત્રાનો ફ્લેગ ઓફ કરાવીને પ્રારંભ કરાવ્યો હતો. જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કુલ દ્વારા આયોજિત આ તિરંગા યાત્રામાં શાળાની વિદ્યાર્થીનીઓએ 1551 ફૂટ લાંબા તિરંગા સાથે યાત્રા યોજી હતી. ઘાટલોડિયાના કે.કે.નગર પાસે ઉમિયા હોલથી પ્રભાતચોક સુધીના ગૌરવપથ પર યોજાયેલી તિરંગા યાત્રામાં કુલ 3 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈને તિરંગાનું ગૌરવ વધાર્યું હતું. આ યાત્રામાં વિશાળ તિરંગા સહિત રાષ્ટ્રપ્રેમની ઝાંખી કરાવતી વેશભૂષા, શારીરિક વ્યાયામ અને અંગ કસરત પ્રદર્શનો, સંગીત-નૃત્યો તેમજ દેશપ્રેમની ભાવના દર્શાવતા બેનરો અને પોસ્ટરો સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# રામલલ્લાના મંદિર માટેની પાવન જમીનના પાવન સોદામાં કાળી કમાણી.. એટલે શ્રીરામ સાથે ઠગાઈ..!

**ભગવાન** શ્રી રામની જન્મભૂમિ અયોધ્યામાં રામલ્લાનું ભવ્ય અને દિવ્ય રામમંદિર નિર્માણનું કાર્ય ધમધોકાર ચાલી રહ્યું છે. 2024 સુધીમાં મંદિર બનીને તૈયાર થઇ જશે અને કરોડો ભાવિક ભક્તો માટે મંદિરના દ્વારા ખુલ્લા મૂકાશે. સુપ્રિમ કોર્ટે આપેલી મંજૂરીના પગલે મંદિર નિર્માણ માટે જમીન ખરદવાની પ્રક્રિયા હાથ ધરાઇ ત્યારે તેમાં અયોગ્ય થયાની બાબતો બહાર આવી હતી અને એવુ કાંઇ નથી એવો બચાવ કરાયો. પરંતુ હવે તેમાં તથ્ય હોય તેમ જમીન કૌભાંડમાં અયોધ્યા નગરીના ભાજપના ધારાસભ્ય વેદપ્રકાશ ગુપ્તા, અયોધ્યાનગરીના મેયર ઋષિકેશ ઉપાધ્યાય અને અન્ય 40 જણાંના નામો દર્શાવવામાં આવ્યાં છે. તેમના મળતિયાઓએ લાખોના ભાવે જમીન ખરીદીને મિનિટોમાં કરોડોના ભાવે મંદિર ટ્રસ્ટને પધરાવીને અયોગ્ય રીતે નાણાં કમાવવાનો જે કિમિયો અપનાવ્યો



તેનાથી કરોડો હિન્દુ શ્રધ્ધાળુઓને આઘાત લાગે તે સ્વાભાવિક છે.

અયોધ્યામાં રામજન્મભૂમિ સ્થળે જ મંદિર નિર્માણ માટે કેટલાય કારસેવકોએ જાનની આહુતિ આપી અને જ્યારે મંદિર બનાવવાનો વારો આવ્યો ત્યારે તેમાંથી અયોગ્ય રીતે કાળી કમાણી કરવાના જે કારસા રચાયા તે યોગ્ય તો નથી જ. ભાજપના ધારાસભ્ય વેદપ્રકાશ ગુપ્તાની સંડોવણી ગંભીર કહી શકાય. કેમ કે મંદિર નિર્માણ માટે ભાજપે જ વર્ષો સુધી આંદોલન ચલાવ્યું અને ભાજપના જ ધારાસભ્ય પવિત્ર મંદિર માટેની પાવન જમીનના સોદામાં અયોગ્ય વ્યવહારો કરે તે ભાજપે ચલાવી લેવુ ન જોઇએ. ઉપરાત અયોધ્યા શહેરના પ્રથમ નાગરિક એવા મેટર પણ બહતી ગંગા મેં હાથ ધોવાનો પ્રયાસ કરે તે પણ ગંભીર જ છે.

મંદિર માટેની જમીનના સોદામાં આવા ગોટાળા ભાજપે પણ સહન કરવાને બદલે તેની તટસ્થ તપાસ કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવુ જોઇએ. કેમ કે આ જમીનનો સોદો કોઇ વાણિજય બિલ્ડીંગ બનાવવા માટે નહીં પણ કરોડો કરોડો હિન્દુઓની આસ્થાની સાથે જોડાયેલા ભગવાન શ્રીરામના મંદિર માટેની પાવન જમીનનો પવિત્ર સોદો હતો અને તેમાં જમીન દાનમાં આપવાને બદલે તેમાંથી કાળી કમાણી કરવી એ કાંઇ બહાદુરી તો નથી જ. દેશાના કેટલાય શ્રધ્ધાળુઓએ કરોડો રૂપિયાનું દાન મંદિર માટે આપ્યુ અને સ્થાનિક નેતાઓ મંદિર માટે દાનમાં જમીન ન આપી શક્યા હોત...?ચલો, દાનમાં ન આપે પણ નહીં નફો નહીં નુકશાનના ભાવે તો આપી શક્યા હોત તેના બદલે 20 લાખની જમીન અઢી કરોડમાં એટલે 10 ગણા વધારે ભાવે વેચીને કાળી કમાણી કરવી તે પાપની કમાણી કહેવાય.

રામમંદિર માટે કેટલાય લોકોએ ગોળીઓ ખાધી અને અયોધ્યાના સ્થાનિક રાજકારણીઓ મંદિર માટે ઉંચા ભાવે જમીન વેચીને જે કમાણી કરી તે આખરે ખુલ્લી પડી ગઇ છે. આવા સોદાથી ખુદ રામલ્લા નારાજ થયા હશે. અને થાય જ કેમ કે તેમાં આસ્થા અને શ્રધ્ધાની ધાર્મિક લાગણી જોડાયેલી હોવાથી ખોટુ બહુ લાંબુ ચાલતુ નથી. દોષિતોને ગુણદોષના આધારે યોગ્ય સજા થવી જોઇએ.

## જેમના નામથી શાંતિ માટે પુરસ્કાર અપાય છે એ આલ્ફ્રેડ નોબેલે ડાયનામાઇટની પણ શોધ કરી હતી...!

# વિશ્વના શ્રેષ્ઠ નોબેલ પુરસ્કારમાં પણ પણ વ્હાલા-દવલાં..!

### દવા કંપનીની સાથે સંકળાયેલા બે સભ્યોએ એ જ દવા કંપનીના રસીશોધકનેપુરસ્કાર આપ્યો..!

**આજ**ના યુગમાં માનવી માટે સમગ્ર વિશ્વમાં નોબેલ પુરસ્કારનું ખૂબ મોટુ મહત્વ છે. ભારતમાં જેમ કોઈને ભારત રત્ન મળે તો તેના માન-સન્માન વધી જાય તેમ વિશ્વમાં જેમને નોબેલ પુરસ્કાર મળે તે ધન્ય ધન્ય થઇ જાય. નોબેલ પુરસ્કાર મુખ્યત્વે મેડીકલ, વિજ્ઞાન, સાહિત્ય ક્ષેત્રના મહાનુભાવોને વધારે મળે છે. એક રીતે આ પુરસ્કાર થકી તેમની શોધને સમર્થન મળ્યુ એમ કહેવાય. ઘણીવાર અને લગભગ દરેક કિસ્સામાં નોબેલ પુરસ્કાર મળ્યા બાદ વિજેતાને દુનિયાના લોકો ઓળખતાં થતાં હોય છે.

નોબેલ પુરસ્કાર શાંતિ માટે અપાય છે. જેમણે દુનિયામાં શાંતિ સ્થાપવા કામ કર્યુ એવી વ્યક્તિ કે સંસ્થાને મળે છે. જેમને શાંતિ માટે નોબેલ પુરસ્કાર મળે તેનું નામ આધુનિક ઈતિહાસમાં આલેખાઈ જાય છે. શાંતિ માટે નોબેલ પુરસ્કાર મેળવવા માટે ઘણાં દેશોના વડાપ્રધાનો-રાષ્ટ્રપતિઓ લોબિંગ પણ ચલાવતા હોય છે.

નોબેલ પુરસ્કારો સૌ પ્રથમ 1901માં રજૂ કરવામાં આવ્યા હતા અને ત્યારથી તે વિશ્વના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર બની ગયા છે. જો કે આ પુરસ્કારોને પણ કૌભાંડોનો દાગ લાગ્યો હોવાના કિસ્સા નોંધાયેલા છે. જેમાં 60 લાખ યહુદીઓનો નરસંહાર કરનાર હિટલરનું નામ પણ શાંતિ માટેના પુરસ્કારના દાવેદારોમાં ઉમેરાયું હતું....! શંકાસ્પદ વિજેતાઓ અને હિતોના કથિત સંઘર્ષો એવા વિવાદોમાં છે જેણે ઈનામોને શંકાના દાયરામાં નાંખ્યા હતા. લગભગ સાત જેટલા નોબેલ પુરસ્કારો વિવાદમાં રહ્યાં છે. નવાઈ કે યોગાનુંયોગ એ છે કે જેમના નામે શાંતિ માટેનું વિશ્વનું સર્વોચ્ચ ખિતાબ નોબેલ પુરસ્કાર જેમના નામથી અપાય છે એ નોબેલ પારિતોષિકોના સ્થાપક આલ્ફ્રેડ નોબેલ સ્વીડિશ રસાયણશાસ્ત્રી, નાઈટ્રોગ્લિસરીન, ડાયનામાઈટ, ગનપાઉડર (દારૂગોળો), જેલિનાઈટના શોધક હતા.

નોબેલ પુરસ્કારના સ્થાપક, આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ સાથે પણ વિવાદ જોડાયેલા છે. ડાયનામાઈટ અને અન્ય વિસ્ફોટકોના સ્વીડિશ શોધક તરીકે, નોબેલની જાહેરમાં શ્રેષ્ઠ છબી નહોતી. હકીકતમાં, જ્યારે તેના જ નામધારી તેનો ભાઈ મૃત્યુ પામ્યો, ત્યારે એક ફ્રેન્ચ અખબારે તેને ડાયનામાઈટના શોધક નિધન પામ્યા એમ માનીને આલ્ફ્રેડ અંગે એવુ લખ્યું કે “મૃત્યુનો વેપારી મૃત્યુ પામ્યો” (મર્ચન્ટ ઓફ ડેથ) હેડલાઈનનો ઉપયોગ કરીને મૂળ નોબેલને મૂંઝવણમાં મૂક્યા હતા. .” નોબેલને તેમના વારસાને વધારવા માટે તેમના નામથી પુરસ્કાર આપવા પ્રેરિત કર્યા હતા.



1901થી 2021 સુધીમાં સુધીમાં 975 લોકો અને 25 સંસ્થાઓને વિવિધ નોબેલ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. વિજેતાઓમાંથી, માત્ર 47 મહિલાઓ હતી, જેમાંથી કેટલાક દાવો કરે છે કે ઈનામ સમિતિઓ મહિલાઓની અવગણના કરે છે. જોસલિન બેલ બર્નેલને લગતી કદાચ સૌથી જાણીતી કથિત બાબતોમાંની એક છે , જેમણે 1967માં પલ્સરની શોધ કરી હતી. પલ્સર એટલે બ્રહામાંડમાં એવા તારલા કે જે તરંગો મોકલે છે. જેને બ્રહામાંડમાં ડોકિયું કરવાની બબતને લઈને ખૂબ મોટી શોધ માનવામાં આવે છે.

તેમણે પોતાના સલાહકાર એન્ટોની હેવિશ સાથે એક સંશોધન પેપર પ્રકાશિત કર્યું હતું. જો કે, માત્ર હેવિશ અને અન્ય સાથીદાર, માર્ટિન રાયલે, 1974 માં પલ્સરની શોધ માટે ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. પરંતુ તેમાં જોસલિન બેલ બર્નેલની અવગણતા કરવામાં આવી હોવાના આરોપો નોબેલ પુરસ્કાર પસંદગી સમિતિ પર લાગ્યા હતા.

સૌથી વધુ વિવાદાસ્પદ નોબેલ પારિતોષિક શાંતિ માટેનું એક છે. સૌથી નોંધપાત્ર ઉદાહરણોમાં પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (PLO) ના નેતા યાસર અરાફાત છે. 1994માં તેમણે પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેની શાંતિ પ્રક્રિયાના અભિન્ન અંગ ઓસ્લો શાંતિ સંધિ પરના તેમના કામ માટે ઈઝરાયેલી યિત્ઝાક રાબિન અને શિમોન પેરેસ સાથે ઈનામ વહેંચ્યું હતું.




જો કે, ઘણા ટીકાકારોએ નોંધ્યું કે જ્યારે અરાફાત ફતાહ નામના સંગઠનના વડા હતા, ત્યારે PLO જૂથ આતંકવાદના કૃત્યોમાં રોકાયેલું હતું. આમ આતંકી સંગઠનના વડાને શાંતિ માટેનું નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યું...!

એડોલ્ફ હિટલર..? યસ, એડોલ્ફ હિટલર. એડોલ્ફ હિટલર જેમણે 60 લાખ યહુદીઓને ગેસ ચેમ્બરમાં રિબાવી રિબાવીને મારી નાંખ્યા એવાને શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યાં હતા...! નવાઈ લાગે છે ને...? અને હસવું પણ આવતું હશે 1939માં જ્યારે હિટલરનું નામ શાંતિ પુરસ્કાર માટે રજૂ કરવામાં આવ્યું ત્યારે મોટા ભાગના લોકોએ તેને ગંભીરતાથી લીધુ પણ વાસ્તવમાં એક સ્વીડિશ ધારાસભ્યએ તેનું નામ હંસી મજાક રજૂ કર્યું હતું. પરંતુ કોઈને તે રમૂજી લાગતું ન હતું. તેના બદલે, હિટલરના નામ પર હોબાળો મચી ગયો... અને હોબાળા ના મચે તો જ નવાઈ લાગે. કસાઈ, ઘાતક, ઘાતકી અને કેવા કેવા નકારાત્મક વિશેષણો ધરાવનાર બદમાશ હિટલરનામાંકન સમતિતિમાંથી ઝડપથી પાછું ખેંચી લેવામાં આવ્યું. જો કે, 1945 અને 1948 માં સોવિયેત નેતા જોસેફ સ્ટાલિનના નામાંકન બાબતે સમિતિમાં તમામ સભ્યોએ ગંભીરતાથી ચર્ચા કરી હતી.

જ્યારે મોટાભાગના લોકો નોબેલ પુરસ્કારને પોતાના જીલનનું મુખ્ય સન્માન માને છે, ત્યારે બે વિજેતાઓએ સ્વેચ્છાએ આ પુરસ્કારનો ઈનકાર કર્યો હોવાનુ પણ નોંધાયેલું છે.. જીન-પોલ સાર્ત્રે , જેમણે તમામ સત્તાવાર પુરસ્કારોનો ઈનકાર કર્યો હતો, તેમણે 1964નો સાહિત્ય પુરસ્કાર સ્વીકાર્યો ન હતો. 1974 માં તેમની સાથે લે હ્યુક થો પણ જોડાયા , જેમનું નામ અમેરિકાના હેનરી કિસિંજર સાથે, વિયેતનામ યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિ પુરસ્કાર માટે વહેંચવામાં આવ્યું.. જો કે, હ્યુક થોએ તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે “ વિયેતનામમાં હજી સુધી શાંતિ સ્થાપિત થઈ નથી...”

નોબેલ પારિતોષિકો પ્રત્યેના અણગમાને કારણે આ વખતે હિટલર દાવેદારોની યાદીમાં ફરી દેખાયો. જર્મન પત્રકાર કાર્લ વોન ઓસિએત્સ્કી, હિટલરના કટ્ટર વિવેચકને 1935નું શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યા બાદ આ પુરસ્કાર પર હિટલરે તેમનો ગુસ્સો ઠાલવ્યો હતો.કેમ કે તે પછી હિટલરે તમામ જર્મનોને નોબેલ પારિતોષિક સ્વીકારતા અટકાવ્યા અને તેના વિકલ્પ તરીકે કલા અને વિજ્ઞાન માટે જર્મન રાષ્ટ્રીય પુરસ્કારની રચના કરી. જોકે રિચાર્ડ કુહન (1938, રસાયણશાસ્ત્ર), એડોલ્ફ બ્યુટેનાન્ડટ (1939, રસાયણશાસ્ત્ર), અને ગેરહાર્ડ ડોમાગ્ક (1939, ફિઝિયોલોજી અથવા મેડિસિન) ને તેમના નોબેલ પુરસ્કારોને નકારવાની ફરજ પડી હતી, વિજેતાઓને પાછળથી તેમના ડિપ્લોમા અને ચંદ્રકો પ્રાપ્ત થયા હતા.

2008માં જાણીતા વિજ્ઞાની હેરાલ્ડ ઝુર હૌસેનને માનવ પેપિલોમા વાયરસ (એચપીવી) અને સર્વાઈકલ કેન્સર સાથે તેની લિંકની શોધ માટે શરીરવિજ્ઞાન અથવા દવા માટે પુરસ્કાર મળ્યો. સમસ્યા એ સર્જાઈ કે અસ્ટ્રાઝેનેકા, (જે .


(અનુસંધાન પેજ નં.6પર)

**ધર્મ**

# ભદ્રાકાળમાં રાખડી બાંધવી શા માટે વર્જિત, જાણો પૌરાણિક કારણ

**ભદ્રા**કાળનો સમય અશુભ હોય છે. પૌરાણિક કથાઓના મુજબ ભદ્રા શનિદેવની બેન છે. એવી માન્યતા છે જ્યારે માતા છાયાના ગર્ભથી ભદ્રાનો જન્મ થયો ત્યારે સૃષ્ટિમાં તબાહી થવા લાગી અને તે સૃષ્ટિને વિનાશ થવા લાગ્યો. સૃષ્ટિમાં જ્યાં પણ કોઈ પ્રકારના શુભ અને માંગલિક કાર્ય હોય છે ભદ્રા તે સમયે પહોંચીને બધુ નાશ કરી નાખે છે. આ કારણે ભદ્રાકાળને અશુભ માનવામાં આવે છે. તેથી ભદ્રા કાળ હોય તો રાખડી નહી બાંધવી જોઈએ. તે સિવાય પણ એક કથા છે. રાવણની બેને ભદ્રાકાળમા રાખડી બાધવાના કારણે રાવણના સામ્રાજ્યનો વિનાશ થઈ ગયો. આ કારણે જ્યારે પણ રક્ષાબંધનના સમયે ભદ્રાકાળ હોય છે તે દરમિયાન રાખડી બાંધવામાં નથી આવતી.

ભદ્રા દેવો અને દાનવોના સંગ્રામમાં ઉત્પન્ન થઈ હતી. તેનું મુખ ગર્દભી જેવું છે અને તેને પુંછડી તેમજ સાત હાથ અને ત્રણ પગ છે. તેની આંખ કોડી જેવી છે. ઉત્પન્ન થયા બાદ ભદ્રા શવ વસ્ત્રોને ધારણ કરી શવ પર સવાર થઈ અને દૈત્યોની સેનામાં પ્રવિષ્ટ થઈ. ભદ્રાએ અગ્નિ ધારણ કરી અને વાયુવેગથી દૈત્યોનો સંહાર કર્યો. આ કાર્યના કારણે તે શિવના કર્ણપદને પ્રાપ્ત થઈ. ત્યારબાદથી ભદ્રા ભગવાન શિવના કર્ણમાં નિવાસ કરે છે.



ભદ્રાનું ફળ

જે પોતાનું હિત ઈચ્છતા હોય તેમણે ભદ્રા કાળમાં લગ્ન તેમજ અન્ય શુભ કાર્યો કરવા જોઈએ નહીં. શુક્લ પક્ષમાં ચતુર્થી તેમજ એકાદશીના ઉત્તરાર્ધમાં તેમજ પૂર્ણિમા અને અષ્ટમીના પૂર્વાર્ધમાં ભદ્રા હોય છે. કૃષ્ણ પક્ષમાં તૃતીયા તેમજ દશમીના ઉત્તરાર્ધમાં અને ચતુદર્શી અને સાતમના પૂર્વાર્ધમાં ભદ્રા હોય છે. ભદ્રા કોઈપણ પ્રકારના કાર્યો માટે શુભ નથી.

કેવી રીતે જાણવું ભદ્રા વિશે

મીન, ધન, કન્યા, તુલા રાશિમાં ચંદ્ર હોય તો તે સમયે ભદ્રા પાતાળમાં હોય છે. વૃશ્ચિક, વૃષ, મિથુન તેમજ સિંહ રાશિગત ચંદ્ર હોય તો ભદ્રા ભૂમિ પર હોય છે અને મેષ, કર્ક, મકર, કુંભ રાશિમાં ચંદ્ર હોય તો ભદ્રા સ્વર્ગમાં હોય છે. ચતુદર્શીના રોજ ભદ્રા પૂર્વમાં હોય છે. અષ્ટમીએ અગ્ની કોણમાં, સાતમના દક્ષિણમાં, પૂનમ પર નૈઋત્યમાં, ચતુર્થી પર પશ્ચિમમાં, દશમ પર વાયવ્યમાં, એકાદશી પર ઉત્તરમાં અને તૃતીયા તિથિ પર ઈશાન કોણમાં ભદ્રા હોય છે.

**પુસ્તક પરિચય**




■ રિપલકુમાર પરીખ

# 1947ના નિર્ણાયક દિવસોની કથા

**વર્ષ** ૧૯૪૭નો ઑગસ્ટ મહિનો. જે મહિનાની ઘણાં દિવસો રાહ જોવાતી હતી. એક બાજુ હિન્દુસ્તાન અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થઈ રહ્યું હતુ તેની ખુશી હતી તો બીજી તરફ અખંડ હિન્દુસ્તાન ખંડિત થઈ રહ્યું હતું, ભારતના ભાગલા થઈ રહ્યાં હતાં તેનું ઘણું દુ:ખ હતું. વર્ષ ૧૯૪૭ના ઑગસ્ટ મહિનાના શરુઆતનાં એ પંદર દિવસ એવાં હતાં કે જ્યારે ભારતનું ભવિષ્ય નક્કી થવાનું હતું, તે અગત્યનાં, નિર્ણાયક એવાં પંદર દિવસોમાં અખંડ ભારતનું શિર્ષ નેતૃત્વ શું કરતું હતું? મુખ્યત્વે ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સરસંઘચાલક માધવરાવ સદાશિવરાવ ગોળવલકર ( શ્રી ગુરુજી ) અને લોર્ડ માઉન્ટ બેટન ક્યાં હતાં? તેમની દિનચર્યા શું હતી? શું તેઓની કથની અને કરનીમાં અંતર હતું? તે પંદર દિવસોમાં ભારતનાં હિન્દુઓ અને અલગ થનારા પાકિસ્તાનમાં રહેતાં હિન્દુઓની હાલત કેવી હતી? તે પંદર દિવસનો સાચો અને સંદર્ભો સાથેનો ઈતિહાસ આજસુધી દેશની પ્રજાની સામે નહતો આવ્યો. આવાં ખૂબ જ નિર્ણાયક એવાં ઑગસ્ટ, ૧૯૪૭નાં શરુઆતનાં તે પંદર દિવસની કથા એટલે આ અદ્ભૂત પુસ્તક ‘ તે પંદર દિવસ...’.

આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યાં છીએ. આઝાદીનાં ૭૫માં વર્ષની ઉજવણી આપણે ઘરે ઘરે તિરંગો લહેરાવીને કરવાનાં છીએ, તેવાં સમયે આપણે આપણો સાચો ઈતિહાસ જાણવો જોઈએ. ઈતિહાસની એ ક્ષણોને જીવંત કરતું આ અદ્ભુત પુસ્તક જરૂર વાંચવું જોઈએ. ‘ તે પંદર દિવસ...’, ૧ ઑગસ્ટ, ૧૯૪૭ થી ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ સુધીના એ પંદર દિવસનો ઘટનાક્રમ જાણવો જોઈએ.

ભારતીય વિચાર મંચ, અમદાવાદ જેમણે ઘણાં રાષ્ટ્રવાદી પુસ્તકો આપ્યાં છે, તેમણે આ આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. પ્રસ્તાવનામાં તેઓ લખે છે, ‘ ભારતીય વિચાર મંચ પ્રબુદ્ધ વાચકો સમક્ષ પ્રત્યેક વિષયનાં વિવિધ પાસાં મૂકી વિચાર કરવાની સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે એ આપ સૌ જાણો જ છો. એ જ હેતુથી આ પુસ્તક પણ ભા. વિ. મંચ આપની સામે પ્રસ્તુત કરી રહ્યાં છીએ. આ પુસ્તકનાં લેખક શ્રી પ્રશાંત પોળ અને અનુવાદક શ્રીમતી સુનીતિ કારુળકર બંને રાષ્ટ્રસેવાનાં વિવિધ કાર્યોમાં કાર્યરત છે અને તેનાં જ ભાગ તરીકે આ પુસ્તકનું લેખન અને અનુવાદ થયાં




છે. આ સામગ્રી પ્રકાશન માટે પરિશ્રમપૂર્વક ઉપલબ્ધ કરાવવા માટે મંચ આ બંને સ્વજનોનો પણ હાર્દિક આભાર માને છે. ‘

રાષ્ટ્રવાદી લેખક શ્રી પ્રશાંત પોળ મનની વાત કરતાં લખે છે, ‘ દેશનાં વિભાજન પર લખાયેલાં પુસ્તકો વાંચવાની શરૂઆત કરી. મન- મસ્તિષ્કમાં પ્રશ્નોનો ગૂંચવાડો નિર્માણ થવા લાગ્યો. અખંડ ભારતનું વિભાજન એ આપણા ઈતિહાસનું એક રક્તરંજિત પ્રકરણ છે. આ વિષય અંગે ઘણું બધુ લખાયું છે. એ વાત ભલે સાચી હોય , પરંતુ જેટલું લખાવું જોઈએ એટલું લખાયું નથી. લોકો સામે ઘણી બધી બાબતો - તથ્યો આવવાં જોઈએ, પણ આવ્યા નથી એ વાત પણ એટલી જ સાચી છે, અનિવાર્ય એટલું લખાયું નથી. ૧૦ થી ૧૫ લાખ લોકો ક્રૂરતાપૂર્વક થયેલા નરસંહારનો ભોગ બન્યા. આશરે એક કરોડ લોકો વિસ્થાપિત થયાં. આ ઘટના વિશ્વનાં ઈતિહાસમાં બહુ મોટી ગણાય. પરંતુ આ બાબત પ્રત્યે ભારતીયોના મનમાં ઉદાસીનતા જ જોવા મળે છે. કદાચ ભારતીયો આ દારુણ, દુ:ખદ, ભયંકર ઘટનાને યાદ કરવા જ માંગતા ન હોય...!! ઈતિહાસ સાથે સંપૂર્ણ પ્રામાણિક રહી, દેશ વિભાજનના ‘ તે પંદર દિવસ’ માં આ દેશનાં નેતૃત્વનો વ્યવહાર કેવા પ્રકારનો હતો એ પ્રસ્તુત કરવાનો નાનકડો પ્રયાસ માત્ર છે. ‘ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ ( ICCR ) નાં અધ્યક્ષ, ડૉ. વિનય સહસ્ત્રબુધ્ધે એ પ્રસ્તાવનામાં લખ્યું છે, ‘ શિષ્ટ અને રસપૂર્ણ શૈલી માટે જેમની લેખિની પ્રસિદ્ધ છે, એવા મારા મિત્ર, પ્રશાંત પોળે તેમનાં ‘ તે પંદર દિવસ ‘ પુસ્તકમાં સંશોધનની શિસ્ત, પોલિટિકલ કરેક્ટનેસના મનોભારમાંથી મુક્તતા અને તેની સાથે સાથે પ્રલેખન વાંચવું જોઈએ, તે માટે આવશ્યક મનોરંજન નિર્માણ કરવાની ક્ષમતા , આ ત્રણેય ઘટકનો ત્રિવેણી સંગમ અત્યંત પ્રભાવી રીતે સાધી બતાવ્યો છે. આ પુસ્તકની પહેલી વિશેષતા એટલે આ પુસ્તકના વિષયનું “ ફોક્સ” . સમગ્ર લેખન ફક્ત અને ફક્ત “ તે પંદર દિવસ” પર જ કેન્દ્રિત થયેલું છે; જે સમયખંડે- ૧ ઑગસ્ટ થી ૧૫ ઑગસ્ટનો ઈતિહાસ પ્રત્યક્ષ નિહાળ્યો હતો...! પ્રશાંતજીએ માહિતી એકઠી કરતી વખતે અને તેને રજૂ કરતી વખતે લીધેલી મહેનત પુસ્તકનાં પાને - પાને દેખાઈ આવે છે. તેમણે ક્યાંથી ને કોની પાસેથી, કેવી રીતે દુર્લભ ચિત્રો મેળવ્યા હશે? અને એ કારણે જ આ પુસ્તકનું સંગ્રહમૂલ્ય અનેકગણું વધી જાય છે. ‘

‘તે પંદર દિવસ...’ ની કથા રજૂ કરતું આ અદ્ભુત સચિત્ર પુસ્તક આધારભૂત સંદર્ભો સાથે રજૂ થયું છે, જેથી તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. આપણાં ઈતિહાસને એક નવી નજરે જોવો હોય તો આ પુસ્તક દરેક ભારતીયોઓ જરૂર વાંચવું જોઈએ. પુસ્તકમાંની તવારીખની અમુક વાતો માણીએ.

૧ ઑગસ્ટ, ૧૯૪૭ : ગાંધીજી શ્રીનગર પહોંચ્યા, ગાંધીજીનો આ પ્રથમ કાશ્મીર પ્રવાસ હતો. આ દિવસે ગાંધીજીએ એક પણ રાષ્ટ્રવાદી હિંદુની મુલાકાત લીધી નહીં. ૨ ઑગસ્ટ, ૧૯૪૭ : સરદાર પટેલની સૂચના અનુસાર આજે વિ. કે. મેનને એક પત્ર ઈંગ્લેન્ડમાંના ભારત વિશેના વિભાગના ડેપ્યુટી સેક્રેટરીને રજવાડાઓના ભારતમાં વિલીનીકરણ માટે લખ્યો.

૪ ઑગસ્ટ, ૧૯૪૭ : પાકિસ્તાનમાં સમાવેશ થનારા લાયલપુર જિલ્લાનાં જરનવાલામાં ‘ મુસ્લિમ નેશનલ ગાર્ડ ‘ની એક મિટિંગ ચાલતી હતી. ૧૫મી ઑગસ્ટ પહેલાં આ હિંદુ - શીખ વેપારીઓ અને ખેડૂતોને અહીંથી કેવી રીતે ઉખાડીને ફેંકી દેવા, ભગાડી મૂકવા, તેમની માલ-મિલકતને કેવી રીતે છીનવી લેવી, હિન્દુ યુવતીઓને કેવી રીતે ભગાડી જવી તેની યોજના બની રહી હતી.

૫ ઑગસ્ટ, ૧૯૪૭ : કરાંચીમાં ગોળવલકરજી ( ગુરુજી) નું ભાષણ, ‘ આપણી માતૃભૂમિ પર એક ખૂબ મોટી આફત આવી છે. માતૃભૂમિનું વિભાજન એ અંગ્રેજોની ‘ ભાગલા પાડો અને રાજ કરો’ ની નીતિનું પરિણામ છે. મુસ્લિમ લીગે જે મેળવ્યું છે; તે હિંસાનું તાંડવ કરી પ્રાપ્ત કર્યું છે. દુર્ભાગ્યે કોન્ગ્રેસ મુસ્લિમ લીગની સામે ઝૂકી ગઈ, શરણાગતિ સ્વીકારી. ‘૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ : દિલ્હીમાં મંત્રીઓનો દરબારહોલમાં સોગન વિધિનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે બેલીયા ઘાટ, કલકત્તામાં ગાંધીજી મુસલમાનોને સુરક્ષિત રહેવા દેજો. એવો પત્ર મંત્રીમંડળને લખતાં હતાં ત્યારે લાહોરમાં મુસ્લિમ ગુંડાઓએ, ઘાયલ હિંદુ - શીખ દર્દીઓને ભોજન પહોંચાડવા માટે જઈ રહેલા, સંઘ સ્વયંસેવક કુલવંત સિંહને ખુલ્લા રસ્તા પર, બપોરના સમયે, ચાકુના વાર કરીને, ઠાર કરી દીધો...!

**દેશ ભક્તિ**

# મુળજી : “ કાલનો દાડો કો’ક બીજાને કહી દયો, મારે તો ઝંડાને સલામી દેવા જાવું જ ઝોહે.”

સાપ્તાહિક ગુજરાત વંદન



**જીવન વહેણ**

અશોકસિંહ એ. ટાંક

મુળજીનું એકવડિયું શરીર. વાને થોડો ભીનો વાન. દેખાવે સાધારણ. મજૂરી કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરે. જેની પણ વાડીએ ખેત મજૂરી કરવા જાય ત્યાં મન દઈને કામ કરવાનું. કામચોરી તેને આવડે જ નહીં. પરંતુ તેનો એક નિયમ. જ્યાં મજૂરીએ ગયો હોય ત્યાં સાંજે ખેતરના શેઢે જ રોકડી મજૂરી લઈ ઘરે આવવાનો. વળતા ગામમાં દુકાનેથી તેલ, ચા, ખાંડ, બટેટા, ડુંગળી, મસાલા, રોજે રોજનું કરિયાણું રોકડે સાથે લઈને આવવાનું. સાથે પાંચ રૂપિયાના ભાગનું પેકિંગ પણ તેનાં લાડકા છોકરાં માટે રોજ લાવવાનું. જેની રાહ જોઈને તે શેરીના નાકે જ ઉભો હોય. રોજનું લાવીને રોજ ખાવા વાળો પરિવાર. રાત્રે મુળજી તેની વહુ, તેનો છોરો, ને ઘરડાં મા- બાપ શિયાળાની ઠંડીમાં ફળિયામાં ભઠ્ઠો પેટાવી તાપણી કરી બેઠા હોય, ને અલકમલકની વાતો કરતા હોય. ત્યારે દુનિયાનું આ સૌથી સુખીને સંતોષી કુટુંબ જોઈ ભગવાનને પણ આનંદ આવે.

મુળજી મોટાભાગે લખુભાની વાડીએ મજૂરીએ જાય. લખુભા ગામના મોટા ખેડૂત. તેને કાંઈનું કાંઈ કામ રહ્યા જ કરે. ને મુળજી કામનો સારો ને દાનતનો સાફ. એટલે બંનેનું કામ ચાલ્યાં કરે. મુળજી ને ક્યારેક આકસ્મિક પૈસાની જરૂર પડે તો લખુભા આપે પણ ખરા. મુળજી માથે લખુભાનું પાંચેક હજારનું લેણું ખરું.

છેલ્લા અઠવાડિયાથી મુળજી તાવની બિમારીમાં સપડાયો હતો. તેની સ્થાનિક ગામનાં ડોક્ટરની દવા ચાલું હતી. શરીરમાં નબળાઈ ઘણી જણાતી હતી. મુળજી અઠવાડિયાથી મજૂરીએ પણ જઈ શકયો ન હતો. બે દિવસથી બાટલા ચઢાવવાને લીધે થોડી રાહત થઈ હતી. આજે તે પથારીમાંથી ઊભો થઈ હરી ફરી શકતો હતો. કામે ન જઈ શકવાને લીધે, તેના ઘરનું અર્થતંત્ર ખોરવાઈ ગયું હતું. દવા અને ઘર ખર્ચ માટે તેણે લખુભા પાસેથી બીજા બે હજાર રૂપિયા લીધા હતા. લખુભા પણ કામ કરાવવાનાં લોભે પૈસા ધીરતા હતા. આજે બપોરે લખુભા ખબર પૂછવાના બહાને મુળજી કાલ વાડિએ આવી શકે તેમ છે કે નહીં તે જોવા આવ્યા હતા. મુળજીને આજે ઘણું સારું હતું.

“ તું કાલે વાડીએ આવી જા. કાલે બહુ ભીહનું કામ નથી. હું બહાર ગામ જવાનો છું, એટલે તું આખો દિવસ વાડીએ બેસજે અને રેઢીયાર ઢોરઢાંખરના આવે તેનું રખોપુ કરજે. તને આખા દાડાની મજુરી આપી દઈશ.” લખુભાએ કહ્યું.

મુળજીએ માથુ હલાવી હા પાડી. મુળજીનો છોરો સાંજનાં નિશાળેથી ભણી ઘરે આવ્યો. એટલે તેણે મુળજીને કહ્યું,

“ પપ્પા, કાલે ૨૬ મી જાન્યુઆરી છે. અમારા સાહેબે કિધું છે કે, તમારાં મમ્મી - પપ્પાને પણ સાથે ધ્વજ વંદન કરવા લેતાં આવજો. પછી સાંસ્કૃતિક પ્રોગ્રામ પણ છે...તમે આવશો ને....?”

મુળજીને ગયા વર્ષનો પ્રોગ્રામ યાદ આવ્યો. નિશાળે સાહેબ ભાષણ આપતાં હતાં તે યાદ આવ્યું. સાહેબ કહેતા હતાં, “ આપણાં દેશને આઝાદ કરવાં કેટલાંય વીરો શહિદ થયાં, ત્યારે આપણે આજે આઝાદીની મજા લઈ શકીએ છીએ.ને આપણાં જવાનો બર્ફીલી ઠંડી, ભીષણ વરસાદ કે ધોમધખતા તડકામાં ખડે પગે આપણી રક્ષા કરે છે. ત્યારે આપણે શાંતિથી રહી શકીએ છીએ. આ વીરો આટલી દેશભક્તિ બતાવે છે તો આપણી પણ કંઈક ફરજ બને ને? બીજું કાંઈ નહિ તો વર્ષમાં આવતાં બે રાષ્ટ્રીય તહેવારમાં આપણે ધ્વજ વંદન કરવાં આપણી નિશાળમાં હાજરી આપીને પણ આપણી દેશ ભક્તિ અદા કરી શકીએ. શું આપણે આપણા દેશ માટે આટલું પણ ના કરી શકીએ?”. સાહેબની આ વાત મુળજીના હાડેહાડમાં ઉતરી ગઈ હતી.

તેનાં છોરાએ ફરી કહ્યું, “ પપ્પા આવશો ને? “

ત્યારે મુળજી ભુતકાળ માંથી જાગ્યો. ને કહ્યું, “ હા, દિકરા કાલે તો આવવું જ પડેને..”

રાતે વાળું કરી આખું ઘર તાપણું કરી ફળિયામાં તાપતા હતાં. લખુભાને એમ થયું કે લાવને કાલનું મુળજી આવવાનો તો છે ને તે પાક્કું કરતો આવું. બહાર ખડકીએ આવી લખુભાએ ખોખરો ખાઈ અવાજ દિધો,

“ છે અલ્યા મુળજી ઘરે? “

અંદર થી અવાજ આવ્યો, “ આવો બાપુ અંદર આવતાં રહો.”

મુળજીની વહુ ઘૂમટો તાણી અંદર જતાં રહ્યાં. મુળજીએ ઊભા થઈ લખુભાને આસન આપ્યું. બધાં તાપવા લાગ્યાં. લખુભાએ મુળજીના સમાચાર પૂછવાની ઔપચારિકતા પતાવી. તાપણામાં બળતણ સંકોરતા સીધાં જ મુખ્ય મુદ્દા પર આવ્યાં ,

“ કાલે પાછો દાડીએ આવે છો ને? મારે બહારગામ જયાં વગર હાલે ઈમ નથી.”

મુળજીએ જરાક મુંજાયને કહ્યું, “ બાપુ, કાલે મારે નિશાળે જાવું જોશે. કાલે ૨૬ મી જાન્યુઆરી છે.એટલે ઝંડાને સલામી આપવા જાવું જોહે.”

લખુભાને આ અણધાર્યા જવાબની આશા નહોતી. તેણે જરાક અણગમો લાગ્યો, તો પણ પરાણે મો પર કૃત્રિમ હાસ્ય લાવી કહ્યું,

(અનુસંધાન પેજ નં.6પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

# ઝોમેટો કંપનીના 7.8 ટકાના શેર હોલ્ડીંગને ઉબરે વેચ્યું




ગુજરાત | વંદન

ઉબર ટેકનોલોજી નામની કંપનીએ ઝોમેટો કંપનીના શેર હોલ્ડીંગનો મહત્વપૂર્ણ હિસ્સો 61.22 કરોડની કિંમતમાં વેચ્યો છે. આ સોદો 50.44 ના શેર દિઠના ભાવે થવા પામ્યો છે. ખરીદનાર કંપની પીડેલીટી ઈમરજીંગ ફંડ દ્વારા આ શેરો ખરીદાયા છે. આ ઉપરાંત આઈસીઆઈસીઆઈ પ્રુન્ડેશિયલ લાઈફ ઈન્સ્યોરેન્સ શેર દિઠ 50.25 ના ભાવે 4.5 કરોડના શેરો ખરીદ્યા છે. જુન આખરમાં ઝોમેટો શેર હોલ્ડીંગની પેટર્નમાં ઉબેર ગ્રુપે 7.78 ટકાનું શેર હોલ્ડીંગ ધરાવતું હતુ. જેની ગણતરી કરતાં તે શેરની સંખ્યા 61.22 લાખ કરોડની કિંમતના થાય છે.

ઝોમેટોના શેર ખરીદનાર 20.7 લાખ શેરોમાં ઈન્ડિયન ફંડનો સમાવેશ થાય છે. જેમાં ફ્રેન્કલીન ટેમ્પલટન હસ્તકના શેરનો સોદો બીઓએફએ સિક્યોરીટીઝ મારફતે થવા પામ્યો છે. ઝોમેટોના શેરનો ભાવ 1 વર્ષમાં 60 જેટલો ઘટી 45 ની સપાટીએ પહોંચ્યો છે. કંપનીએ 30 જુન 2022 માં પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં 185.70 કરોડની કોન્સોલીડેટેડ ખોટ કરી છે, જે આગલા વર્ષે તમામ ગાળામાં ખોટ 359.70 કરોડની સપાટીએ હતી, જેમાં કોન્સોલીડેટેડ રેવન્યુ વધીને 1413.90 કરોડ થવા પામી છે. જે આગલા વર્ષના સમાનગાળામાં 844.40 કરોડની હતી. ઉબર દ્વારા એક વર્ષના લોકઈન પિરિયડ પુરા થયા પછી શેરો વેચ્યા છે. અત્રે ઉલ્લેખનયીય છે કે 26 જુલાઈના રોજ ઝોમેટોનો આઈપીઓના સ્ટ્રેટેજીક ઈન્વેસ્ટરો દ્વારા 4.25 કરોડની નુકશાની ઝોમેટોનાં શેરો રૂ. 44 ના ભાવે વેચ્યા છે. આઈપીઓ પુર્વે સ્ટ્રેટેજીક ઈન્વેસ્ટરો 4.25 કરોડની નુકશાની ઝોમેટોના શેરોમાં અનુભવી હતી. કંપનીના ફાઉન્ડ શ્રી દિપેન્દર ગોયેલ માત્ર 4.69 ટકાનું ઝોમેટોનું શેર હોલ્ડીંગ ધરાવે છે જ્યેર મોટા ઈન્વસ્ટરોની યાદીમાં ઈન્ફોએજ 7.10 ટકા અને એન્ટીટીન 7 ટકાનું શેર હોલ્ડીંગ ધરાવે છે. રીટેઈલ ઈન્વેસ્ટરો દ્વારા 4.4 ટકાના શેરો ધરાવતા હતાં જેનું મૂલ્ય 2.00 લાખ છે.

## બજારોનાં અંતરંગ

### અદાણી ટ્રાન્સમીશન કંપનીના નફામાં 61 ટકાનું ભારે ગાબડુ

જાણીતી અદાણી ગ્રુપની અદાણી ટ્રાન્સમીશન લીમીટેડે જુન 2022 માં પુરા થયેલ પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં નિરુત્સાહી કામગીરી દર્શાવી છે. કંપનીએ 61 ટકાનો ભારે ઘટાડો તેના નેટ પ્રોફીટમાં અનુભવ્યો છે. જ્યારે નેટ નફો 168 કરોડની સપાટીએ રહેવા પામ્યો છે. જે આગલા વર્ષે સમાન ગાળામાં નેટ નફો 433 કરોડ હતો. જો કે કંપનીના પ્રવક્તાના દર્શાયા મુજબ નેટ નફાના આંકડાની તુલના થઈ શકે તેમ નથી. કંપની 278 કરોડની માતબર રકમ કરવેરા માટે ફાળવી હોવાથી કંપનીની આવક ઘટીને 288 કરોડની સપાટીએ પહોંચી છે. તે માટે પ્રતિકુળ વિદેશી હુંડીયામળની પ્રતિકુળતા જવાબદાર પરિબળ છે.

### સ્ટીલને રોકતી નિકાસ-જકાત માટે સરકારનું સકારાત્મક વલણ

વૈશ્વિક બજારોમાં તાજેતરમાં સ્ટીલના ભાવોમાં મંદીના વલણો ઉદભવતા અને દેશમાં આંતરિક વપરાશ માટેની સ્ટીલની પ્રોડક્ટનો નિકાસ જકાત લાગુ પાડી હતી તેને સંપુર્ણ પણે ઘટાડી નાંખવામાં આવી છે. એક માહિતી મુજબ સ્ટીલની વિકાસ ઉપર 15 ટકાની વિકાસ જકાત લાદવામાં આવી હતી, જે સ્ટીલના ઉદ્યોગમાં અવરોધરુપપુરાર થઈ હતી. હવે આ બાબતમાં સરકાર દ્વારા પરિસ્થિતનો અભ્યાસ કરી સકારાત્મક નિર્ણય કરાતાં સ્ટીલની નિકાસ જકાત સંપુર્ણપણે નાબુદ થશે. જે પરિણામે સ્ટીલ પ્રોડેક્ટના ઉત્પાદન માટે સાનુકૂળતા અનુભવશે અને સ્ટીલની ઉત્પાદન ક્ષમતાનું વિસ્તરણનું કાર્ય તેમજ તે માટેનો મુડી ખર્ચ પ્રાપ્ત કરવાની સ્ટીલ પ્લાન્ટોની કાર્યવાહીને ઉત્તેજન પ્રાપ્ત થશે. સરકાર દ્વારા સ્ટીલ ઉદ્યોગના વિકાસને વધુ વેગવાન બનાવવા માટે વધુ સકારાત્મક પગલાં ભરવાનું આયોજન કરવાની બાંહેધરી આપી છે.

### અદાણીએ અમદાવાદ-મહેસાણા, વડોદરા-હાલોલ હાઈવે સંપાદન કર્યા

અદાણી ગ્રુપની અદાણી રોડ ટ્રાન્સપોર્ટે તાજેતરમાં મેક વાયર એશિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાસેથી વડોદરાથી હાલોલને સાંકળી લેતાં સ્ટેટ હાઈવે 87 નો 31.7 કિ.મી. નો પટ્ટો હસ્તગત કર્યો છે. આ ઉપરાંત અમદાવાદ-મહેસાણાને સાંકળી લેતા 51.6 કિ.મી. નો રોડનો પટ્ટો હાંસલ કર્યો છે. અદાણી રોડવેઝ રોડ ટ્રાન્સપોર્ટ લિ. ની પેટા કંપની ગુજરાત રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. મારફતે ઉપરોક્ત બે માર્ગો હસ્તગત કરાયા છે. હકિકતમાં આ અંગેનો 26.8 ટકાનો હિસ્સો આઈએસ એન્ડ એસ પાસે છે. બાકીનો હિસ્સો જે ગુજરાત સરકાર પાસે હતો તે અદાણી રોડવેઝ રોડ ટ્રાન્સપોર્ટ લિ.ને પ્રાપ્ત થયો છે. આધ્રપ્રદેશ સ્ટેટ ટોલ રોડ્સ પોર્ટફોલિયાના 100 ટકા હિસસો પણ સંપાદન કરેલ છે.

### ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે સાનુકૂળ સંજોગો: વેચાણમાં 50%ની વૃદ્ધિ

ઓટોમોબાઈલ ઉદ્યોગની પરિસ્થિતિ જુલાઈ મહિનામાં ગણનાપાત્ર પ્રમાણમાં સુધરવા પામી છે. ઓટોમોબાઈલ ઉદ્યોગ કાર ઉત્પાદકોમાં ટાટા મોટર્સની પ્રગતિનો ગ્રાફ ઉચ્ચ કક્ષાએ રહેવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ટાટા મોટર્સે વેચાણમાં 57 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે. જ્યારે ટોયેટો કિર્લોસ્કર જુલાઈમાં 60 ટકાની વૃદ્ધિ દર્શાવી છે. જો કે ગ્રાહકોને કાર પહોંચાડવાના કાર્યમાં મારુતિ સુઝુકી અગ્રેસર રહી છે. આગલા મહિનાની તુલનીમાં 82 ટકાની વૃદ્ધિ દર્શાવી છે અને કંપનીએ 850 કારનું વેચાણ કર્યું હોવાનું જાણવા મળે છે. મારુતિ સુઝુકીની કોમ્પ્કેટ્ કારનું વેચાણ વાસ્તવિક ધોરણે 17 ટકા વધ્યું છે. જ્યારે અન્ય ઉત્પાદક મહીન્દ્ર એન મહીન્દ્રની કારનું વેચાણ 33 ટકાના દરે વધ્યું છે. આ ઉપરાંત નિશાન મોટર ઈન્ડિયાએ 10 લાખ કારની નિકાસ વૃદ્ધિ હાંસલ કરી છે. નિશાનના ચેન્નઈ સ્થિત ઓટોમેટીક ઈન્ડીયા લિ. નામની 2010 થી પ્રવેશ કર્યો હતો. નિશાન મોટર ઈન્ડિયા અને દુનિયાનાં 108 દેશોમાં તે નિકાસ કરી રહી છે.

# સામાન્ય ઘટાડા સાથે શેરબજાર બંધ, નિફ્ટી 17550ની નીચે બંધ

ગુજરાત | વંદન

આજના કારોબારી સત્રના દિવસે ઘરેલૂ બજારમાં ઉતાર-ચઢાવ જોવાને મળ્યો. જ્યારે ઘરેલૂ બજાર મામૂલી ઘટાડાની સાથે બંધ થતા જોવા મળ્યા છે. અંતમાં નિફ્ટી 17550 નીચે બંધ થયા છે અને સેન્સેક્સ 58817 પર બંધ થયા છે.

જો કે મિડકેપ અને સ્મોલકેપ શેરો નબળાઈ જોવાને મળ્યા છે. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 0.15 ટકા ઘટીને બંધ થયા છે, જ્યારે નિફ્ટીના મિડકેપ 100 ઈન્ડેક્સમાં 0.16 ટકાનો વધારો દર્જ કરવામાં આવ્યો છે. બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.15 ટકા તૂટીને બંધ થયા છે.

અંતમાં બીએસઈના 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ 35.78 અંક એટલે કે 0.06 ટકાના ઘટાડાની સાથે 58,817.29 ના સ્તર પર કારોબાર કરી રહ્યા છે. જ્યારે એનએસઈના 50 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી 9.70 અંક એટલે કે 0.06 ટકા તૂટીને 17534.80 ના સ્તર પર કારોબાર કરી રહ્યા છે.

મિડકેપ શેરોમાં નેટકો ફાર્મા, ઑયલ ઈન્ડિયા, રાજેશ એક્સપોર્ટ્સ, એમઆરએફ અને 3એમ ઈન્ડિયા 3.88-10.19 સુધી લપસ્યા છે. જો કે મિડકેપ શેરોમાં આઈજીએલ, અદાણી પાવર, નિપ્પોન, સેલ અને આઈઆરસીટીસી 2.40-5.72 ટકા સુધી ઉછળો છે.

સ્મૉલોકપ શેરોમાં ડાયનેમિક પ્રોડક્ટ, એવરેસ્ટ કેન્ટો, સિક્વન્સ સાઈન્ટિફિક, એશિયન એનર્જી અને ગ્લોબસ સ્પિરિટ્સ 10.16-20 ટકા સુધી લપસ્યા છે. જો કે સ્મોલકેપ શેરોમાં કેમકોન સ્પેશલ, બીએફ યુટિલિટી, ફાઈન ઑર્ગેનિક્સ, મુંજાલ ઑટો અને ફેરકેમિકલ ઑર્ગેનિક 13.67-19.99 ટકા સુધી ઉછળા છે.

## GSTની વસુલાત જુલાઈ મહિનામાં 28 ટકાની વૃદ્ધિ પામી 1,48,955 કરોડની જંગી રકમ પ્રાપ્ત થઈ

જીએસટીની વસુલાત નો વૃદ્ધિ દર ઉંચો રહેવા પામ્યો છે. જુલાઈ મિહનામાં 148.995 કરોડની જંગી આવક થવા પામી છે. જો કે ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં જીએસટી કલેક્શન 1.68 લાખ કરોડની સપાટીએ હતું. ગયા વર્ષના જુલાઈ માસમાં કલેક્શન 116393 કરોડની સપાટીએ હતો. ચાલુ વર્ષના જુલાઈ માસમાં કલેક્શન સરકારને 335 ટકાની વૃદ્ધિનો લાભ પ્રાપ્ત થયો છે. જુલાઈ મહિનામાં જીએસટીની આવક 25751 કરોડની રહેવા પામી હતી, જ્યારે સ્ટેટ જીએસટી 328007 કરોડની રહેવા પામી છે. અને ઈન્ટીગ્રેટેડ જી(ની આવક 39518 કરોડની સપાટીએ રહેવા પામી છે. શેષ કલેક્શનનો આંકડો 10920 કરોડની સપાટીએ રહ્યો છે. હકીકતમાં જુલાઈ મહિનામાં પ્રસિદ્ધ થયેલ આંકડા વાસ્તવમાં જુન મહિનાના આંકડા છે. કુલ્લે 7.45 કરોડ ઈ-વે બીલ જનરેટ થયા હતાં. તેની સરખામણીમાં મે મહિનામાં 7.36 કરોડ ઈ-વે બીલ પ્રાપ્ત થયા હતાં. જીએસટી કાઉન્સિલ દ્વારા લેવામાં આવતાં સકારાત્મક પગલાની અસરે જુલાઈ મહિનામાં જીએસટી કલેક્શનમાં નોંધપાત્ર વધારો થયો છે.

# M&M કંપનીની ઓટો પેસેન્જર કારની માંગમાં જબરદસ્ત વૃદ્ધિ

■ ઉત્પાદન ક્ષમતા વધારવા કંપનીનું આયોજન

ગુજરાત | વંદન




મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીની ઓટો કંપનીએ દર્શાવ્યું છે કે તેમના દ્વારા ઉત્પાદન કરાતી ઓટોમોબાઈલ કારમાં એટલી બધી માંગ વધી છે કે તેની ઉત્પાદન ક્ષમતા કરતાં માંગ વધુ છે. સવિશેષ કરીને કંપની દ્વારા ઉત્પાદન કરાતાં સ્પોર્ટસ યુટીલીટી વેહિકલ (એસયુવી) ની માંગની વૃદ્ધિ કંપનીની નફા ક્ષમતા વધારવામાં કારણભુત બનશે.

ચાલુ નાણાંકીય વર્ષના સમયગાળામાં પેસેન્જર કાર નું વેચાણ 74 ટકા વધીને 149083 યુનિટ થવા પામ્યું છે. જે આગલા વર્ષના સમાન ગાળાની તુલનામાં 74 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ખરી નોંધનીય બાબત એ છે કે કંપની હસ્તક હાલમાં 273000 વ્હિકલનું અભુતપુર્વ બુકીંગ છે. આથી કંપની તેની ઉત્પાદન ક્ષમતામાં વિસ્તૃત કરવા માટે પ્રોગ્રામ ઘડી રહી છે. આવી જબરજસ્ત માંગની વૃદ્ધિ ભુતકાળમાં કદી અનુભવી નથી તેમ કંપનીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી રાજેશ જેજુરીકરે દર્શાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે માંગને પહ( કાર્યબદ્ધ છે, જોકે તેમણે કંપનીની ઉત્પાદન ક્ષમતા કેટલી વિસ્તૃત કરાશે તેવા પ્રશ્નનો જવાબ ટાળ્યો હતો.

સ્કોર્પીયો અને એસયુવી વ્હિકલનું બુકીંગ શરુ થવા પછી 30 જ મીનીટમાં 1 લાખ વ્હિકલનો ઓર્ડર કંપનીને પ્રાપ્ત થયો છે. આ આંકડો 180 બિલિયન જેટલો થવા પામ્યો છે. તેની પ્રવપર્તમાન કંપનીની ઉત્પાદન ક્ષમતાથી માસિક ધોરણે 6000 વ્હિકલ ઉત્પાદુ કરી શકે તેમ છે.

સેમી કંડક્ટરની અછતની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવા પામ્યો છે. જો કે કંપનીના ઉત્પાદન સેમી કંડક્ટરની પરિસ્થિતિ અત્યાર સુધી નડી છે. કંપની કંડક્ટર ચીપની તેની વવિવિધ લોકેશનથી પ્રાપ્ત કરી રહી છે. જો કે તાઈવાનમાં ઉદભવેલી યુદ્ધ પુર્વેની પરિસ્થિતિ વણસ્વાની શક્યતા છે. જેના કારણે કંડક્ટર ચીપની સપ્લાય લાઈનને અસર થશે. પરંતુ હજુ સુધી કોઈ અસર દેખાતી નથી.

કંપનીએ 30 જુન 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં 21.93 બિલિયન રૂપિયાનો ચોખ્ખો નફો દર્શાવ્યો છે. જે આગલા વર્ષના સમયગાળામાં 4.24 બિલિયન રુપિયાનો હતો. કંપનીની રેવન્યુ 48 ટકાની વૃદ્ધિ પામીને 284.12 બિલિયનની સપાટીએ પહોંચી છે. જો કે કંપનીના ઓપરેટીંગ માર્જીનમાં 11.4 ટકાનો ઘટાડો નોંધાયો છે.

# SBIનો નેટ નફો ઘટતાં શેરનો ભાવ 2.8% ઘટ્યો


ગુજરાત | વંદન

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એપ્રિલના ત્રિમાસિક સમયગાળામાં નફો વધુ ઝડપથી ઘટવાથી તેનો ઈક્વીટી શેરોનો ભાવ સોમવારે 2.8 ટકા ઘટવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બેંકીંગ તેના ચોખ્કા નફામાં 6.7 ટકાનો ઘટાડો અનુભવ્યો હતો. અને તેનો ચોખ્ખો નફો 6068 કરોડની સપાટીએ પહોંચ્યો છે. કંપનીની અન્ય આવક એમ.ટી.એમ.ના નુકશાનથી અસરગ્રસ્ત થવા પામી છે. આમ કંપનીના નિરાશાજનક પરિણામની અસરે એડલવાઈસ નામની બ્રોકરેજ કંપનીએ તેના શેરના ભાવ ઘટાડામાં જાળવી રાખવાની ભલામણ કરી છે. આ ઉપરાંત કોટક સિક્યોરીટી અને એલકેપી નામની બ્રોકેરેજ કંપનીએઓએ આ શેરના ઘટાડામાં શેરો ખરીદવાની ભલામણ કરી છે. સોમવારે સ્ટે(( નો ભાવ 515 બોલાયો હતો.

આ બેંકીંગ કંપનીની નોન પરફોમીંગ એસેટ્સ જે ગયા વર્ષની તુલનામાં 5.7 ટકા હતી તે ઘટીને 3.92 ટકા થવા પામી છે. જ્યારે તેની નેટ એમ.પી.એ. એક ટકાના લેવલે ઘટી છે. બેંકની નેટ વ્યાજની આવક આગલા ત્રિમાસિક સમયગાળામાં 12.9 ટકા વૃદ્ધિ પામીને 31893 કરોડની સપાટીએ પહોંચી છે.

# રિઝર્વ બેંકે રેપો રેટ વધારતાં તેની ઘેરી અસર MSME એકમો પર પડશે

ગુજરાત | વંદન




એમ.એસ.એમ.ઈ. એકમો પર ત્રીજી વાર રેપો રેટનો વધારો કરવાની રિઝર્વ બેંકે જાહેરાતના પરિણામે ફુગાવાજનક પરિસ્થિતિ વધુ ઉચ્ચ સ્તરે પહોંચશે. હકીકતમાં રેપો રેટ વધારવાનો હેતુ ફુગાવાને અંકુશમાં લેવાની વાત હતી. પરંતુ ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં રેપો રેટ વધારો કરવામાં આવતાં તેની ખુબ માઠી અસર એમ.એસ. એમ.ઈ. એકમો પર પડશે. હકીકતમાં ફુગાવાનું વિષચક્ર વિશ્વમાં વૈશ્વિક આર્થિક અને નાણાંકીય બાબતમાં માઠી અસર કરી રહી છે.

રેપો રેટ વધારાની નીતિથી વ્યાજના દરોમાં વધારો થશે. જેના પરિણામે નાણાં ઉછીના લેવાની પ્રક્રિયા વધુ મોંઘી થશે અને તેની સ્વાભાવિક અસરે એમ.એસ. એમ.ઈ. એકમો પર પડશે. આમ, આ પગલાથી ફુગાવો કેટલા અંશે અંકુશમાં આવશે તે બાબત પ્રશ્નાર્થ જેવી છે.

રેપો રેટમાં કરાયેલ વધારાની અસર એમ.એસ.એમ.ઈ. એકમો પર પડવાથી ઉત્પાદિત આઈટમોનાં ભાવ વધશે અને તેની અસર રૂપે માંગમાં ઘટાડો થવાની પરિસ્થિતિ સર્જાશે. આમ, રેપો રેટ ની વૃદ્ધિથી બેંકો દ્વારા ઉપલબ્ધ કરાતાં નાણાંનો પુરવઠો ઉપર તેની અસર પડશે. જેને પરિણામે નાણાં ઉછીના લેવાની નીતિમાં અવરોધ ઉભો થશે, જે ફુગાવાને કાબુમાં લાવવા વિપરિત અસર થશે તેમ માનવામાં આવે છે.

પરંતુ હકિકતમાં માઈક્રો અને નાના કદના સાહસો ઉપર તેની માઠી અસર પડશે. 30 જુન 2022 ના રોજ પુરા થયેલ સમયગાળામાં દેશમાં એકમોને બેંકો દ્વારા અપાયેલ ધિરાણમાં 13.7 ટકાની વૃદ્ધિ થવા પામી છે. જેનો આંકડો 14.24 લાખ કરોડની સપાટીએ પહોંચ્યો છે. આગલા વર્ષના સમાન સમયગાળામાં 11.55 લાખ કરોડ હતો.

# 158319 કરિયાણા સ્ટોર્સ દ્વારા MSME એકમો યુનિટનો દરજ્જો પ્રાપ્ત કરવા વિકલ્પ પસંદ કરાયો

ગુજરાત | વંદન



કેન્દ્ર સરકારે તાજેતરમાં એમ.એસ.એમ.ઈ. એકમો માટેની ગાઈડ લાઈન જાહેર કરતાં તેમાં ખૂબ પ્રતિસાદ સાંપડ્યો છે. જુલાઈ 2021 માં રીટેઈલ અને હોલસેલ ટ્રેડીંગ યુનિટો માટે જાહેર થયેલ નીતિને અંતર્ગત વધુ એકમો નવી પદ્ધતિને અપનાવી રહ્યા છે. મળતી માહીતી મુજબ 2.5 કરોડ રીટેલ અને હોલસેલ ટ્રેડરોસ્ બેંકો દ્વારા પ્રાયોરીટી સેક્ટર લેન્ડીંગ દ્વારા અપાતી સુવિધા પુરી પાડવાની નીતિ બહાર પાડી રહ્યા છે. તેની નોંધણી અસામાન્ય વૃદ્ધિ દર્શાવી રહી છે. કિરાણા સોટ્લ્સ ટ્રેડર્સ તેમના સ્ટોરના રજીસ્ટ્રેશન ( પોર્ટલ મારફતે રજીસ્ટ્રેશન કરાવવાની સફળતા અપાઈ છે. હવે હોલસેલ ટ્રેડનાં એમ.એસ. એમ.ઈ. એકમો ના પ્રાયોરીટી સેક્ટરની લેન્ડીંગની પોલીસી લાગુ પડાશે. આ મહત્વપૂર્ણ પરિવર્તનની સારી અસર રુપે ખેતી ક્ષેત્ર, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ માટે રિઝર્વ બેંકના નિયમ પ્રમાણે આવરી લેવામાં આવશે. એક્સપોર્ટ ક્રેડિટ, શિક્ષણ, હાઉસીંગ, સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિન્યુઅલ એનર્જી અને બીજા કેટલાંક ક્ષેત્રોને લગતાં નાનાં ટ્રેડર્સોએ કન્સેન્શનલ રેટ્સથી પ્રાયોરીટી સેક્ટર લેન્ડીંગ પ્રાપ્ત કરવાની ઓફરને આવકારી છે.

# અબજોપતિ મિ. વોરેન બુફેટ 44 મિલિયન ડોલરની એપલ સહિતના શેરોમાં ખોટ કરી

ગુજરાત | વંદન

અમેરિકન અબજોપતિ મિ. વોરેન બુફેટની બેકશાયર હેથવે નામની કંપનીએ 2022 ના બીજા ત્રિમાસિક સમયગાળામાં 4.38 બિલિયન ડોલરની ખોટ કરી. આ માટેનું કારણ તેમની કંપની હસ્તકના ઈન્વેમ્સટમેન્ટ પોર્ટફોલીયોના સ્ટોક હોલ્ડીંગમાં ભારે ગાબડુ પડ્યું છે. તેમના પોર્ટફોલીયો શેર હોલ્ડીંગની કિંમત 53 મિલિયન ડોલરનો ઘટાડો થયો છે.

જો કે તેમની કંપની શેર માર્કેટમાં આવેલા ઘટાડાના સંજોગોનો લાભ લેવા માટે પ્રયાસ કરી રહી છે. હકીકતમાં તેમની કંપની હસ્તક એ કેટેગરીના શેરોમાં ભારે ભાવ ઘટવાથી બીજા ત્રીમાસિક સમયગાળામાં 297.54 કરોડ ડોલરની ખોટ થવા પામી છે.

જે શેરોના ભાવો ઘટ્યા છે અને તેનું ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓના હસ્તકમાં છે તે કંપનીની યાદીમાં એપલ આઈએનસી, બેંક ઓફ અમેરિકા કોર્પોરેશન, અમેરિકન એક્સપ્રેસ બેંક, આ બંધી કંપનીઓના ભાવો એપ્રીલના ત્રિમાસિક સમયગાળામાં 21 ટકાનો ભારે ઘટાડો અનુભવ્યો છે. પરંતુ આ શેરનો બીજા ત્રિમાસિક સમયગાળામાં નીચે જવાથી ફરીથી ઉપર જવાબની શક્યતા દર્શાવાઈ રહી છે. કંપની દ્વારા 90 જેટલી કંપનીનું ગણનાપાત્ર ઈન્વેસ્ટમેન્ટ તેમના પોર્ટફોલીયોમાં છે. આ કંપનીના શેરોમા નોંધાયેલ ઘટાડા સમયે સપ્લાય ચેઈન ખોરવાઈ જવાથી તે કંપની માટે ઉંચી કોસ્ટના પ્રતિકુળ સંજોગોનો સામનો કરવો પડ્યો છે. આ માટે કોવિડ-19 ને કારણે વળસેલી નાણાંકીય પરિસ્થિતિ જવાબદાર છે. તેમના દ્વારા ખરીદેલા શેરોના ભાવ 6.15 મિલયન ડોલર હતાં તે પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં 1.1 મિલિયન ડોલર થયા છે. ચાલુ નાણાંકીય વર્,માં ચોથા ત્રિમાસિક સમયગાળામાં 11. 6 મિલિયન ડોલરની કેપની બેલેધાની કોર્પોરેશને હસ્તગત કરવાની કામગીરી હાથ ધરી છે.

# જાહેર ક્ષેત્રની સરકારની માલિકીની 4 વીમા કંપનીએ 4 વર્ષમાં 26000 કરોડની ખોટ કરી

ગુજરાત | વંદન

જાહેર ક્ષેત્રની ચાર વિમા કંપનીઓ હેલ્થ ઈન્સ્યોરન્સના સેટલમેન્ટમાં રહેલી ગંભીર ક્ષતિઓ અને ગંભીર ગેરરીતિઓના પરિબળને કારણે 4 વર્ષમાં 26000 કરોડની અધધ ખોટ કરી છે. આ માહિતી કોમ્પ્રોટલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) તેના અહેવાલમાં દર્શાવી છે. આ ચાર વિમા કનપીઓમાં ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની, યુનાઈટેડ ઈન્સ્યરન્સ કંપની, ઓરિએન્ટ ઈન્સ્યરન્સ કંપની અને જનરલ ઈન્સ્યરન્સ કંપનીનો સમાવેશ થાય છે. આ ખોટ થવાના કારણોમાં પ્રિમિયમના ઓછા દર અને રીટેઈલ પોલીસની તુલનામાં વધારે ક્લેઈમની ચુકવણી જવાબદાર પરિબળ છે. કેટલીક ઈન્સ્યરન્સ કંપની એક કરતાં પણ વધુ સમય પુનઃ ક્લેઈમની ચુકવણી કરી છે અને ચુકવણી થયેલ રકમનો આંકડો 4.92 કરોડ છે અને તેનાં કેસની સંખ્યા 792 છે.

યુનાઈટેડ ઈન્સ્યરન્સ કંપની 12532 કેસના કીસ્સામાં 8.60 કરોડ, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યરન્સ કંપની 39 કેસમાં 33 લાખની ચુકવણી કરી છે. વધુ આશ્ચર્ય પમાડે તેવી બાબત છે કે આ તપાસ યુનાઈટેડ ઈન્સ્યરન્સ કંપની ગ્રુપ ક્લેઈમ સહિત 2224 કેસોમાં પાસ થયેલા ક્લેઈમની રકમ કરતાં વધુ ચુકવણી કરી છે અને તેની પાછળ 3613 કરોડ વધુ ચુકવાયા છે.

# ગોદરેજ પ્રોપર્ટી દ્વારા 15 હજાર કરોડના ખર્ચે નવા પ્રોજેક્ટો 2023માં સ્થપાશે

ગુજરાત | વંદન



ગોદરેજ પ્રોપર્ટી દ્વારા ગોદરેજ ગ્રુપની કંપનીએ રૂ. 15 હજાર કરોડના ખર્ચે નવા હાઉસીંગ પ્રોજેક્ટો સ્થાપવાની યોજના ઘડી છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જમીન ખરીદવાની અને તેની સાથે સંયુક્ત સાહસથી જમીન માલિકી સાથે જોઈન્ટ વેન્ચર હાથ ધરવામાં આવશે. ગોદરેજ ગ્રુપની આ કંપની રીયલ એસ્ટેટ ક્ષેત્રની અગ્રગણ્ય કંપની છે. આ કંપની ના ચેરમેન શ્રી ફિરોઝ શાહ ગોદરેજ દ્વારા જણાવ્યું હતું કે ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં પ્રોપર્ટીનું સેલ્સ બુકીંગ સારા પ્રમાણમાં વધ્યું છે. કંપનીનું સેલ બુકીંગ એપ્રિલ-જુન 2022 ના સમયગાળામાં 2520 કરોડની સપાટીએ પહોંચ્યું છે. જે અત્યારુ સુધી એપ્રિલ-જુન 2022 સુધીમાં સર્વોચ્ચ છે. ચાલુ વર્ષના બાકીના ત્રિમાસિક સમયગાળામાં પરિસ્થિતિ સારી રહેશે. જો કે હાઉસીંગ પ્રાઈસમાં વૃદ્ધિ થવાથી અને વ્યાજના દરોમાં વૃદ્ધિ થવાથી તેની અસર બુકીંગ ઉપર માઠી અસર થવાની ભીતી છે. પરંતુ કંપની દ્વારા કન્સ્ટ્રક્ટ કરાતા હાઉસીંગ પ્રોજેક્ટની ગુણવત્તા સારી હોવાથી બુકીંગનો કોઈ વાંધો આવતો નથી. કંપની ચાલુ નાણાંકીય વર્ષમાં 10 હજાર કરોડની બુકીંગ પ્રાપ્ત કરવનો હેતુ ધરાવે છે. આ બાબતેં કંપનીએ તેના લક્ષ્યાંકના 25 ટકા જેટલો સંપાદન કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. સામાન્ય રીતે ત્રીજા અને ચોથા ત્રિમાસિક સમયગાળામાં બુકીંગની સ્થિતિ વધુ સધ્ધર રહેશે. કંપનીએ નક્કી કરેલા લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા મક્કમ વલણ અપનાવી રહી છે.

કંપનીએ 2021-22 ના વર્ષમાં 7861 કરોડની પ્રોપર્ટીનં વેચાણ હાંસલ કર્યું છે. જે 10 હજાર કરોડના વેચાણના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં મદદરૂપ પુરવાર થશે. ગયા વર્ષે કંપનીએ 7800 કરોડના પ્રોપ્રટીનું બુકીં કર્યું હતું. કંપનીની ભાવિ વિકાસ યોજના અંગે તેમણે જણાવ્યું હતું કે 20 રેસિડેન્સીયલ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ માટે કંપની 10 મીલીયન ચો.ફુટ જમીનનો વિસ્તાર પ્રાપ્ત રક્યો છે.

ગયા વર્ષે જે કંપની 6.5 મિલિયન ચો.ફુટનો હતો. મુંબઈ, એનસીઆર, પુણે, બેંગ્લુરુ ખાતેના પ્રોપ્ટી માર્કેટ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેની જમીન માલીકોને સંયુક્ત સાહસમાં આવરી લેવાની યોજના હાથ ધરવામાં આવી રહી છે.કંપની ચાલુ નાણાંકીય વર્ષમાં 15 હજાર કરોડના ગ્રોસ વેલ્યુના ડેલમેપમેન્ટ પ્રોજેક્ટો હાથ ધરશે.

કંપની 58 એકરનો પ્રોજેક્ટ નાગપુરમાં 1.5 મિલિયન સ્કે. ફુટના વિસ્તારમાં હાથ ધરવાની યોજના પણ ચાલુ વર્ષમાં અપનાવી છે. આ પ્રોજેક્ટથી 575 કરોડની માતબર રેવન્યુ પ્રાપ્ત થશે. કંપની આ ઉપરાંત મુંબઈમાં કાંદીવલી ખાતે હાઉસીંગ પ્રોજેક્ટ હાથ ધરવા માટે શિવમ રીયાલીટી સાથે રેસિડેન્શીયલ ગ્રુપનાં કરાર કર્યા છે.

આ ઉપરાંત કંપનીએ મુંબઈમાં કર્માઈલકલ રોડ નજીક 1.2 લાખ સ્કે.ફુટના વિસ્તારમાં લક્ઝુરીયસ રેસિડેન્શીયલ પ્રોજેક્ટો ડેવલપ કરવાની કામગીરી હાથ ધરી છે. સંપૂર્ણ માલિકીના પ્રોજેક્ટ મારફતે કંપનીના રેવન્યુ 1200 કરોડની એટલે કે 100 ટકા માલીકીની પ્રાપ્ત કરશે. આ ઉપરાંત કંપની ચેન્નાઈ, કોલકત્તા, કોચી, અમદાવાદ, ચંદીગઢ અને નાગપુરમાં પ્રોપર્ટી ડેવલપમેન્ટ ઉપર ધ્યાન આપી રહી છે.

# રેપોરેટની જાહેરાતથી જાહેર ક્ષેત્રોની બેંકો દ્વારા RLLR વધારવામાં આવ્યા

ગુજરાત | વંદન

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં રેપોરેટમાં 50 બેઝીક પોઈન્ટનો વધારો જાહેર કર્યા પછી જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા તેના આર.એલ.એલ.આર.રેટ્સમાં 5.40 ટકાનો વધારો જાહેર કરાયો છે. આ રેટ વધારાના બેંકોની યાદીમાં બેંક ઓફ બરોડા 7.95 ટકાનો આર.એલ. એલ.આર.રેટ નક્કી કર્યો છે. આ નવા આર.એલ.એલ.આર. શનિવાર તા. 6 ઠ્ઠી ઓગસ્ટથી અમલી બનવાના છે. જ્યારે પંજાબ નેશનલ બેંકે આર.એલ. એલ.આર. 7.40 ટકાથી વધારીને 7.90 ટકા, બેંક ઓફ ઈન્ડિયાએ 8.25 ટકાથી આર.એલ.એલ.આર. નક્કી કર્યો છે. જ્યારે સ્ટેટ બેંક ઓફ મહારાષ્ટ્રે 7.70 ટકાનો આર.એલ.એલ.આર. 11 ઓગસ્ટથી અમલી બનાવવાનું નક્કી કર્યું છે.

# 12 લાખ ટન ખાંડનો જથ્થો વિદેશમાં નિકાસ કરવાની સરકારે પરવાનગી આપી

ગુજરાત | વંદન

વિદેશી હુંડીયામણની પરિસ્થિતિને વધુ ઘનિષ્ઠ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ ઈરાદો જાહેર કરાયો છે. મળતી માહિતી મુજબ ભારતમાંથી 12 લાખ ટન ખાંડનો જથ્થો કેન્દ્ર સરકારે છુટ આપી છે. આ નિકાસ છુટની માહિતી મુજબ નિકાસ સંબંધે



નોટીફીકેશન નજીકના ભવિષ્યમાં જાહેર થશે. દેશના નિકાસકારો દ્વારા ખાંડની નિકાસના કરારો વિદેશ સાથે કરાયા હતાં. પણ વધારાનો કોટા જાહેર ન થતાં નીકસો અટકવી જવા પામી હતી. હવે સરકારે વધારાના કોટાની ખાંડની નિકાસ માટે છુટ આપી છે. દેશમાંથી 1 કરોડ ટનની ખાંડની નિકાસની મર્યાદા મુકી છે. આ બાબતે દેશના ખાડંના પુરવઠાની પરિસ્થિતિનો અભ્યાસ કરાયા પછી જ નિર્ણયલેવાયો છે. મીલોને ખાંડની વધારાની ખાંડનો નિકાસ છૂટ આપોય છે. તેમ ઈન્ડીયન સુગલ મીલ એસોસિએશને સરકાર તરફ રજુઆતને કારણે આ વધારાનો કોટા જાહેર થયો છે. આ મંજુરીના આધારે હવે સુગર મિલો બાકીનો જથ્થો વિદેશમાં કરી શકશે.

# ગર્ભાવસ્થા દરમિયાન ભૂલથી પણ આ ભૂલો ન કરતાં, બેકાળજી જોખમી સાબિત થઈ શકે

મહિલાઓ માટે ગર્ભાવસ્થા જીવનનો બહુ નાજુક તબક્કો હોય છે. આમ તો આ સમય અત્યંત સુખદાયક પણ હયો છે પણ એની સાથે સાથે ખાસ ખાસ ધ્યાન રાખવાનો સમય પણ હોય છે. ગર્ભાવસ્થા દરમિયાન નાન-નાની વાતોને વિશેષ કાળજી રાખવી પડે છે. આ સમયગાળા દરમિયાન થોડીક પણ બેકાળજી જોખમી સાબિત થઈ શકે છે.

**વારંવાર ન નીચે નમવું ના જોઈએ** | સગર્ભા સ્ત્રીઓએ વારંવાર વાંકા વાળવાનું ટાળવું જોઈએ, કારણ કે આનાથી ગર્ભ પર અનિચ્છનીય દબાણ આવે છે, પ્રી-મેચ્યોર ડિલિવરી થવાની શક્યતા વધી જાય છે. આવી સ્થિતિમાં, સાવરણી અને મોપ લગાવવા માટે લાંબી લાકડીનો ઉપયોગ કરો. બને ત્યાં સુધી સીડીને બદલે લિફ્ટનો ઉપયોગ કરો.

### લાંબા સમય સુધી ઊભા ન રહો

ગર્ભાવસ્થાની સ્થિતિમાં, ઘણી સ્ત્રીઓ સમજે છે કે, મોટા ભાગનું કામ ઉભા થઈને કરવું યોગ્ય છે, પરંતુ લાંબા સમય સુધી આમ કરવાથી ગર્ભાશયમાં વધુ દબાણ આવે છે. આ સ્થિતિમાં મહિલાઓએ 20 મિનિટથી વધુ સમય સુધી સતત ઊભા ન રહેવું જોઈએ. શક્ય તેટલું બેસીને કામ કરો.

### ખાવા-પીવા પર ખાસ ધ્યાન રાખો

ગર્ભાવસ્થા દરમિયાન ખાવા-પીવાની ખાસ કાળજી લેવી જોઈએ. જો તમે લાંબા સમય સુધી ખાલી પેટ ન રહો તો સારું છે. વચ્ચે વચ્ચે કંઈક ખાવાનું રાખો. તેલયુક્તઅને બિનઆરોગ્યપ્રદ ખોરાકથી દૂર રહો. તાજા ફળો, નારિયેળ પાણી, ફળોના રસ પીવાનું રાખો. તેનાથી શરીર હાઈડ્રેટ રહેશે.



### ભારે વજન ઉપાડશો નહીં

સગર્ભાવસ્થા દરમિયાન, સ્ત્રીઓએ ભારે વસ્તુઓ ઉપાડવાનું ટાળવું જોઈએ, જેમ કે સફાઈ કરતી વખતે ભારે પથારી અથવા સોફા ખસેડવું. પાણીની ડોલ વગેરે ઉપાડવું.

### આરામદાયક ફૂટવેર પહેરો

સગર્ભાવસ્થા દરમિયાન યોગ્ય ફૂટવેરની પસંદગી કરવી મહત્વપૂર્ણ છે. આ સ્થિતિમાં, હાઈ હીલ બિલકુલ ન પહેરો, તેનાથી ચાલવામાં તકલીફ થાય છે. આરામદાયકપગરખાં અને ચપ્પલ પહેરવાથી તમને આરામ મળશે.

# તંદુરસ્તી માટે લીંબુ લાજવાબ: લીંબુ પાણી પીવાના છે અગણિત ફાયદા

જ્યારે પણ કોઈ સ્વાસ્થ્યવર્ધક અને રિફ્રેશિંગ પીણાંની વાત કરવામાં આવે છે, ત્યારે તેમાં લીંબુ પાણીનું નામ ચોક્કસથી લેવામાં આવે છે. લીંબુમાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે જેના કારણે તે શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારે છે. જ્યારે તમારી રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે, ત્યારે તે સામાન્ય શરદી, ફ્લૂ અને મોસમી રોગોથી તમને બચાવે છે.

એટલું જ નહીં, લીંબુ પાણી શરીરને ડિટોક્સિફાય પણ કરે છે, જે વ્યક્તિને તેનું વજન નિયંત્રિત રાખવામાં મદદરૂપ થાય છે. સામાન્ય રીતે, લોકો માટે આવશ્યક માત્રામાં સાદુ પાણી પીવું શક્ય થતું નથી, તેથી જો લીંબુનું પાણી પીવામાં આવે તો તે શરીરના હાઈડ્રેશન સ્તરને જાળવવામાં મદદ કરે છે.

લીંબુ પાણીના અગણિત ફાયદા છે, પરંતુ તે તમને ત્યારે જ મળે છે જ્યારે તમે તેને યોગ્ય રીતે પીઓ છો. સામાન્ય રીતે લોકો તેનું સેવન કરતી વખતે કેટલીક નાની એવી ભૂલો કરે છે.

ખુબ વધારે પ્રમાણમાં પીવું : મોટાભાગના લોકો તેમના દિવસની શરૂઆતમાં લીંબુ પાણી પીવાનું પસંદ કરે છે. તે સમયે શરીરમાં મેટાબોલિક રેટ વધારે હોવાથી તે સમયે જો લીંબુનું પાણી પીવામાં આવે તો તેનાથી સ્વાસ્થ્યને ફાયદો થાય છે.

જો કે, આ સમય દરમિયાન તમારે તેના પ્રમાણ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. વહેલી સવારે એક ગ્લાસ લીંબુ પાણી પીવું પૂરતું છે. ધ્યાન રાખો કે તમે બે ગ્લાસથી વધુ લીંબુ પાણી પીતા નથી. વાસ્તવમાં, લીંબુ પ્રકૃતિમાં એસિડિક હોય છે, અને તેથી તેના વધુ પડતા સેવનથી શરીરમાં એસિડિટીની સમસ્યા થઈ શકે છે. એટલું જ નહીં, તેનાથી એસિડ રિફ્લક્સ થવાની શક્યતાઓ પણ વધી જાય છે.

ઠંડા પાણીમાં લીંબુ નીચોવીને પીવું : કેટલાક લોકો સ્વાદ માટે ઠંડા પાણીમાં લીંબુ નીચોવી તેનું સેવન કરે છે. તે પીવામાં સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ આમ કરવાથી તમને લીંબુ પાણીના પૂરતા ફાયદા મળતા નથી. તેથી, હમેશા હૂંફાળા પાણીમાં જ લીંબુનું સેવન કરવું જોઈએ, ખાસ કરીને વહેલી સવારે.

માત્ર લીંબુનો રસ ઉમેરવો : આ એક સામાન્ય ભૂલ છે જે મોટાભાગના લોકો કરે છે. સામાન્ય રીતે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત લોકો માત્ર લીંબુને પાણીમાં નીચોવી લે છે, પરંતુ તે યોગ્ય નથી. લીંબુની સાથે તમારે પાણીમાં મધ પણ નાખવું જોઈએ. લીંબુના પાણીમાં મધ મિક્સ કરીને પીવાથી તે પીએચ લેવલને સંતુલિત કરવામાં મદદ કરે છે. ઉપરાંત, તે વધુ સ્વાદિષ્ટ લાગે છે અને માત્ર ખાટું લાગતું નથી

આખો દિવસ લીંબુ પાણી પીવું : કેટલાક લોકોને એવી આદત હોય છે કે તેઓ દિવસની શરૂઆતમાંતો લીંબુ પાણી પીવે છે, પરંતુ દિવસમાં ઘણી વખત લીંબુ પાણીનું સેવન પણ કરે છે. પરંતુ લીંબુ પાણીનું વધુ પડતું સેવન પણ સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવતું નથી. તેનાથી તમને ટૂથ ઈનેમલની સમસ્યા થઈ શકે છે. તમે દિવસ દરમિયાન સાદા પાણીથી માંડીને નારિયેળ પાણી, છાશ અથવા અન્ય પ્રકારના ડિટોક્સ પાણીનું સેવન કરો તે સારું રહેશે.





# વહેલી સવારે ઘાસ પર ખુલ્લા પગે ચાલવું સ્વાસ્થ્ય માટે લાભદાયક

આજની બદલાતી અને ભાગદોડ ભરેલી જીવનશૈલીમાં આપણે આપણા સ્વાસ્થ્યની સારી રીતે કાળજી લઈ શકતા નથી. આવી સ્થિતિમાં સવારે ચાલવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. પરંતુ સવારે વહેલા ઉઠીને હળવા લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા થાય છે. હા, સવારે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી શારીરિક અને માનસિક તણાવ દૂર થાય છે. તેમજ લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી આંખોની રોશની સુધરે છે. આ સિવાય ડાયાબિટીસના દર્દીઓ માટે સવારે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું ફાયદાકારક છે. તો ચાલો જાણીએ સવારે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાના અદ્ભુત સ્વાસ્થ્ય લાભો વિશે.

### આંખોની રોશની સુધારવામાં ફાયદાકારક

આંખોની રોશની તેજ કરવા માટે સવારે વહેલા ઉઠીને હળવા લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી આપણા શરીરનું સમગ્ર દબાણ અંગૂઠા પર પડે છે અને આ બિંદુઓની મદદથી આંખોની રોશની તેજ બને છે.

### તણાવ દૂર કરવામાં ફાયદાકારક

તણાવ દૂર કરવા માટે, સવારે વહેલા ઉઠીને નરમ લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી મન શાંત રહે છે અને તણાવથી દૂર રહે છે. તેમજ મન ખૂબ હળવાશ અનુભવે છે. તેથી તણાવમાં દરરોજ સવારે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું જોઈએ.

### ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક

ડાયાબિટીસના દર્દીઓ માટે વહેલી સવારે નરમ લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાથી ડાયાબિટીસથી થતા ઘા સરળતાથી રૂઝાય છે અને ડાયાબિટીસ કંટ્રોલ કરવામાં મદદ મળે છે.

### સોજો ઘટાડવામાં ફાયદાકારક

સોજો ઓછો કરવા માટે સવારે વહેલા ઉઠીને હળવા લીલા ઘાસ પર ખુલ્લા પગે ચાલવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે લીલા ઘાસ પર ઉઘાડપગું ચાલવાથી પૃથ્વીના ઈલેક્ટ્રોનને એન્ટીઓક્સીડેન્ટ તરીકે કામ કરવામાં મદદ મળે છે અને તમારા શરીરમાં બળતરા ઓછી થાય છે.

# રક્ષાબંધનમાં સવારે ૧૧:૦૭થી બપોરે ૨:૨૨ જ શ્રેષ્ઠ મુહૂર્ત

શ્રાવણ સુદ પૂનમ આગામી ૧૧ ઓગસ્ટ-ગુરુવારે છે ત્યારે ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક સમાન તહેવાર રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવશે. આ વખતે સવારે ૧૧:૦૭થી બપોરે ૨:૨૨ અને રાત્રે ૮:૫૨થી ૧૦ દરમિયાન જ રાખડી બાંધવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત છે.

રક્ષાબંધનમાં દર વખતે કંઈ ને કંઈ વિઘ્નો તેમજ ભદ્રા વિષ્ટિ યોગને કારણે મુહૂર્તમાં ખૂબ જ તકેદારી રાખવી પડતી હોય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ભદ્રકાલમાં રાખડી બાંધવી અશુભ ગણાય છે. વાસ્તવમાં શાસ્ત્રોમાં કહેવાય છે કે ભદ્રા શનિ મહારાજની બહેન છે જેને બ્રહ્માજીએ શ્રાપ આપ્યો હતો કે જે પણ ભદ્રામાં શુભ કાર્ય કરશે તેને અશુભ ફળ મળશે. આમ રાહુકાલ અને ભદ્રાના સમયે શુભ કાર્યો કરવામાં આવતા નથી.



જ્યોતિષી ચેતન પટેલે જણાવ્યું કે, ‘આ વર્ષે શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધને સાંજે ૫: ૧૭ પહેલા જ રાખડી બાંધવી જોઈએ અને તે સમય માં ના થઈ શકે તો રાત્રે ૮:૫૧ એ ભદ્રા સમાપ્ત થઈ જાય પછી પણ કરી શકાય. જો શુભ સમય ની વાત કરીએ તો ૧૧ ઓગસ્ટે સવારે ૯:૩૫ થી પૂનમ તિથિ પ્રારંભ થાય છે અને ૧૨ ઓગસ્ટ શુક્રવારે સવારે ૭:૧૭ એ પૂર્ણ થશે. તેથી ૧૨ ઓગસ્ટ દિવસ પર્યંત શ્રાવણ સુદ પૂનમ તિથિ રહેવાની હોવાથી આજ દિવસે રક્ષાબંધન ઉજવાશે.

**આ વખતે સાંજે 5:17થી રાત્રે 8:51 ભદ્રા : રાત્રે 8:52થી 10 દરમિયાન પણ રાખડી બાંધી શકાશે**

# વાળ ખરવાના આ છે કારણો અને ઉપાય....

દરેકને જાડા, લાંબા અને કાળા વાળ જોઈએ છે, પરંતુ આજના યુગમાં, આધુનિક જીવનશૈલી અને ખોરાકને લીધે, તે જાળવવું ખૂબ મુશ્કેલ બન્યું છે. આજના યુગમાં, લાખો લોકો વાળ સંબંધિત સમસ્યાઓથી પીડિત છે. વાળને લગતી સમસ્યાઓ જેવી કે વાળ ખરવા, વાળ તૂટવા વગેરે સમસ્યા સામાન્ય બની છે. આ સમસ્યાઓથી બચવા માટે હજી સુધી કોઈ કાયમી ઈલાજ મળ્યો નથી. વાળને લગતી સૌથી સામાન્ય સમસ્યા વાળ ખરવાની છે. લાખો લોકો આ સમસ્યાથી પીડિત છે. વાળની ખરવાની પાછળ આધુનિક જીવનશૈલી અને વધતા જતા પ્રદૂષણ સૌથી મોટું કારણ માનવામાં આવે છે. આજના યુગમાં બગડતા આહારની અસર પણ વાળની સમસ્યાનું કારણ બને છે. વાળ ખરવાની સમસ્યાને ટાળવા માટે તમારી જીવનશૈલીમાં કેટલીક આદતો બદલવી ફાયદાકારક રહેશે.

પુરૂષોમાં વાળ ખરવાની સમસ્યાનું કારણ જિનેટિક હોય છે. એક ઉંમર મર્યાદા પછી તેમના વાળ મહિલાઓ કરતાં વધુ ઝડપથી ખરે છે. એવા પુરૂષોમાં જેમના પરિવારમાં પહેલાંથી જ કોઈ ટાલનું શિકાર હોય, વાળ ખરવાની સમસ્યા ઊભી થવાની શક્યતા વધુ હોય છે. આ સમસ્યાને મેન પેટર્નલ બાલ્ડનેસ કહેવાય છે. પુરૂષનાં હોર્મોન એન્ડ્રોજનનાં લીધે વાળ ખરવા લાગે છે. આ હોર્મોન ફોલિકલ્સને કમજોર બનાવે છે. જેનાથી ખરેલા વાળ ફરી ઊગવા અશક્ય બને છે. કેટલીક વાર વાળમાં ડ્રેન્ડ્રફ કે ફંગલ ઈન્ફેક્શન થવાના લીધે ટાલના નાના-નાના પેચ દેખાવા લાગે છે.




મહિલાઓમાં વાળ ખરવાનાં કારણો પોષણની ઉણપ વાળ પર જરૂર કરતાં વધુ સ્ટાઈલ અને ટ્રીટમેન્ટ લેવી, તાણ વગેરે હોય છે. વિટામિન અને હીમોગ્લોબીનની ઊણપ પણ મહિલાઓના વાળ કમજોર બનાવે છે. વાળમાં કેમિકલનો ઉપયોગ કે કોઈ સ્ટાઈલ માટે વાળને મૂળમાંથી જ દૂર કરવા વગેરેથી પણ વાળ ખરવાની સમસ્યા ઊભી થાય છે. આ ઉપરાંત, ગર્ભાવસ્થા પછી પણ મહિલાઓમાં થતું હોર્મોનલ પરિવર્તન વાળ ખરવાનું કારણ બની શકે છે.

**સમસ્યાથી છુટકારો** | વાળ ખરવા એક સામાન્ય સમસ્યા છે પરંતુ થોડીક સાવચેતી રાખવાથી તમે તેનાથી છુટકારો મેળવી શકો છો. વાળને વધારે પ્રોટીનની જરૂર હોય છે. પ્રોટીનની ઊણપથી વાળ રૂક્ષ અને નિસ્તેજ થઈ જાય છે. તેથી તેને જરૂરી માત્રામાં પ્રોટીન આપો. વાળમાં પર્મિંગ, ક્લરિંગ અને સ્ટ્રેટિંગ વગેરે કરવાનું ટાળો. શેમ્પૂ બદલવાની ભૂલ ન કરો.


મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો અને વાળને ધોયા પછી તેને સીરમ કે કંડિશનર લગાડો. નવશેકા તેલથી માલિશ કરો. તેનાથી વાળમાં ચમક જળવાઈ રહેશે. ભોજનમાં દૂધ, ફળ, લીલાં શાકભાજી, પીળાં શાકભાજી, માછલીનો સમાવેશ અવશ્ય કરો. ખૂબ પાણી પીઓ.

# ગુજરાતના સુંદર અને અદભુત પ્રવાસન સ્થળો, મન મોહી જશે...



ગુજરાત યાત્રાધામો, ડુંગરો, દરિયા, જંગલો અને રણ માટે જાણીતું છે. કુદરતે ગુજરાતને ઘણું આપ્યું છે. જો ફરવા જવું હોય તો ગુજરાતની બહાર જઈને નહી પણ ગુજરાતમાં રહીને પણ ઘણા સ્થળોની મજા માણી શકાય છે. જેમાં જંગલો, દરિયા, પહાડો અને મંદિરો સહિતના સ્થળોનો ઉલ્લેખ કરાયો છે. ચાલો એક નજર કરીએ આ સુંદર અને અદભુત પ્રવાસનના સ્થળો પર...

**દ્વારકા** ભગવાન શ્રીકૃષ્ણની નગરી એટલે કે દ્વારકા પ્રવાસન સ્થળોમાં લોકો માટે પહેલી પસંદ છે. દ્વારકામાં જગત મંદિર, ગોમતી ઘાટ, નાગેશ્વર, શિવરાજપુર બીચ જોવા લાયક સ્થળો છે. અહીંનું જગત મંદિરમાં ભક્તો વિશેષ સંરચના પ્રમાણે સ્વર્ગદ્વારેથી પ્રવેશ કરે છે. અને મોક્ષ દ્વારેથી મંદિરની બહાર નીકળે છે. દ્વારકાથી 30 કિલોમીટર નજીક બેટદ્વારકા આવેલું છે. વૈષ્ણવ સંપ્રદાય માટે દ્વારકા ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. દ્વારકાથી ફેરીબોટમાં બેસીને જળમાર્ગે બેટ દ્વારકા જઈ શકાય.



**ધોરડો સફેદ રણ (કચ્છ)** | કચ્છનું સફેદ રણ આપણને જમીન પર જ ચન્દ્ર પર હોઈએ તેવો સંપૂર્ણ અનુભવ કરાવે છે. અહીં ઘણા પ્રવાસો અને ઉત્સવોનું આયોજન કરવામાં આવતું હોય છે. અહીં કચ્છની પરંપરાગત-કલાત્મક વસ્તુઓ પણ મળે છે. કચ્છનું સફેદ રણ માત્ર ગુજરાત જ નહી પરંતુ વિશ્વભરના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. ક્ષારના કારણે રણની રેતીનો ભુખરો રંગ સફેદ થઈ જાય છે. ધરતીએ જાણે સફેદ ચાદર ઓઢી લીધી હોય તેવું દ્રશ્યમાન થાય છે. આથી આ રણને સફેદ રણ પણ કહેવામાં આવે છે. શીતળ ચાંદનીમાં આ રણનીનો નજારો કંઈક અલગ જ જોવા મળે છે.

**તારંગા (મહેસાણા)** | મહેસાણાના સતલાસણા તાલુકામાં તારંગા કે તારંગાહિલ નામે ઓળખાતી 1200 ફિટ ઉંચી ટેકરી આવેલી છે. મુખ્યરૂપે તો તે અરવલ્લીની પર્વતમાળાનો એક ભાગ જ છે. અહીંની પર્વતોની સુંદરતા જોવાલાયક છે. અહી સુંદર જૈન મંદિરો આવેલા છે. કુમારપાળે અહીં ભગવાન અજિતનાથનું સુંદર મંદિર પણ બનાવેલું છે. જૈન લોકો માટે આ સ્થળ શ્રદ્ધાનું કેન્દ્ર છે. મુલાકાત લેનારને સકારાત્મક ઉર્જા પ્રાપ્ત થાય છે.

**ગીરનું જંગલ (જૂનાગઢ)** | ગુજરાતનો સૌથી મોટું અભયારણ્ય વિસ્તાર એટલે ગીર. સાવજોની વસ્તી ધરાવતું આ અદભૂત સ્થળ પ્રવાસીઓને ખુબ આકર્ષે છે. ગીરના જંગલોમાં વૈવિધ્યસભર વૃક્ષો જોવા મળે છે. વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી લોકો પ્રકૃતિનું સાનિધ્ય માણે છે. ગીરનું જંગલ વરસાદ અને ઠંડીની ઋતુમાં સોળે કળાએ ખીલી ઉઠે છે. એશિયામાં માત્ર ગીર અભયારણ્યમાં જ ખુલ્લામાં સિંહો જોવા મળે છે. દેશ-વિદેશથી લોકો ગીરમાં સિંહો જોવા આવે છે.



**દીવ** | આમ તો દિવ કેન્દ્ર શાસિત પ્રદેશ છે. સરકારી રીતે ગુજરાતમાં ગણવામાં નથી આવતું પણ ભૌગોલિક રીતે તે ગુજરાત સાથે જ જોડાયેલું છે. દીવની ફરતે દરિયો છે. દીવમાં નાગવા બીચ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ઉપરાંત દીવનું આહલાદક વાતાવરણ પણ મનને ખુશ કરી દે તેવું છે. દીવમાં ઘોઘલા અને જલંધર બીચ પણ ફરવાલાયક સ્થળો છે. ઉપરાંત અહીની નાઈડા કેવ્સ પણ શાનદાર છે. દીવના દરિકા કિનારે બીચ સ્પોર્ટ પણ લોકોને આકર્ષે છે. દીવમાં અનેક હોટલો આવેલી છે. દીવથી સોમનાથ જવા ઈચ્છતા લોકોએ માત્ર 90 કિલોમીટરનું અંતર કાપવું પડશે.

# મેરા રંગ દે બસંતી ચોલા....

ભારત 75મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યુ છે. સાત દસકા પહેલા આજના દિવસે 15 ઓગસ્ટ 1947ના રોજ ભારતને અંગ્રેજો તરફથી આઝાદી મળી હતી. ભારતીય ઈતિહાસનો આ સૌથી મહત્વપૂર્ણ દિવસ છે. આપણે સૌએ સ્વતંત્રતા અપાવનારા વીરોની ગાથા સાંભલી છે. જેમને દેશને આઝાદ કરવા કુરબાની આપી. તમને ક્યારેક લાગતુ હશે કે 15મી ઓગસ્ટે જ સ્વતંત્રતા દિવસ કેમ... તો જાણી લો કે આ નિર્ણય ભારતના પ્રથમ ગવર્નર જનરલ લોર્ડ માઉંટબેંટને લીધો હતો. કારણ કે વર્ષ 1945માં આ જ દિવસે જાપાને બીજા વિશ્વ યુદ્ધના અંતમાં તેના સહયોગી દળના શરણે આવી ગયુ હતુ. 1947માં ભારતે અંગ્રેજો પાસેથી સ્વતંત્રતા મેળવી હતી. પણ આ સ્વતંત્રતા કેવી રીતે મળી હતી, કેટલા દેશભક્તોએ તેમનું જીવન કુરબાન કર્યું હતું, કેટલા શહીદો હસતે મો ફાંસીના માંચડે ચઢ્યા હતા, કેટલા લોકોએ બંદુકની ગોળીઓ ખાધી હતી. આવા અગણિત શહીદ વીર સપૂત, દેશભક્તોએ આઝાદી અપાવવા માટે લડાઈ લડ્યા હતા. આજે એ ઘડી આવી ગઈ છે કે તે મહાન લોકોને આપણે યાદ કરીએ, તેમને નમન કરીએ, વંદન કરીએ...

## એક ચપટી મીઠાએ અંગ્રેજોનો ઘમંડ તોડ્યો

ભારતને 15મી ઓગસ્ટ 1947ના રોજ અંગ્રેજોથી આઝાદ થયો હતો જ્યારે 15મી ઓગસ્ટ 2022ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશ 75મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યો છે. ત્યારે દેશને આઝાગ કરવામાં ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહ સહિતના અનેક લોકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.



મહાત્મા ગાંધીએ 12 માર્ચ 1930ના રોજ 78 લોકો સાથે દાંડી યાત્રા કાઢવવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીએ 12 માર્ચ 1930ના રોજે સાબરમતી આશ્રમથી દાંડી યાત્રા શરૂ કરી હતી અને 25 દિવસ બાદ 241 માઈલ દુર પાંચ એપ્રીલે દાંડી પહોચ્યાં હતા. જેમાં ગુજરાત પ્રાંતના 32, કચ્છના 6, કેરળના 4, પંજાબના 3, બોમ્બેના 2 અને સિંધ, નેપાળ, તામિલનાડુ, આંધ્ર, ઉત્કલ, કર્ણાટક, બિહાર અને બંગાળના એક-એકનો સમાવેશ થાય છે. ગાંધીજીએ તેમના પ્રવાસ દરમિયાન 11 નદી પાર કરી હતી. સુરત બાદ ડીંડોરી, વાંજ, ધામણ, નવસારીમાં પ્રવાસના અંતિમ દિવસોમાં પડાવ નાખ્યો હતો. છ માર્ચ 1930ના રોજ ગાંધીજીએ મીઠું બનાવીને કાયદો તોડ્યો હતો જેને કારણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એક નવો સંચાર થયો હતો.

દાંડીયાત્રાને મીઠાના સત્યાગ્રહના નામથી પણ ઓળખવામાં આવે છે. દાંડી યાત્રાને લઈને અલગ-અલગ પ્રકારના વિચારો સામે આવી રહ્યાં છે. ગાંધીજીના પ્રતિકાત્મક રૂપ બનેલા શ્રીધરે જણાવ્યું હતું કે આજના સમયમાં ગાંધીજીના વિચારો ઘણું જ મહત્વ રાખે છે. તેમનો સંદેશો આજે પણ લોકો સમક્ષ જીવિત છે.

## આવુ હતું આપણું આઝાદી પહેલાનું હિન્દુસ્તાન..



15મી ઓગસ્ટે અંગ્રેજોએ જે હિન્દુસ્તાનને આઝાદી આપી, એ પહેલાનું હિન્દુસ્તાન કેવું હતું એની કલ્પનાઆજની પેઢીને નહિં હોય. હિન્દુસ્તાનનો આસરે 75 ટકા ભાગ અંગ્રેજોના સીધા તાબામાં હતો, જ્યારે બાકીનો 25 ટકા ભાગ નાનામોટારાજાઓ અને રજવાડાઓના તાબામાં હતા. આ બધા રાજાઓ અને રજવાડાઓ અનેક પ્રકારની સંધિઓ દ્વારા અંગ્રેજોની આણ નીચે જ રાજ કરતા. એમણે અંગ્રેજોની સર્વોપરિતા સ્વીકારેલી. આવા રાજ્યોની કુલ સંખ્યા 565 હતી. માત્ર ચાર રાજ્યો, હૈદ્રાબદ, મૈસુર, કાશ્મીર અને વડોદરા વિસ્તારમાં મોટા હતા.

અંગ્રેજોના સીધા તાબાવાળો હિસ્સો બ્રિટીશ ઈન્ડીયા તરીકે ઓળખાતા, અને રાજારજવાડા વાળો પ્રદેશ પ્રિન્સલી સ્ટેટ્સ તરીકે ઓળખાતો. આ બન્ને પ્રદેશો મળી આખો પ્રદેશ ઈન્ડિયા તરીકે ઓળખાતો. આ સિવાય દીવ, દમણ અને ગોવામાં પોર્ટુગીઝ સરકારની અને પોંડીચેરીમાં ફ્રાંસની સરકારની હકુમતહતી, જે બ્રિટીસ સરકાર સાથે કરાર બધ્ધ હતા.બ્રિટીસ ઈન્ડિયા 17 પ્રાંતોમાં વહેંચાયલો હતો. અજમેર, આન્દામાન-નિકોબાર, આસામ, બલુચિસ્તાન, બંગાલ, બિહાર, મુંબઈ, સેંટ્રલ પ્રોવિન્સ, કુર્ગ, દિલ્હી, મદ્રાસ, નોર્થ-વેસ્ટ ફ્રંટીયર, ઓરીસા, પાન્થ-પિપ્લોદા, પંજાબ, સિંધ અને યુનાઈટેડ પ્રોવિંસ. પ્રાંતના વિસ્તાર પ્રમાણે ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર કે કમીશનરનીદ્વારા આ



પ્રાંતોના વહીવટી માળખા ચાલતા. બધા પ્રાંતો અને પ્રિંન્સીસ્ટેટ્સ વાઈસરોયની સત્તા હેઠળ હતા.

રાજા-રજવાડાઓ સાથેની સંધિમાં ત્રણ મુખ્ય વાતો ઉપર અંગ્રેજોનો સંપુર્ણ અધિકાર હતો. આ ત્રણ વાતોએટલે (૧) વિદેશ વ્યહવાર (૨) સંરક્ષણ (૩) રેલવે અને સંદેશ વ્યહવાર. કોઈપણ રાજ્ય અંગ્રેજોની રજાવગર, પરદેશ સાથે કોઈપણ પ્રકારનો વ્યહવાર કરી ન શકતા, રાજ્યોને પોતાનું સૈન્ય, હવાઈ દળ કે નૌસેના રાખવાની છૂટ ન હતી, અને તાર ટપાલ અને રેલ્વે ખાતા ઉપર અંગ્રેજોનો કબ્જો હતો. દરેક મોટા અને મધ્યમ કદના રાજ્યમાં એક અંગ્રેજ અમલદાર (રેસિડ્ન્ટ) રહેતો, એ બધી વાતો ઉપર કડક નજર રાખતો. રાજાઓ રેસિડન્ટની રજા વગર કોઈપણ મોટા નિર્ણય લઈ શકતા નહિં. રાજ્યોને પોતાના કાયદાઘડવાની છૂટ હતી, પણ અંગ્રેજોના કાયદાઓનું પણ પાલન કરવું પડતું. અંગ્રેજોની રજા લઈ, સ્થાનિકપોલીસ ખાતું રાખવાની છૂટ હતી. કેટલાક રાજ્યોમાં પોતાનું ચલણ હતું. દરેક રાજ્યે એક મુકરર રકમબ્રિટીશ સરકારને દર વરસે આપવી પડતી.

બ્રિટીશ પ્રાંતોની જેમ આ રાજાઓના રાજ્યો પણ સીધા વાઈસરોયની આણ નીચે હતા. આ રાજારજવાડાઓનું માન જાળવવા એમને જાત જાતના ઈલ્કાબ આપવામાં આવતા, અને એમને અલગ અલગ સંખ્યામાં તોપોની સલામી આપવામાં આવતી. તેઓ ઈંગ્લેંડ જાય ત્યારે બ્રિટનના રાજા કે રાણીને મળીશકતા.

ગાંધીજી અને અન્ય નેતાઓની આગેવાની હેઠળની સ્વતંત્ર માટેની લાંબી ચળવળ, નેતાજી સુભાષ બોઝની આઝાદ હિન્દ ફોજ, ૧૯૪૬ ના નૌસેનાનોબળવો, અને હિન્દુ-મુસલમાનોના કોમી દંગાથી પણ અંગ્રેજો ડરી ગયા હતા. આખરે ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૪૭ ના વડાપ્રધાન એટલીએ જાહેર કર્યું કે બ્રિટીસ ઈન્ડિયાને મોડામાં મોડું જુન ૧૯૪૮ સુધીમાં સંપૂર્ણ સ્વાયતા આપવામાં આવશે.

## 1942માં શરૂ થયેલી 'હિંદ છોડો' ચળવળ આઝાદી માટેનું પ્રથમ સોપાન




15 ઓગસ્ટ 2021એ આપણે આઝાદીનું 75મુ વર્ષ મનાવીશું. આપણે તે ન ભુલવું જોઈએ કે આપણને આઝાદી કંઈ કિમંતે મળી છે. 1857ની ક્રાંતિ, જલિયાવાલા બાગ નરસહાર, કાકોરી કાંડ, ચૌરી-ચૌરા કાંડ, અસહયોગનું આંદોલન અને બીજા ઘણા. "ભારત છોડો આંદોલન" બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 8 ઓગસ્ટ 1942 ના રોજ શરૂ થયું હતું જેનો હેતુ ભારત માતાને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાનો હતો. અંતે અંગ્રેજોને ભારત છોડવાની ફરજ પાડી.



ગાંધીજી - કરો અથવા મરોનું સૂત્ર આપીને તેઓ બ્રિટિશ શાસન સામે જનજાગૃતિ લાવવામાં સફળ રહ્યા હતા. લોકો માનતા હતા કે હવે દેશમાં આઝાદીનો સૂરજ ઉગશે અને તેના માટે દરેક વ્યક્તિએ પોતાના સ્તરે તૈયારી કરી લીધી છે. ભારત છોડો આંદોલને દેશના નાના ગામડાઓથી લઈને મોટા શહેરો સુધી બ્રિટિશ સરકારનું હૃદય હચમચાવી નાખ્યું.

## બારડોલી સત્યાગ્રહ : ગાંધીજી અને સરદાર પટેલનું એ ખેડૂત આંદોલન જેણે અંગ્રેજ સરકારને ઝૂકાવી દીધી




બારડોલી સત્યાગ્રહ એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના બારડોલીમાં ઘટેલી એક મહત્વપૂર્ણ ઘટના છે. આ સત્યાગ્રહ એ સવિનય કાનૂન ભંગની ચળવળનો એક ભાગ હતો. આની સફળતાને કારણે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્તરે એક નેતા તરીકે ઉભરી આવ્યાં. 1928માં અંગ્રેજ સરકારે સુરત જિલ્લાના બારડોલી પંથકમાં 22 ટકા મહેસૂલ વધારો ઝીંકયો હતો. આ અન્યાય સામે જંગ છેડવા માટે ખેડૂતો કૃત નિશ્ચયી બન્યા હતા. ત્યારે ગાંધીજીને મળતા સત્યાગ્રહ નક્કી થયો હતો. અને વલ્લભભાઈ પટેલે સુકાન સંભાળ્યું હતું.

આ મહેસૂલ વધારો અન્યાયી અને કસમયનો હતો જેના પગલે ખેડૂતોએ મહેસૂલ વધારો મોકૂફ રાખવા અંગ્રેજ સરકાર સમક્ષ રજૂઆત કરી, પરંતુ અંગ્રેજોએ તેનો કોઈ જવાબ આપ્યો નહી. આથી ખેડૂતોએ સત્યાગ્રહ કરવાનું નક્કી વલ્લભભાઈ પટેલ સત્યાગૃહ નેતૃત્વ સ્વીકાર્યું. તેમને ખેડૂતોને અંગ્રેજ સરકાર સામે ના કરની, લડત ચલવાવવાની હાંકલ કરી. આ સત્યાગૃહમાં રવિશંકર મહારાજ અને જુગતરામ દવે જેવા કાર્યકર્તાઓની મદદ મળી. વલ્લભભાઈ પટેલના જુસ્સાદાર ભાષણોથી ખેડૂતોમાં હિંમત આવી. ખેડૂતો નિર્ભયી બની કાયદાઓ ભંગ કરવા લાગ્યા અમે મહેસૂલ ન ભર્યું. છેવટે અંગ્રેજ સરકારે વલ્લભભાઈ પટેલને પુણે બોલાવ્યા અને ખેડૂતોના પ્રતિનિધિઓની હાજરીમાં જ ન્યાયપૂર્ણ મહેસૂલ નક્કી કરવામાં આવ્યું. આમ બારડોલી સત્યાગ્રહને અપૂર્ણ સફળતા મળી. ગુજરાના લોકોએ વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ આપ્યુ. બારડોલીના 'સરદાર' પછી સમગ્ર ભારતના 'સરદાર' બન્યા.




## ...જયારે ક્રાંતિકારી ખુદીરામ બોઝ ભારતમાં સૌથી નાની વયે ફાંસીના માંચડે ચડયા

આ તસ્વીર ખુદીમામ બોઝની છે. ફક્ત 18 વર્ષની ઉંમરમાં 11 ઓગસ્ટ 1908ના રોજ ખુદીરામને ફાંસી આપવામાં આવી હતી. ખુદીરામ બાળપણથી ક્રાંતિકારી હતા. ખુદીરામને મુજફ્ફરપુર જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ખુદીરામ નિર્ભય બનીને સિંહની માફક ફાંસીના માંચડે ચડી ગયા હતા. તેમણે ફાંસીએ ચડતા પહેલા હાથમાં ભગવદ ગીતા રાખી હતી. ફાંસી પછી ખુદીરામની લોકપ્રિયતાએ હદે વધી હતી કે બંગાળમાં એક ખાસ પ્રકારની ધોતી વણવામાં આવતી તેના પર ખુદીરામ નામ લખેલું હોતું હતું. બંગાળના નવલોહિયા યુવાનો ખુદીરામ લખેલી ધોતી પહેરીને આઝાદીના આંદોલનમાં કુદી પડયા હતા.



## 23 વર્ષની વયે શહીદ થયેલા ભગતસિંહ કેવી રીતે બન્યા ક્રાંતિકારી?

શહીદ ભગતસિંહે દેશની આઝાદી માટે હસતા હસતા પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. ભગત સિંહનો જન્મ 27 સપ્ટેમ્બર 1907ના રોજ બંગા, લાયલપુરમાં થયો હતો. જે હવે પાકિસ્તાનના ભાગમાં આવે છે. જ્યારે ભગતસિંહનું પૈતૃક ગામ ખટકર કલાન છે. જ્યાં તેમની યાદમાં શહીદ સ્મારક પણ બનાવવામાં આવ્યું છે. ભગતસિંહને ભારતીય સ્વતંત્રતા ચળવળના સૌથી પ્રભાવશાળી ક્રાંતિકારીઓમાંના એક ગણવામાં આવે છે



આજના સમયમાં પણ યુવાનો શહીદ ભગતસિંહના બતાવેલા માર્ગ પર ચાલે છે.

ભૂતકાળમાં પણ શહીદ ભગતસિંહનું ગામ ખટકર કલાન ચર્ચામાં આવ્યું હતું. જ્યારે પંજાબના નવા મુખ્યમંત્રી ભગવંત માનનો શપથ સમારોહ ત્યાં યોજાયો હતો. ભગત સિંહને માત્ર 23 વર્ષની ઉંમરે ફાંસી આપવામાં આવી હતી, ભગત સિંહને 23 માર્ચ 1931ના રોજ બ્રિટિશ સરકારે ફાંસી આપી હતી. ભગતસિંહની શહાદત બાદ દેશભરમાં લોકોએ તેમની યાદમાં બ્રિટિશ સરકાર વિરુદ્ધ રોષ પૂર્વક મોરચો કાઢ્યો હતો

### શહીદ ભગતસિંહનું જીવનચરિત્ર...

શહીદ ભગતસિંહ ક્રાંતિકારી પરિવારના હતા. તેમના જન્મ સમયે, તેમના પિતા અને બંને કાકાઓ બ્રિટિશ સરકાર દ્વારા લાવવામાં આવેલા કાયદાનો વિરોધ કરવા બદલ જેલમાં હતા. ભગતસિંહના કાકા અજીત સિંહે તેમના ક્રાંતિકારી સાથીદારો સાથે મળીને ભારતીય દેશભક્તિ સંઘની સ્થાપના કરી હતી. તે યુનિયનના સભ્યોએ બ્રિટિશ સરકારના કોલોનાઈઝેશન બિલ સામે ખેડૂતોને જાગૃત કરવાનું શરૂ કર્યું.

અંગ્રેજોને આ વાતની જાણ થઈ અને અજીત સિંહ સામે 22 કેસ નોંધાયા. જેના કારણે અજીત સિંહે વિદેશમાં સ્થળાંતર કરવું પડ્યું હતું. શહીદ ભગતસિંહે તેમનો પ્રારંભિક અભ્યાસ ગામડાની શાળામાં કર્યો અને ત્યારબાદ તેઓ ઉચ્ચ શિક્ષણ માટે દયાનંદ એંગ્લો વૈદિક શાળામાં ગયા. ભગતસિંહે મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં પણ ભાગ લીધો હતો.

## 1947માં 1 રૂપિયા = 1 ડોલર, હવે 80ની આસપાસ થઈ ગયો





આઝાદીના અમૃત મહોત્સવનો થનગનાટ જોવા મળી રહ્યો છો. આઝાદી વખતે ભારતમાં બિઝનેસ ક્ષેત્રની દશા બહુ પ્રશંસનીય નહોતી. બિઝનેસ ક્ષેત્રના પ્રોત્સાહન માટેની નિતી અંગે પણ કોઈ ખાસ પગલાં લેવાયા નહોતા. દેશને કૃષિ પ્રધાન દેશ તરીકે મૂલવવામાં આવ્યો હતો. વિશ્વમાં ભારત એક ત્રીજા વિશ્વના દેશ તરીકે ગણાતો હતો. જેને ગરીબ દેશ તરીકે ચિતરાતો હતો તે આજે વિશ્વને નવી દિશા ચીંધી રહ્યો છે.

૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો ત્યારે એક ડોલર એટલે ભારતના ૨૦ રુપિયા થતા હતા. જુલાઈ ૨૦૨૨ એક ડોલર બરોબર 80ને પાર કરી ગયો હતો. ડોલર મજબૂત થયો હતો અને રૂપિયો ઘસાતો ચાલ્યો હતો. ૧૯૫૦ પછી ભારતનું અર્થતંત્ર નબળું પડવા લાગ્યું હતું. અમેરિકાની દિશામાં ભારતનું બ્રેન ખેંચાતું ગયું હતું. ભારતના બુધ્ધિશાળી લોકો અમેરિકાને વધુ પસંદ કરવા લાગ્યા હતા. જેને આપણે બ્રેન ડ્રેન કહેતા આવ્યા છીએ. રિવર્સ બ્રેને ડ્રેનની પ્રોસેસ શરૂ કરવી જરૂરી હોવાનું મનાય છે.

## ભારતની સ્વતંત્રતાના મહાનાયક-આઝાદ હિન્દ ફોજના સંસ્થાપક : સુભાષચંદ્ર બોઝ







રાજનેતા હોવાની સાથે તે સ્પષ્ટ વક્તા પણ હતા. તેઓ અંગ્રેજો સાથે ભારતની આઝાદી માટે કોઈપણ કિંમતે સમજૂતી કરવા તૈયાર નહોતા. આરંભમાં તેઓ મહાત્માં ગાંધી સાથે દેશના આઝાદી આંદોલનમાં સામેલ હતા પણ બાદમાં મતભેદના કારણે ગાંધી અને કોંગ્રેસથી અલગ થયા અને 1939માં તેમણે 'ફૉરવર્ડ બ્લૉક' નામના પક્ષની સ્થાપના કરી. સુભાષ માનતા કે અંગ્રેજો જ્યારે બીજા વિશ્વયુદ્ધમાં ફસાયેલા હોય ત્યારે રાજકીય અસ્થિરતાનો લાભ લઈ સ્વતંત્રતાના પ્રયાસો કરવા જોઈએ. યુદ્ધ પૂરું થાય તે પછી અંગ્રેજો સ્વતંત્રતા આપે તે મતના તેઓ નહતા.


ભારતને બીજા વિશ્વયુદ્ધમાં સામેલ કરવા સામે પણ તેમણે વિરોધ કર્યો. અંગ્રેજોએ તેમને જેલમાં પૂર્યા. તેમણે જેલમાં ભૂખહડતાળ કરી. બાદમાં અંગ્રેજોએ તેમને જેલમાંથી મુક્ત કરી, ઘરમાં જ નજરબંધ કર્યા.આ સમય દરમિયાન સુભાષ ભારતથી જર્મની ભાગી ગયા. ત્યાં યુદ્ધમોરચે તાલીમ લીધી અને ત્યાં તેમણે સેના પણ બનાવી.

4 જુલાઈ, 1943માં સિંગાપોરના કેથે ભવનમાં એક સમારોહમાં રાસબિહારી બોઝે આઝાદ હિંદ ફોજનું સુકાન સુભાષ ચંદ્ર બોઝને સોંપ્યું.' સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદના સર્વોચ્ચ સેનાપતિ તરીકે સ્વતંત્ર ભારતમાં અસ્થાયી સરકાર બનાવી, જેને જર્મની, જાપાન, ફિલિપાઈન્સ, કોરિયા, ચીન, ઈટાલી, આયરલૅન્ડ સહિત નવ દેશોએ માન્યતા આપી.

સુભાષે આઝાદ હિંદ ફોજને ભારે શક્તિશાળી બનાવી. ફોજને આધુનિક યુદ્ધ માટે તૈયાર કરવા જન, ધન અને સંસાધન એકઠાં કર્યાં. આઝાદ હિંદની ઐતિહાસિક સિદ્ધિ એ હતી કે તેણે જાપાનની મદદથી અંદામાન નિકોબાર દ્વિપસમૂહને ભારતના પહેલા સ્વાધીન ભૂભાગ રુપે મેળવ્યો. નેતાજીએ રાષ્ટ્રીય આઝાદ બૅન્ક અને સ્વાધીન ભારત માટે પોતાનું ચલણ બહાર પાડવાનો આદેશ આપ્યો.

નેતાજી દીર્ઘદ્રષ્ટા હતા. તેમણે આઝાદ હિંદ ફોજમાં મહિલા રેજિમૅન્ટ રચેલી, જેનું સુકાન કૅપ્ટન લક્ષ્મી સ્વામીનાથનને સોંપ્યું હતું. તેને રાણી ઝાંસી રેજિમૅન્ટ નામ અપાયું હતું. વડા પ્રધાને આ રેજિમૅન્ટનો ઉલ્લેખ લાલ કિલ્લા પરથી આપેલા તેમના ભાષણમાં કર્યો. તેમણે કહ્યું કે સશસ્ત્ર મહિલા રેજિમૅન્ટની શરુઆત નેતાજીએ જ કરી હતી અને 22 ઑક્ટોબરે રાણી ઝાંસી રેજિમૅન્ટને 75 વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. સુભાષ ચંદ્ર બોઝ માનતા હતા કે જો દરેક ભારતીય ઈચ્છે તો ભારતને સ્વતંત્ર થતું કોઈ રોકી શકે નહીં.

## જયારે ન્યાયાધીશે નામ પૂછ્યું, તેમણે ખૂબ જ નિડરતાથી કહ્યું - "મેરા નામ હૈ આઝાદ"



ચંદ્રશેખર આઝાદે 1928 માં લાહોરમાં બ્રિટીશ પોલીસ ઓફીસર એસપી સાન્ડર્સને ગોળીમારીને લાલા લાજપત રાયના મોતનો બદલો લીધો હતો.આઝાદ રામપ્રસાદ બિસ્મિલના ક્રાંતિકારી સંગઠન હિન્દુસ્તાન રિપબ્લિક એસોસિએશન (એચઆરએ) માં જોડાયા પછી તેમનું જીવન બદલાઈ ગયું. તેમણે સરકારી ખજાનાની લૂંટ ચલાવીને સંસ્થાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે નાણાં એકત્ર કરવાનું શરૂ કર્યું. તેમનું માનવું હતું કે આ સંપત્તિ ભારતીયોની છે, જેને અંગ્રેજોએ લૂંટી લીધી હતી. રામપ્રસાદ બિસ્મિલના નેતૃત્વમાં આઝાદે કાકોરીકાંડ (1925) માં સક્રિય ભાગ લીધો.

ચંદ્રશેખર આઝાદનો જન્મ 23 જુલાઈ 1906 ના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાબરામાં થયો હતો. આઝાદના પિતાનું નામ પંડિત સીતારામ તિવારી તથા માતાનું નામ જાગરાની દેવી હતું. આઝાદનું પ્રારંભિક જીવન આદિવાસી પ્રભુત્વ ધરાવતા ભાબરામાં વિતાવ્યું હતું. બ્રિટિશ શાસિત ભારતમાં ઉછરેલા, આઝાદની નસો શરૂઆતથી જ અંગ્રેજો માટે નફરતથી ભરેલી હતી. 1920 માં, 14 વર્ષની વયે, ચંદ્રશેખર આઝાદ ગાંધીજીના અસહકાર આંદોલન સાથે જોડાયા હતા.

### આઝાદ નામ કઇ રીતે પડયુ?

14 વર્ષની ઉંમરે, તેમની ધરપકડ કરવામાં આવી હતી અને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. જ્યારે ન્યાયાધીશે તેમનું નામ પૂછ્યું, ત્યારે તેમણે ખૂબ જ નિડરતાથી કહ્યું - "આઝાદ".પિતાનું નામ પૂછતાં તેમણે મોટેથી કહ્યું, 'સ્વતંત્રતા'. સરનામું પૂછતાં તેમણે કહ્યું - જેલ. આના પર ન્યાયાધીશે તેમને જાહેરમાં 15 ચાબુક ફટકારવાની સજા કરી. આ તે ક્ષણ હતી જ્યારે તેની પીઠ પર 15 ચાબુક વરસી રહયા હતા અને તે વંદે માતરમના નારા લગાવી રહયા હતા. આ તે જ દિવસ હતો જ્યારથી દેશવાસીઓએ તેમને આઝાદના નામથી બોલાવવાનું શરૂ કર્યું. તેની ખ્યાતિ ધીરે ધીરે વધી રહી હતી.

### બાળપણથી નિશાને બાઝ હતા મહાન ક્રાંતિકારી આઝાદ

ચંદ્રશેખર આઝાદની નિશાનેબાઝી બાળપણથી જ ખૂબ સારી હતી. તેમણે બાળપણમાં જ તેની તાલીમ લીધી હતી.1922 માં ચૌરી ચૌરાની ઘટના પછી, ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછુ ખેંચી લીધુ, જેથી દેશના બધા યુવાનોની જેમ, આઝાદ પણ કોંગ્રેસથી નારાજ થઈ ગયા.આ પછી, 1924 માં પંડિત રામ પ્રસાદ બિસ્મિલ, શચિન્દ્રનાથ સન્યાલ, યોગેશચંદ્ર ચેટર્જીએ ઉત્તર ભારતના ક્રાંતિકારીઓ માટે "હિન્દુસ્તાની પ્રજાતંત્રિક સંઘ"ની રચના કરી. ચંદ્રશેખર આઝાદ પણ આ સંગઠનમાં જોડાઈ ગયા.

### આઝાદની ચીર વિદાય

27 ફેબ્રુઆરી 1931 ના રોજ, તેઓ અલ્હાબાદ ગયા અને જવાહરલાલ નહેરુને મળ્યા અને વિનંતી કરી કે તેઓ ગાંધીજીને માત્ર એટલી વિનીતી કરે કે, ગાંધીજી લોર્ડ ઈરવિનને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂ આ ત્રણેયની ફાંસીની સજાને આજીવન કેદમાં બદલવા દબાણ કરે.જ્યારે નહેરુએ આઝાદનું સાંભળ્યું નહીં, ત્યારે આઝાદે તેમની સાથે લાંબા સમય સુધી દલીલ કરી. જેથીર નેહરુજી ગુસ્સે થયા અને આઝાદને તાત્કાલિક ત્યાંથી નિકળી જવાનું કહ્યું. ત્યાંથી ગુસ્સે થઈ આઝાદ તેની સાયકલ પર આલ્ફ્રેડ પાર્કમાં ગયા.

ચંદ્રશેખર આઝાદ અલ્હાબાદના આલ્ફ્રેડ પાર્કમાં સુખદેવ અને તેના અન્ય એક મિત્ર સાથે મળી યોજના બનાવી રહ્યા હતા. અચાનક બ્રિટિશ પોલીસે તેના પર હુમલો કર્યો. આઝાદે પોલીસ પર ગોળીબાર કર્યો જેથી તેમનો સાથી સુખદેવ છટકી શકે. પોલીસની ગોળીથી આઝાદ ખરાબ રીતે ઘાયલ થયા હતા. તે સેંકડો પોલીસ સામે 20 મિનિટ સુધી લડયા હતા. અંતે, તેમનું સૂત્ર "આઝાદ છું આઝાદ રહીશ એટલે કે તેઓ કદી પકડાશે નહીં અને ન તો બ્રિટિશ સરકાર તેમને ફાંસી આપી શકશે" ને યાદ કર્યુ. તેમણે પિસ્તોલની છેલ્લી ગોળી પોતાની જાતને જ મારી માતૃભૂમિ માટે પોતાનો જીવ બલિદાન આપ્યો.

# કોમનવેલ્થ ગેમ્સનું સમાપન

# ઘરઆંગણે યોજાયેલા 2010ની તુલનામાં 2022માં મેડલ્સ ઘટ્યા

## ભારત 22 ગોલ્ડ સહિત 61 મેડલ સાથે ચોથા સ્થાને

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં આયોજિત 22મી કોમનવેલ્થ ગેમ્સનું સમાપન થયું છે જેમાં ભારતીય રમતવીરોએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતે 22 ગોલ્ડ મેડલ સહિત કુલ 61 મેડલ જીત્યા હતા અને મેડલની યાદીમાં ચોથા સ્થાને રહ્યું છે. જોકે, બીજી તરફ 2010માં ભારતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થયું હતું ત્યારે ભારતે 38 ગોલ્ડ સાથે 101 મેડલ સાથે બીજા ક્રમે રહ્યું હતું.

ભારતીય ખેલાડીઓએ દરેક રીતે પોતાને શ્રેષ્ઠ સાબિત કર્યા છે. તેના આધારે ભારતે આ વખતે કોમનવેલ્થ ગેમ્સમાં 22 ગોલ્ડ સહિત કુલ 61 મેડલ જીત્યા હતા. જેમાં 16 સિલ્વર અને 23 બ્રોન્ઝ મેડલ સામેલ છે. તેમની સાથે ભારત મેડલ ટેલીમાં ચોથા નંબર પર રહ્યું. એકંદર કોમનવેલ્થના ઈતિહાસ પર નજર કરીએ તો, અત્યાર સુધીની કોઈપણ કોમનવેલ્થ સીઝનમાં ભારતનું આ પાંચમું શ્રેષ્ઠ પ્રદર્શન છે.




### કોમનવેલ્થમાં ટોપ-5 દેશોની યાદી

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | 67 | 57 | 54 | 178 |
| ઇંગ્લેન્ડ | 57 | 66 | 53 | 176 |
| કેનેડા | 26 | 32 | 34 | 92 |
| ભારત | 22 | 16 | 23 | 61 |
| ન્યૂઝીલેન્ડ | 20 | 12 | 17 | 49 |

ભારતે આખરી દિવસે બેડમિંટનમાં ગોલ્ડ મેડલની હેટ્રિક મેળવી હતી. મહિલા સિંગલ્સમાં પી. વી. સિંધુએ, પુરૂષ સિંગલ્સમાં લક્ષ્ય સેને અને મેન્સ ડબલ્સમાં રાનકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. બીજી તરફ ગુજરાતી સ્ટાર પેરા ટેબલ ટેનિસ પ્લેયર ભાવિના પટેલે પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભાવિના પટેલેવિદેશની ધરતી પર ભારતને આ સિદ્ધિ અપાવી છે. ભાવિનાએ ગત વર્ષે ટોક્યો પેરાલમ્પિક દરમિયાન ઐતિહાસિક સિલ્વર મેડલ જીતીને દેશભરમાં પોતાની ઓળખ બનાવી હતી.

# પોલાર્ડ 600 ટી-20 મેચ રમનાર વિશ્વના પ્રથમ ખેલાડી બન્યા

ગુજરાત | વંદન

કાયરન પોલાર્ડ T-20નાં દિગ્ગજ ખેલાડીઓમાંથી એક છે. તાજેતરમાં તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લીધી છે. જો કે તેઓ હજુ પણ વિશ્વભરની T-20 લીગમાં રમી રહ્યા છે. તેઓ ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી 'ધ હન્ડ્રેડ' (The Hundred)માં લંડન સ્પિરિટ ટીમનો ભાગ છે. તેઓ સોમવારે રાત્રે એક મેચમાં ઉતર્યા અને 300ના સ્ટ્રાઈક રેટથી અણનમ 34 રનની ઈનિંગ રમી. આ મેચ પણ તેમની ટીમે જીતી હતી. આ સાથે જ તેમણે એક ખાસ રેકોર્ડ બનાવ્યો. તે 600 T-20 મેચ રમનારા વિશ્વના પ્રથમ ખેલાડી બન્યા. મે મહિનામાં તેમણે પોતાનો 35મો જન્મદિવસ ઉજવ્યો હતો.

આ મેચમાં પ્રથમ દાવમાં લંડન સ્પિરિટે 6 વિકેટ ઉપર 160 રન બનાવ્યા હતા. ઓપનર બેટ્સમેન જેક ક્રોલે 34 બોલમાં સૌથી વધુ 41 રન બનાવ્યા હતા. ત્યારબાદ 5માં નંબરે બેટિંગ કરવા ઉતરેલા કાયરન પોલાર્ડે તોફાની ઈનિંગ રમી હતી. તેઓ 11 બોલમાં 34 રન બનાવીને અણનમ રહ્યા હતા. એક ચોગ્ગો અને 4 સિક્સર ફટકારી હતી. તેમની સામે માન્ચેસ્ટર ઓરિજિનલ્સની ટીમ 108 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. કેપ્ટન જોશ બટલર માત્ર 6 રન બનાવી શક્યા હતા. ફિલ સોલ્ટે સૌથી વધુ 36 રન બનાવ્યા હતા. ફાસ્ટ બોલર જોર્ડન થોમસને 21 રનમાં 4 વિકેટ લીધી હતી અને પ્લેયર ઓફ ધ મેચ બન્યા હતા.

### પોલાર્ડ: 11 હજાર રન અને 300 વિકેટ...




કાયરન પોલાર્ડ IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમે છે અને તે ટીમના મહત્વના ખેલાડીઓમાંથી એક છે. T-20માં તેમનો રેકોર્ડ શાનદાર છે. તેઓ 600 મેચની 533 ઈનિંગ્સમાં 31ની એવરેજથી 11,723 રન બનાવી ચુક્યા છે. તેમણે એક સદી અને 56 અડધી સદી ફટકારી છે. તેમનો સ્ટ્રાઈક રેટ 151 છે. તેઓ 780થી વધારે સિક્સર પણ ફટકારી ચૂક્યા છે. આ ફાસ્ટ બોલરે 25ની એવરેજથી 309 વિકેટ પણ લીધી છે. 15 રનમાં 4 વિકેટ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. તેમણે 7 વખત 4 વિકેટ લેવાની સિદ્ધિ પણ મેળવી છે.

# ટીમ ઈન્ડિયાનું ગોલ્ડનું સપનું તુટ્યું
# મહિલા ટીમનો કોમનવેલ્થ ગેમ્સમાં પરાજય, ઓસ્ટ્રેલિયાએ જીત્યો ગોલ્ડ




ગુજરાત | વંદન

કોમનવેલ્થ ગેમ્સના ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 9 રનથી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ત્યારે ભારતને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે. અગાઉ ઓસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 8 વિકેટે 161 રન કર્યા હતા. ભારત 162 રનનો પડકારનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 152 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 161 રન કર્યા હતા. ભારત તરફથી સૌથી વધુ રેણુકા સિંહ અને સ્નેહ રાણાએ 2-2 વિકેટ ઝડપી હતી. તો દિપ્તી શર્મા અને રાધા યાદવને 1-1 વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધુ રન બેથ મુન્નીએ 41 બોલમાં 61 રન માર્યા હતા. કેપ્ટન મેગ લેનિંગે 36 રન કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાએ આપેલા 162 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતની ઓપનિંગ પૈર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જેમિમા રોડ્રિગ્યુસ અને કેપ્ટન હરમનપ્રિત કૌરે ભારતની ઈનિંગને આગળ ધપાવી હતી. આ બન્ને બેટરો વચ્ચે 95 રનની ભાગીદારી થઈ હતી. જેમિમાએ 33 બોલમાં 33 રન કર્યા હતા. કેપ્ટન હરમનપ્રિત કૌરે શાનદાર અર્ધસદી ફટકારી હતી. તેણે 43 બોલમાં 65 રન ફટકાર્યા હતા. તેની આ લડાયક ઈનિંગ દરમિયાન તેના બેટેથી 7 ચોગ્ગા અને 2 છગ્ગા આવ્યા હતા. નીચલા ક્રમના બેટરો ચાલ્યા જ નહોતા. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધુ એશ્લે ગાર્ડનરે 3 વિકેટ ઝડપી હતી. તો મેગન સ્કટે 2 વિકેટ લીધી હતી. જેસ જોનાસનેને 1 વિકેટ મળી હતી.

# એશિયા કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, કોહલી-રાહુલની વાપસી




## જસપ્રીત બુમરાહ અને અક્ષર પટેલ ઈજાના કારણે બહાર

ગુજરાત | વંદન

એશિયા કપ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમની જાહેરાત કરી દીધી છે. એશિયા કપ 27 ઓગસ્ટે શરૂ થશે અને 11 સપ્ટેમ્બરે ફાઈનલ રમાશે. BCCIએ જાહેર કરેલી ટીમમાં કોહલી અને રાહુલની વાપસી થઈ છે. તો બુમરાહ ઈજાને કારણે ટીમમાં નથી. ભારત 28 ઓગસ્ટે પાકિસ્તાન સામે રમીને પોતાના અભિયાનની શરૂઆત કરશે.

### ચાર સ્પીનર અને ત્રણ ફાસ્ટ બોલર સામેલ

BCCIએ જાહેર કરેલી ટીમ પ્રમાણે 4 સ્પીનરોને ટીમમાં તક આપવામાં આવી છે. જેમાં જાડેજા, અશ્વિન, ચહલ અને બિશ્નોઈ સામેલ છે. તો કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરાયો નથી. ફાસ્ટ બોલરમાં ભુવનેશ્વર, આવેશ ખાન અને અર્શદીપ સિંહને સામેલ કરાયા છે. શમીને ટીમમાં જગ્યા મળી નથી.

**એશિયા કપ માટે ભારતીય ટીમ** | રોહિત શર્મા (કેપ્ટન), કેએલ રાહુલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, દીપક હુડ્ડા, રિષભ પંત, દિનેશ કાર્તિક, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, આર અશ્વિન, યુઝવેન્દ્ર ચહલ, રવિ બિશ્નોઈ, ભુવનેશ્વર કુમાર, અર્શદીપ સિંહ, આવેશ ખાન.

## 80 કરોડ લોકોને સરકારી અનાજથી જ 'દાના-પાની' મળ્યા
# કોરોનામાં 26.3 કરોડ ભારતીયો ગરીબ બન્યા



ગુજરાત | વંદન

ભારત વિશ્વના સૌથી ઝડપથી વધતા અર્થતંત્ર તરીકે ગૌરવ અનુભવતા હોય તો પણ આ ઝડપમાં દેશના ગરીબો ખૂબ જ પાછળ રહી ગયા છે અને દેશમાં આર્થિક અસમાનતાની ખાઈ સતત વધતી જઈ રહી છે. હાલમાં જ દેશની જાણીતી રીસર્ચ એજન્સી ઓક્સફર્મના રીપોર્ટમાં જણાવાયું છે. કોરોના કાળમાં મફત અનાજ અને આખરે બુસ્ટર ડોઝ પણ મફત કરવા છતાં છેલ્લા બે વર્ષમાં 23 કરોડ લોકો હજું ગરીબી રેખાની નીચે જ છે. મતલબ કે કોરોના કાળમાં લોકડાઉન, બેરોજગારી અને હાલની મોંઘવારી વિ.ના કારણે દેશમાં 26.3 કરોડ લોકો ગરીબીના શિકાર થયા છે.

જોકે સરકાર ફરી 'ગરીબી'નો ડેટા જારી કરતી નથી પણ ખુદ સરકાર વારંવાર દાવો કરે છે કે તેણે છેલ્લા કોરોના કાળથી શરૂ કરીને આગામી માસ સુધીની જે મફત રાશન યોજના છે તેમાં 80 કરોડ લોકોને મફત રાશન પુરુ પાડયું છે અને ગુજરાત સહિતની ચૂંટણીઓમાં આ મુદા પર મત માંગવામાં આવશે. દેશમાં અમીરો રોકેટગતિએ વધુ અમીર થઈ રહ્યા છે. અમીરો મોટાભાગની સંપતિ સ્વાહા કરી જાય છે અને 670 લાખ ભારતીયને ભાગે રાષ્ટ્રીય સંપતિના ફકત 1% જ આપે છે. 630 લાખ ભારતીયો એવા છે જે પોતાના કુટુંબ માટે કે ખુદના માટે આરોગ્ય પાછળ કોઈ સરકારી સુવિધા મેળવી શકતા નથી.તેઓને ખાનગી હેલ્થકેરમાં જવું પડે છે

જેનાથી દર સેક્ધડે બે લોકો વધુ ગરીબ બને છે. આવકની અસમાનતાની ખાઈ સતત વધતી રહી છે. ગ્રામીણ ક્ષેત્રના ગરીબને લઘુતમ આવક ખૂબ જ નીચી છે. દેશની ખાનગી કંપનીના ટોચના એક્ઝીક્યુટીવ ને વર્ષે જે પગાર મળે છે તે મેળવવામાં આ ગરીબને 941 વર્ષ લાગી જશે. સરકાર દ્વારા જે પ્રયાસો થાય છે તે અધુરા અને ફક્ત પ્રોપગંડા આધારીત વધુ છે.

# બિહારમાં ખેડૂત અબજોપતિ બની ગયો, ટ્રેડિંગ એકાઉન્ટમાં જમા થયાં 6833 કરોડ

ગુજરાત | વંદન

બિહારના લખીસરાય બડહિયા નગરના વોર્ડ નંબર બેમાં રહેતા ખેડૂત સુમન કુમારના ખાતામાં અચાનક ૬૮૩૩ કરોડ રૂપિયા જમા થયા હતાં. આટલી મોટી રકમ તેના ખાતામાં કઇ રીતે આવ્યા કોને મોકલ્યા તેની જાણકારી સુમનને નથી.૧૩ દિવસથી આ રકમ તેમના ખાતામા છે. સુમનને ડર પણ લાગી રહ્યો છે. આ જ કારણથી તે રૂપિયા ઉપાડી રહ્યાં નથી.



સુમન કુમારે જણાવ્યું હતું કે તેમના કોટક સિક્યુરિટીઝ બેંકના ટ્રેડિંગ એકાઉન્ટમાં ૨૬ જુલાઈની સવારે ૧૧ વાગ્યાને ૨૦ મિનિટ પર આ રકમ અચાનક જમા થઇ હતી. ખાતામાં રકમ જમા થયાનો મેસેજ આવતા જ તે ચોંકી ગયા હતાં.

જો કે તેમણે ખાતામાંથી એક રૂપિયો પણ ઉપાડયો નથી. આ રકમ ક્યાંથી આવી કોણે મોકલી તે અંગેની માહિતી સુમન કે તેમના પરિવારજનો પાસે નથી. સુમને ૨૭ જુલાઈએ આ અંગેની સૂચના સ્પીડ પોસ્ટના માધ્યમથી મુંબઇ માલદા ઈસ્ટ મેઈન બ્રાન્ચને આપી હતી. જો કે અત્યાર સુધી ત્યાંથી કોઇ પણ જવાબ આવ્યો નથી. તેમના ખાતામાં આ રકમ એમને એમ પડી છે.

સુમન શેર બજારમાં પણ રોકાણ કરે છે. ખાતામાં આટલી મોટી રકમ જમા થયા પછી સુમને કોટ્ક સિક્યુરિટીઝને આટલી મોટી રકમ જમા થવાનું કારણ પૂછ્યું છે. તેમણે આ માટે આરટીઆઇ પણ માગી છે.

આરટીઆઇ દાખલ કરી કોટકને પૂછવામાં આવ્યું છે કે આ રકમ ક્યાંથી અને કોના માધ્યમથી તેમના ખાતામાં આવી. આ રકમનો માલિક કોણ છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવે. સુમને જણાવ્યું હતું કે આ રકમ ક્રેડિટ થવા અંગે કંપની દ્વારા તેમને કોઇ માહિતી આપવામાં આવી નથી. જો કે આ થવાને કારણે સમગ્ર જિલ્લામાં સુમનની ચર્ચા ચાલી રહી છે.

## કર્મચારીઓને આગામી બે વર્ષ ખૂબ મહેનત કરવા નિર્દેશ : નહીંતર VRSના ફોર્મ તૈયાર
# કામ કરો અથવા ઘરે જાઓ: BSNLના કર્મચારીઓને કડક અલ્ટિમેટમ અપાયું

ગુજરાત | વંદન

ટેલિકોમપ્રધાન અશ્વિની વૈષ્ણવે BSNLના ૬૨,૦૦૦ કર્મચારીઓને કડક ચેતવણી આપતાં કહ્યું છે કે કામ કરો અથવા ઘરે જાઓ. બીમાર BSNL માટે સરકારે રૂ. ૧.૬૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. તેમણે કહ્યું હતું કે એવા કર્મચારીઓ જે અપેક્ષા મુજબ દેખાવ નથી કરી રહ્યા, તેમણે નિવૃત્ત થવા અને ઘરે જવા તૈયાર રહેવું પડશે. વૈષ્ણવનો એક ઓડિયો લીક થયો છે, જેમાં તેઓ સરકારી કર્મચારીઓને આગામી બે વર્ષ ખૂબ મહેનત કરવા માટે નિર્દેશ આપી રહ્યા છે.

તેમણે કર્મચારીઓને કહ્યું હતું કે તેઓ કામ કરે અથવા VRS લઈ લે. નહીં તો કામ નહીં કરનારા કર્મચારીઓને જબરદસ્તીન VRS આપવામાં આવશે. જેવી રીકે રેલવેમાં કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલા પેકેજમાં -સર્વિસમાં સુધારો, એકાઉન્ટને મજબૂત કરવાનું અને ફાઈબર નેટવર્કનો વિસ્તાર છે. સરકાર BSNLને 4G ની સર્વિસ આપવા માટે સ્પેક્ટ્રમની ફાળવણી કરશે. અમે BSNLને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. ટેલિકોમ એક વ્યૂહાત્મક ક્ષેત્ર છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કર્મચારીઓને કહ્યું હતું કે તેઓ કામ કરે અથવા VRS લઈ લે. નહીં તો કામ નહીં કરનારા કર્મચારીઓને જબરદસ્તીન VRS આપવામાં આવશે. જેવી રીકે રેલવેમાં કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલા પેકેજમાં -સર્વિસમાં સુધારો, એકાઉન્ટને મજબૂત કરવાનું અને ફાઈબર નેટવર્કનો વિસ્તાર છે. સરકાર BSNLને 4G ની સર્વિસ આપવા માટે સ્પેક્ટ્રમની ફાળવણી કરશે. અમે BSNLને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. ટેલિકોમ એક વ્યૂહાત્મક ક્ષેત્ર છે, એમ તેમણે કહ્યું હતું.

## યુક્રેન-રશિયા યુદ્ધ હજુ પુરૂ થયું નથી ત્યાં હવે ચીન-તાઈવાન યુદ્ધના ભણકારાં..!
# લાગે છે કે 2022 વિશ્વ યુધ્ધ કરીને જ પુરૂ થશે..?!

ગુજરાત | વંદન

2022 યુધ્ધનું વર્ષ હોય તેમ લાગી રહ્યું છે. કોઇ જ્યોતિષના આગાહી જોવી પડે. કેમ કે 2022 શરૂ થતાં જ ફેબ્રુઆરીમાં રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું તેનો હજુ અંત આવ્યો નથી., ત્યાં વળી જુલાઇ શરૂ થતા થતાં ચીન અને તેની નજીક આવેલા ટાપુ રાષ્ટ્ર તાઈવાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે. માંડ 2.63 કરોડની વસ્તી ધરાવનાર તાઈવાનને 145 કરોડની વસ્તી ધરાવનાર અને ચીન તાઈવાનને પોતાનો હિસ્સો માને છે.. ચીન જો 135 કરોડની વસ્તી ધરાવનાર ભારતવર્ષની મહેમાનગતિ માણીને ભારતને પરેશાન કરી શકે તો તાઈવાન તો તેની સામે બચ્ચુ કહેવાય. અને આજે નહીં તો કાલે તાઈવાન પર ચીનનું આધિપત્ય થઇ જશે. કેમ કે અમેરિકાને તાઈવાનની સ્વતંત્રતામાં નહીં પણ ચીનને હંફાવવામાં રસ છે. એમ કહી સકાય કે અમેરિકા તાઈવાનના ખભે બંદૂક મૂકીને ચીન તરફ નિશાન તાકી રહ્યું છે.

એક સમયે જાપાનના આધિપત્યમાં રહેનાર તાઈવાનને ચીનને સોંપવામાં આવ્યો હતો પણ પછી તે અલગ પડ્યુ પરંતુ ડ્રેગન પોતાના મોઢામાં આવેલો કોળિયો જતો કરે..? હું કોણ ચીન...લાલ ચીન...લાલ ચટ્ટાક ચીન... અને મેં જો તિબેટને ન છોડ્યુ હોય તો તાઈવાન તો અમારો જ હતો, આ તો જાપાનને આવડ્યુ નહીં, નહીંતર તાઈવાન આજે પણ જાપાનનો એક ભાગ હોત. અમેરિકા ભલે તાઈવાનને તેનુ રક્ષણ કરવાની ખાતરી આપે, પેલોસી તાઈવાનની મુલાકાત લે કે કેલોસી...હમ કો ક્યા...તાઈવાનનું ક્યાં સુધી અમેરિકા રક્ષણ કરશે..? અને અમારી આયોજન તો 25 વર્ષનું હોય છે...અમને કોઇ ઉતાવળ નથી...તિબેટ બાદ તાઈવાન અને તાઈવાન બાદ હિન્દી ચીની ભાઈ-ભાઈ વાળો દેશ ભારત...? મૈં લાલ ડ્રેગન...છોડેગા નહીં...ઝુકેંગા નહીં...નેહરૂ કો હરાયા આગે રાહુલ કો ભી હરાયેંગા...હમ સબ દેશ કો લાલ કરના મંગતા...હમારે પાસ ઈતના આર્મી હોતા..ખૂટતા હી નહીં...આતે હી રહતે હૈ...આતે હી રહતે હૈ...!






### ચીન-રશિયા-અમેરિકાની ત્રિપુટી કરશે સર્વનાશ..? તાઇવાન વસ્તી અઢી કરોડની, ચીનની 145 કરોડ..

વૈશ્વિક રાજકીય સ્થિતિ અને પરિસ્થિતિ પર નજર નાંખીએ તો 20-22નું વર્ષ ઉકળતા ચરૂ સમાન રહે તેમ છે. ચીન અને તાઈવાન બાદ અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે યુધ્ધના ભણકારાં વાગે છે અને જેમ ચીનની સામે અમેરિકાએ તાઈવાનને ટેકો આપ્યો તેમ રશિયાએ તાઈવાન મામલે ચીનને ટેકો આપીને કહ્યું- ચીનનું પગલુ યોગ્ય છે, ચીનને રશિયાનો ટેકો...લે અમેરિકા ઠેંગો..!!?

મૂળમાં જોઈએ તો લડાઇ અમેરિકા અને રશિયા વચ્ચેની જ છે. યુક્રેન, તાઈવાન જેવા દેશો સેન્ડવીચ બની રહ્યાં છે કેમ કે તેમની વસ્તી ઓછી અને શાંતિથી રહેવાની નિતિમાં માનનારા. પણ વિસ્તારવાદી ચીનની નીતિ-મા કસમ, ન ચૈન સે બૈઠુંગા....ન કીસી કો ચૈન સે બૈઠને દૂંગા...! એટેક....આક્રમણ..... અને ચીન તરફથી ધડાધડ બેલાસ્ટીક મિસાઈલો તાઈવાન તરફ..ઝુઉઉઉઉઉઉ...મ કરીને છોડાઇ તેમાંથી કેટલીક જાપાનની હદમાં જઇને પડી...કેમ કે તાઈવાન અને જાપાન નજીક નજીક છે. આમ તો ચીનનો બદઈરાદો જાપાનને પણ ઉશ્કેરવાનો હોઈ શકે, નહીંતર મિસાઈલ નિશાન નચૂકે..કાં તો એ ચાઈનીઝ જવાને લગાવેલી હશે...એટલે નિશાન ચૂક....થઈ ગયું હશે..

ભારત ઈચ્છે કે 2022માં લાલચીન કોઈ ઉંબાડિયુ ના કરે તો સારૂ. કાં તો લાલચીનના ભાઈબંધ રશિયાને કહીને દબાણ લાવવુ પડે કે સોના લઈ જા રે...ચાંદી લઈ જા રે...તિબેટ લઈ જા રે..,, તાઈવાન લઈ જા રે....નેપાળ લઈ જા રે....પણ લેહ-લદાખથી દૂર રહે તો ભયો ભયો....નહીંતર આતા માઝી છટકલી.. જેવુ થશે તો ભારત ડ્રેગનની પૂછડી પકડીને ભારતના ચાર ચક્કર લગાવી હિમાલયમાં ફેંકી દેવાની બાહુબલી તાકાત ધરાવે છે. આ તો ઠીક

(અનુસંધાન પેજ નં.6 પર)



# જાન્હવી કપૂર દક્ષિણ ભારતની ફિલ્મમાં ડેબ્યુ માટે તૈયાર

## સાઉથના સુપરસ્ટાર જૂનિયર એનટીઆર સાથે સ્ક્રીન શેર કરશે

ન્હવી કપૂરે હાલમાં જ વરુણ ધવન સાથેની ફિલ્મનું શૂટિંગ પુરુ કર્યાનું જણાવ્યુ હતું. આ પછી તેણે પોતાની અન્ય એક ફિલ્મની વાત કરી છે. પરંતુ તેની આ ફિલ્મ સાઉથની હશે. જાન્હવી ટોલીવૂડ સિનેમામાં ડેબ્યુ કરવાની છે. તે જૂનિયર એનટી આર સાથે સ્ક્રીન કરવાની છે. થોડા દિવસો પહેલા જ તેણે કહ્યું હતું કે, હું વાસ્તવમાં દક્ષિણ ભારતીય સિનેમા સાથે કામ કરવા ઉત્સાહિત છું. તેણે વધુમાં કહ્યું હતું કે, એનટી આર સર સાથે કામ કરવું એ મારા માટે ઉમદા તક છે.

જાન્હવીએ વધુમાં જણાવ્યું હતું કે, એનટીઆર સર સાથે કામ કરવું એ મારા માટે મહત્વનું છે. મને મણિ સરની ફિલ્મોમાં કામ કરવું છે, જેમાં ઐશ્વર્યા રાય બહુ જ સાધારણ કપડામાં, પહાડ અને ઝરણાઓની આસપાસ રહેમાનના ગીત ગાતી જોવા મળે છે.

# આમિરે કહ્યું, 'લાલ સિંહ ચડ્ડા' ફ્લોપ થશે તો હું તૂટી જઈશ...



આમિર ખાન લાલા સિંહ ચઢ્ઢા સાથે લગભગ ચાર વર્ષ પછી મોટા પડદા પર પાછા ફરી રહ્યા છે. લાલ સિંહ ચઢ્ઢામાં આમિર ખાન સાથે કરીના કપૂર પણ જોવા મળશે. લાંબી રાહ જોયા બાદ આ ફિલ્મ આજે રક્ષાબંધન પર સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આમિર ખાનના ચાહકો જે તેની ફિલ્મો માટે મહિનાઓ સુધી રાહ જોતા હતા, સોશિયલ મીડિયા પર ખૂબ જ ધૂમ મચાવતા હતા. પરંતુ લાલ સિંહ ચઢ્ઢા સાથે આવું કંઈ નથી થઈ રહ્યું, બલ્કે ચાહકોએ આ ફિલ્મને બહિષ્કાર કરવાની માંગ કરી હતી.

કરણ જોહરના શોમાં આમિર ખાને આ વાતનો સ્વીકાર કર્યો છે કે તેઓ 'લાલ સિંહ ચડ્ડા' માટે ખૂબ જ ગંભીર છે. 'કોફી વિથ કરણ'માં આમિર ખાને જણાવ્યું હતું કે, 'લાલ સિંહ ચડ્ડા'નો જન્મ 14 વર્ષ પહેલા થયો હતો. અતુલ કુલકર્ણીએ 2 અઠવાડિયામાં પટકથા લખી હતી અને 2 વર્ષ સુધી ટાળ્યા બાદ આખરે તેમણે વાર્તા સાંભળી હતી અને તેમને પસંદ આવી હતી. આમિર ખાને જણાવ્યું હતું કે, આ ફિલ્મને બનાવવાના રાઈટ્સ મેળવવા માટે તેમને 8-9 મહિનાનો સમય લાગ્યો હતો. ફિલ્મ નહીં ચાલે તો આમિર ખાન તૂટી જશે

'કોફી વિથ કરણ'માં આમિર ખાને ખુલાસો કર્યો હતો કે, તેઓ 'લાલ સિંહ ચડ્ડા' માટે જેટલા એક્સાઈટેડ છે, તેટલા જ નર્વસ પણ છે. તેમણે કહ્યું હતું કે, આ ફિલ્મ માટે બધાએ ખૂબ જ મહેનત કરી છે. જો દર્શકોને આ ફિલ્મ પસંદ નહી આવે તો મારૂ દિલ તૂટી જશે.

છેલ્લા કેટલાક દિવસોથી આમિર ખાન અને નાગા ચૈતન્યની આ ફિલ્મનો સોશિયલ મીડિયા ઉપર જોરદાર વિરોધ થઈ રહ્યો છે. આ ફિલ્મ માટે ટ્વિટર ઉપર પણ બોયકોટ ટ્રેન્ડ ચલાવવામાં આવી રહ્યો છે. આમિર ખાન સોશિયલ મીડિયા ઉપર ચાલી રહેલા આ વિરોધથી ખૂબ જ ચિંતિત છે. હાલમાં તેમણે દર્શકોને ફિલ્મને બોયકોટ ન કરવાની અપીલ કરી હતી.

# માતા બન્યા પછી મારી કારકિર્દી પર અચાનક બ્રેક નહીં લાગે : આલિયા



આલિયા ભટ્ટ માટે આ વરસ શુકનવંતુ સાબિત થઈ રહ્યું છે. આ વરસે તેના પ્રેમી રણબીર કપૂર સાથે લગ્ન થયા છે. જ્યારે લગ્નના બે-ત્રણ મહિનામાં જ ગર્ભવતી થવાના સારા સમાચાર આવ્યા છે. આ પછી તે માતા બન્યા પછી કારકિર્દીમાંથી બ્રેક લેશે એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

આલિયાએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, પોતે પ્રેગ્નન્ટ છે પરંતુ તેનો મતલબ એ નથી થતા કે તેની કારકિર્દી પર અચાનક બ્રેક લાગી જશે.મારું આ વરસ દિલચસ્પ, સરપ્રાઈઝિંગ ખૂબસૂરત રહ્યું છે, તેમ પણ તેણે જણાવ્યું હતું.

જોકે હવે બોલીવૂડમાં એ દિવસો નથી રહ્યા કે, અભિનેત્રીઓ માતા બને પછી તેમને ફિલ્મોમાં મુખ્ય રોલ ઓફર થતા નથી. આલિયાએ એમ પણ કહ્યું હતું કે, આવનારા દિવસોમાં મને મારું આ વરસ બહુ યાદ રહેવાનું છે.

આલિયા હાલ પોતાની આગામી ફિલ્મ ડાર્લિંગ્સનું પ્રમોશન કરી રહી છે. જેમાં તે અભિનયની સાથેસાથે નિર્માત્રી પણ છે. તેમજ તેણે હોલીવૂડ ડેબ્યુ પણ આ વરસે કર્યું છે.




# કાજલ અગ્રવાલ ફરી ફિલ્મોમાં પુનરાગમન માટે તૈયાર

કાજલ અગ્રવાલ માતા બન્યા બાદ આવતા મહિનાથી ફરી ફિલ્મ શૂટિંગ શરુ કરી દેશે. ખુદ કાજલે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી છે. કાજલે નેહા ધૂપિયા સાથે એક લાઈવ સેશન દરમિયાન કહ્યું હતું કે ૧૩મી સપ્ટેમ્બરથી કમલા હસન સાથે ઈન્ડિયન ટૂ ફિલ્મનું શૂટિંગ ચાલુ કરી દેશે. કાજલ ગયા એપ્રિલ માસમાં એક પુત્રની માતા બની હતી. તેણે પ્રેગનન્સીના કારણએ ફિલ્મોમાથી થોડા સમય માટે બ્રેક લીધો છે. કમલા હસનની સુપરહિટ ફિલ્મ ઈન્ડિયનના બીજા ભાગ તરીકે ઈન્ડિયન ટૂ બની રહી છે. આ ફિલ્મમાં કાજલ સાથે સિદ્ધાર્થ પણ છે. આ ફિલ્મનું શૂટિંગ તેના નિર્ધારિત શિડયૂલ કરતાં ઘણું મોડું થયું છે. થોડા સમય પહેલાં જ કમલા હસને કહ્યું હતું કે હજુ અમે ૬૦ ટકા જ શૂટિંગ કરી શક્યા છીએ અને હજુ ઘણું કામ બાકી છે.

એક સમયે ચર્ચા હતી કે દીપિકા પાદૂકોણ કાજલનો રોલ કરવાની છે. પરંતુ, હવે કાજલે પોતે શૂટિંગ શરુ કરી રહી હોવાની માહિતી આપી દીપિકાને આ રોલ મળ્યાની અફવાનું ખંડન કરી દીધું છે.

# સુનિલ શેટ્ટી એક્ટર નહીં, ક્રિકેટર બનવા માંગતો હતો, 61 વર્ષે પણ છે ફિટ



# દરિયા કિનારે એક્ટ્રેસ અલાયાનો ગ્લેમરસ લૂક

જાણીતી એક્ટ્રેસ પૂજા બેદીની દીકરી અલાયા ફર્નિચરવાળા એકવાર ફરીથી પોતાની બિન્દાસ તસવીરોને લઈને ઈન્ટરનેટ પર છવાઈ છે. ફેન્સને તો તેના એબ્સ પણ દેખાઈ રહ્યાં છે. અલાયા ફર્નિચારવાલા અત્યારે માલદીવમાં છે, અને ત્યાંથી કેટલીય બિન્દાસ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે.

અલાયા ફર્નિચારવાલાની આ બિન્દાસ તસવીરોએ ઈન્ટરનેટનો પારો હાઈ કરી દીધો છે. ફેન્સને તેના એબ્સ સુધી દેખાઈ રહ્યાં છે. અલાયાની આ તસવીરોમાં તે પોતાની ટૉન્ડ બૉડી ફ્લૉન્ટ કરતી દેખાઈ રહી છે. તેને લખ્યું છે - જાદૂ જેવો અનુભવ થઈ રહ્યો છે. માલદીવ તડકાનો અનુભવ કરી રહી છું.અલાયા ફર્નિચારવાલા બૉલીવુડમાં એન્ટ્રી મારવાની તૈયારીમાં છે, પણ પૉપ્યૂલારિટીના મામલામાં અત્યારથી જ સારી સારી હીરોઈનોને પાછળ છોડી દીધી છે. આલિયા સોશ્યલ મીડિયા પર વર્કઆઉટ વીડિયો પણ ખુબ પૉસ્ટ કરતી રહે છે, તેને પણ ફિટનેસ ફ્રિકનેસ છે. અલાયા ફર્નિચારવાલા બહુ જલદી ફિલ્મ ફ્રેડીમાં દેખાવવાની છે, આ ફિલ્મમાં તેની સાથે કાર્તિક આર્યન દેખાશે.

# ટેલિવિઝન એક્ટ્રેસ દીપિકા સિંહને બોલિવુડ ન ફળ્યું

કાળા-મોટા નેણ, કાળા ભમ્મર-સુંવાળા કેશ, આકર્ષક ફિગર, ગોરો વાન, પ્રભાવશાળી વ્યક્તિત્વની સ્વામિની દીપિકા સિંહે ટચૂકડા પડદે આવતાવેંત દર્શકોને જાણે કે પોતાના કરી લીધાં હતાં. વર્ષ ૨૦૧૧માં આવેલી ધારાવાહિક 'દિયા ઔર બાતી હમ'માં સંધ્યા કોઠારીની ભૂમિકા ભજવનાર દીપિકાએ આ આખી સિરિયલને જાણે કે પોતાના મજબૂત ખભા ધરી દીધાં હોય એવો તાલ જોવા મળતો હતો. લાગલગાટ પાંચ વર્ષ સુધી ચાલેલી આ શ્રેણીમાં દીપિકાએ વિચારશીલ અને સ્ટ્રેટ-ફોરવર્ડ યુવતીથી લઈને ગૃહકાર્યમાં સાવ કાચી ગૃહિણી, પ્રેમાળ પત્ની અને મક્કમ મનોબળ ધરાવતી આઈપીએસ ઓફિસર સુધીની શાનદાર સફર ખેડી હતી. દરમિયાન તેણે આ શોના દિગ્દર્શક રોહિત રાજ ગોયલ સાથે લગ્ન કરી લીધાં હતાં. ૨૦૧૭માં તેમને ત્યાં એક પુત્ર પણ અવતર્યો.



પરંતુ અદાકારાને કદાચ માધ્યમ બદલવાનું ફળ્યું નહીં. તાજેતરમાં જ તેની ફિલ્મ 'ટિટુ અંબાણી' આવી હતી. કદાચ બહુ ઓછા લોકોએ આ ફિલ્મનું નામ પણ સાંભળ્યું હશે. આ ફિલ્મમાં તેનો મુખ્ય સહકલાકાર છે તુષાર પાંડે. અદાકારા કહે છે, 'આ મૂવી દ્વારા મેં બોલિવૂડમાં કદમ માંડયાં છે, પરંતુ આ ફિલ્મ કરવા વિશે હું અવઢવમાં હતી. આનું કારણ એ કે અગાઉ ક્યારેય મેં ફિલ્મોમાં કામ નહોતું કર્યું. મેં માત્ર ટચૂકડા પડદે જ કિસ્મત અજમાવી હતી. તેથી મને થોડો ડર લાગતો હતો. ભલે મારી ધારાવાહિક 'દિયા ઔર બાતી હમ'ને બેહદ સફળતા મળી હોય, પણ ફિલ્મો કરવાની ઈચ્છા ધરાવવી અને તેમાં કામ મેળવવું ને સફળ થવું ધારવા જેટલું આસાન નથી.'

બોલિવુડ અભિનેતા સુનિલ સેટ્ટી પોતાનો 61મો જન્મદિન મનાવી રહ્યા છે. 61 વર્ષ પહેલા આજના દિવસે જન્મેલા અભિનેતા સુનીલ શેટ્ટીનું બોડી બિલ્ડિંગ અનેક લોકોને પ્રેરણા આપે છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં અન્ના તરીકે પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીને ત્રણ દાયકા પુરા થવા જઈ રહ્યા છે. તેમનો જન્મ 11 ઓગસ્ટ 1961ના રોજ કર્ણાટકના મૈસુર ખાતે થયો હતો.



બોલિવૂડમાં સુનિલ શેટ્ટીની ઓળખ એક્શાન હીરો તરીકેની છે. તેઓ આજે ફિલ્મ જગતમાં ટોચની હસ્તી બની ગયા છે, પરંતુ બાળપણમાં તેઓ કલાકાર નહીં, ક્રિકેટર બનવા માંગતા હતા. અલબત્ત ભાગ્ય તેમને ફિલ્મ જગતમાં લઈ આવ્યું હતું. હવે તેઓ હોટેલ ક્ષેત્રમાં પણ જાણીતા છે.

સુનિલ શેટ્ટીએ વર્ષ 1992માં બલવાન ફિલ્મથી પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. આ ફિલ્મમાં તે સમયની જાણીતી હિરોઈન દિવ્યા ભારતી પણ મહત્વની ભૂમિકામાં હતી. આ ફિલ્મથી સુનિલ શેટ્ટીની ઓળખ એક્શાન હીરો તરીકે થઈ હતી. ત્યારબાદ 1994માં આવેલી મોહરા ફિલ્મમાં અક્ષય કુમાર અને રવીના ટંડન સાથે તેમણે કામ કર્યું હતું.

આ સમય દરમિયાન તેઓ એક પછી એક એક્શાન ભૂમિકા ભજવી રહ્યા હતા. ત્યારે તેઓ પ્રથમ વખત ડબલ રોલમાં પણ જોવા મળ્યા હતા. તેમની 'ગોપી કિશન' ફિલ્મ સુપર હિટ સાબિત થઈ હતી. થોડા વર્ષો પહેલા આવેલી યે તેરા ઘર યે મેરા ઘર, હેરા ફેરી, દે દના દન જેવી ફિલ્મોથી સુનીલે દર્શકોના દિલ જીતી લીધા હતા. જયારે વર્ષ 2001માં આવેલી ધડકન ફિલ્મમાં તેને બેસ્ટ વિલનનો એવોર્ડ પણ મળ્યો હતો.



### કાલુપુર રેલવે સ્ટેશન બહાર મોબાઈલ ચોરીના વધતા જતાં કિસ્સા

# જ્યાં વારંવાર ગુના બને છે, ત્યાંજ સીસીટીવી કેમેરા બંધ હાલતમાં!

### ભોગ બનનાર ફરિયાદી કહે છે સીસીટીવી કેમેરા જ બંધ તો ચોર કઈ રીતે પકડાય ?

ગુજરાત | વંદન

શહેરમાં ગુનાખોરીને રોકવા અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ઠેર ઠેર સત્તાવાળાઓ દ્વારા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ એક કિસ્સામાં એવી ચોંકાવનારી બાબત બહાર આવી છે કે, કાલુપુર વિસ્તારમાં જ્યાં મોબાઈલ ચોરીના ગુના બને છે, ત્યાં સીસીટીવી કેમેરા બંધ હોય છે. મોબાઈલ ચોરીનો ભોગ બનનાર ફરિયાદી મેહુલ દરજીના જણાવ્યા પ્રમાણે અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે કાલુપુર આઉટગેટ સામે આવેલા એસટી સ્ટેન્ડ વિસ્તારમાં સીસીટીવી કેમેરા બંધ હાલતમાં છે.




ફરિયાદીના જણાવ્યા પ્રમાણે 17 જુલાઈના રોજ તેઓ પોતાના કામે રેલવે સ્ટેશને ગયા હતા. ત્યાંથી તેઓ તેમણી પત્ની મનિષા બેન સાથે સ્ટેશનમાંથી બહાર નિકળ્યા ત્યારે કાલુપુર ડીસીપી ઓફિસની સામે રોડ પર એક બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ સરનામું પૂછવાના બહાને ઝપાઝપી કરી, તે દરમિયાન તેમનો મોબાઈલ ચોરાઈ ગયો. ત્યાંથી નિકળ્યા બાદ તેમને જાણ થઈ કે મોબાઈલ ફોન નથી. આ અંગેની ફરિયાદ કાલુપુર પોલીસ સ્ટેશનમાં આપી છે.

ગુજરાત વંદન સાથેની એક વાતચિતમાં ફરિયાદી દરજીએ કહ્યું કે, તેઓ પોતે વ્યવસાયે મીડિયાકર્મી છે, તેથી જ્યાં બનાવ બન્યો ત્યાંના સીસીટીવી કેમેરા ચેક કરાવવાનો પ્રયાસ કર્યો ત્યારે સત્તાવાળાઓએ એમ કહ્યું કે ડીસીપી ઓફિસની બહાર અને અન્યત્ર સીસીટીવી કેમેરા બંધ હાલતમાં છે. આ અંગે તેમણે પોલીસને પૂછતાં એમ કહ્યું કે, સીસીટીવી કેમેરાનો કોન્ટ્રાક્ટ જેમણે આપ્યો છે, તે પૂરો થઈ ગયો છે. તેથી કદાચ સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હોઈ શકે.

એવી લાગણી જોવા મળી રહી છે કે, કોઈ ચોક્કસ ગેંગ રેલવે સ્ટેશન અને ડીસીપી ઓફિસની આસપાસ ખોટા ઝઘડા કરીને કે ઝાપટ મારીને મોબાઈલ ચોરી જવાના ગુના નોંધાયા છે, સીસીટીવી કેમેરા જ બંધ હોય તો ગુનેગારોને કઈ રીતે પકડી શકાય? કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયો હોય તો તેને રિન્યુ કરી શકાય અથવા કોઈ બીજી વ્યવસ્થા દ્વારા સીસીટીવી કેમેરા ચાલું રાખી શકાય કેમકે સીસીટીવી કેમેરા લગાવવાનો હેતુ ગુનાખોરી રોકવાનો છે.

#### સીસીટીવી કેમેરા બંધ હોય તો અમે આગળ રીપોર્ટ કરતા હોઇએ છીએ - પીઆઇ



આ મામલે કાલુપુર પીઆઈએ જણાવ્યું હતું કે, મોબાઈલ લૂંટની તપાસ ચાલી રહી છે, ઘટનાસ્થળ પર લાગેલા સીસીટીવી કેમેરાની પણ તપાસ કરવામાં આવી રહી છે, સર્વેલન્સ સ્કોર્ડની ટીમ તપાસ કરી રહી છે. ઘટનાસ્થળે લાગેલા સીસીટીવ કેમેરા બંધ હોવાની વાત પર પીઆઈએ જણાવ્યું હતું કે, સીસીટીવી કેમરા સીપી ઓફિસથી સંચાલિત થાય છે. સીસીટી કેમેરા બંધ હોય તો આની રીપોર્ટ કરતા હોઈએ છીએ. પીઆઈએ વધુમાં જણાવ્યું કે આવી ઘટનાઓ રોકવા માટે લોકોને સાવચેતી રાખવાની જરૂર છે, એટલું જ નહીં દુકાનો તેમજ શો રૂમમાં સીસીટીવી કેમેરા લગાવવા વેપારીઓને અપીલ કરીએ છીએ.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

### કેબીસીમાં કોઇ સ્પર્ધકની ગરીબી છલકે એટલે વાયોલિનના સૂર વહેતા થાય.., અરે ભાઇ આખો દેશ ગરીબ છે એટલે ગરીબ જ આવશે ને..!

ફરી એકવાર કરોડપતિ અને કમ સે કમ લાખોપતિ બનાવની તક મળે એવો હાથ મસળતા મસળતા દેવીઓ ઔર સજ્જનો.. વાળો કાર્યક્રમ કૌન બનેગા કરોડપતિ-કેબીસી- શરૂ થઈ ગયો છે. નાના પાટેકરની અદામાં કહીએ તો - અચ્છા હૈ...જો જિતેંગે ઉનકી ગરીબી તો દૂર હોંગી...અચ્છા હૈ...!



ભારતમાં વર્ષો પહેલાં વિદેશના આવા એક ટીવી શોની નકલ કરીને શરૂ થયેલા જ્ઞાન આધારીત આ કાર્યક્રમમાં હવે ઘણાં ફેરફારો થયા છે. પણ મૂળ હેતુ ખેલો ઈન્ડિયા... જવાબ આપો ઈન્ડિયા અને જીત કે લેકે જાઓ લાખો ઈન્ડિયા..નો અકબંધ રહ્યો છે. કેટલીક એનજીઓને પણ નામ પૂરતી રમાડીને લાખો રૂપિયાની મદદ આડકતરી રીતે કરવામાં આવે છે અને તેમાં વળી કોઈ સ્પર્ધક ભારતની ગરીબી રજૂ કરે એટલે વાયોલિનના સૂર શરૂ થાય અને શો સંચાલક અમિતાભ બચ્ચન પણ ગળગળા થઈ જાય.

અરે, ભાઈ આખો ભારત દેશ ગરીબ છે એટલે યાં પહોંચનાર કોઈ રાણી-વાણી-પાણી-કાણી-ખાણી-માણીનો દિકરો કે દિકરી તો હોટ સીટ પર આવવાનો નથી. કોઈને કોઈ ગરીબ જ આવે એટલે એમાં વાયોલિન ના ઉદાસ સૂર વગાડવાની જરૂર નથી. એટલે બચ્ચનસાબ, તેનામાં રહેલાં જ્ઞાન કો ટટોલિયે ઔર ઉસકી ઝોલી ભરીએ...આટલુ થાય તો ભયો ભયો..કેમ કે બચ્ચનસાબ તો શો પૂરો થાય એટલે ઝોળી નહીં સુટકેસ ભરીને લઈ જ જાય છે અને એ તેમની મહેનતના છે. ઈચ્છીએ કે કેબીસી વર્ષો વર્ષ ચાલે અને ભારતના લોકોની ગરીબી દૂર થાય... પણ કેબીસીમાં આઈપીએલવાળો લલિત મોદી અને સુસ્મિતાસેન આવે તો..?! મૌજા હી મૌજા....

### કર્મચારીઓને અર્પણ- આઠમા પગાર પંચની ભાવિ કમાણી સાતમાં પગાર પંચમાં સમાણી...ચુપચાપ કામ કરો નહીંતર વીઆરએસના ફોર્મ તૈયાર જ છે..!



બીએસએનએલનેં એક સમયે ટેલિફોનના ડબલાથી કંટાળેલા લોકો કહેતા-ભાઈસાબ નહીં લગતા...! એ ટેલિકોમ કંપનીના કર્મચારીઓને વિભાગના મંત્રીએ કહી દીધુ- કામ કરી બતાવો નહીંતર આરામ માટે તૈયાર રહો...કાર્યક્ષમતા બતાવો. બીએસએનએલમાંથી કેટલા વીઆરએસ કે ફરજિયાત નિવૃત થશે એ તો હવે પછી બહાર આવશે પણ સરકારના કર્મચારીઓને કહી દેવાયું- આઠમા પગાર પંચને ભૂલી જાઓ..મોંઘવારીને પહોંચી વળવા મોઘવારી ભથ્થુ મળે જ છે ને... એનાથી કામ ચલાવો...!

કેવો દબદબો હતો કર્મચારી સંગઠનોનો. કર્મચારી સંગઠન કહે એટલે સરકાર ફટાફટ પગાર વધારવા નવા વેતન પંચની રચના કરે અને તેનો અમલ પણ કરીને કર્મચારીઓના પગારમાં દર વખતે વધારો જ વધારો થતો હતો. પણ લાગે છે કે સાતમો પગાર પંચ છેલ્લો પગાર પંચ બની રહે તો નવાઈ નહીં..સાતમા પગર પંચમાં કર્મચારીઓના વેતન ખૂબ ઉંચા છે અને તેમને મોંઘવારી વધે એટલે મોંઘવારી ભથ્થુ પણ મળતુ રહે છે. એટલે કર્મચારીઓએ હવે આઠમા પગાર પંચના સપના જોવાને બદલે સાતમા પગાર પંચ પ્રમાણે મળતા ઉંચા પગારો પ્રમાણે કામ કરીને પ્રજાના કામો કરો કેમ કે મંત્રીને કરેલી રજૂઆતનો પત્ર ફરતો ફરતો છેવટે તમારા ટેબલ પર આવે છે અને એક ટેબલથી બીજા ટેબલ પર ફાઈલ મોકલામાં વજન મૂકો..વાળી નીતિરીતિ બંધ નહીં થાય તો સરકાર તૈયાર જ.. .ચલો નિકળો...


કર્મચારીઓના આટલા ઉંચા પગારો છે કે બેંકમાં જતાં ગ્રાહકોની કાયમ ફરિયાદ રહેતી- ટેબલ પર બેસતા જ નથી..વાતો જ કર્યા કરે છે...બેઠા બેઠા પગારો ખાય છે...એમ માનનારા-જોનારા એ સાંભળીને રાજી થયા હશે કે સારૂ કર્યું, મોદી સરકારે આઠમા પગાર પંચની રચના કરવાનો ઈન્કાર કર્યો. આટલા ઉંચા પગારો છે તોય હજુ વધારે પગાર જોઈએ છે..? પહેલા કામ તો કરો...ઘણીવાર નવરાત્રિના નવ ગરબામાં આઠમો ગરબો હોતો નથી. આઠમનો ગરબો સાતમમાં કે નવમમાં ભળી જાય એમ આઠમા પગાર પંચની કમાણી સાતમા પગાર પંચમાં સમાણી..!

પ્ર.ધ.

# મહિલા કોંગ્રેસ નેતાએ ગુજરાતના ખેલાડીઓનું કર્યું અપમાન, હર્ષ સંઘવીએ આપ્યો જવાબ

### ગુજરાતના પાંચ ખેલાડીઓએ પણ કોમનવેલ્થમાં જીત્યા છે મેડલ : હર્ષ સંઘવી

ગુજરાત | વંદન




ઈંગ્લેન્ડના બર્મિંઘગમાં કોમનવેલ્થ ગેમ્સ સમાપ્ત થઈ ગઈ છે ત્યારે આ મુદ્દે ગુજરાતમાં રાજકારણ શરૂ થઈ ગયું છે. કોંગ્રેસ નેતા નતાશા શર્માએ ખેલજગતના ખેલાડીઓનું અપમાન કરતા ટ્વિટ કરીને કહ્યું હતું કે, 'કોઈ ગુજરાત સે ભી ગોલ્ડ મેડલ લાયા હૈ ખેલો મે, યા ફિર બેંક લૂંટકર ભાગને મેં હી ગોલ્ડ મેડાલિસ્ટ હૈ'. જો કે આ ટ્વિટ બાદ લોકોએ તેઓને ટ્રોલ કરવાના શરુ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાતના ખેલાડીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા છે. જેમાં સુરતના હરમીત દેસાઈએ ગોલ્ડ મેડલ જીત્યો છે તો ભાવિના પટેલે ગોલ્ડ મેડલ જીત્યો છે. બીજી તરફ સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું છે.

રમતગમત મંત્રી અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વળતો જવાબ આપતા ટ્વિટ કરીને જણાવ્યું કે, 'આવું પહેલીવાર નથી થયું કે કોંગ્રેસે દેશ કે ગુજરાતની નિંદા કરી હોય. વિભાજનની ગંદી રાજનીતિ લોહીમાં છે. અખંડ રાષ્ટ્રનો વિચાર અમારી નસોમાં છે. કોંગ્રેસ ગુજરાત માટે આટલી નફરત ક્યાંથી લાવો છો. અહીં ફરી તેમનું પાત્ર ગુજરાતની જનતા સમક્ષ આવ્યું છે! ખેલાડીઓનું અપમાન કરવાનું બંધ કરો. ગુજરાતના ખેલાડીએ કોમનવેલ્થ ગેમ્સમાં 5 મેડલ જીત્યા છે. ભારતે 61 મેડલ સાથે વિશ્વમાં ટોચના 5માં સ્થાન આપ્યું છે. કોંગ્રેસની માનસિકતા માટે તેઓએ ગુજરાતના પ્રતિભાશાળી ખેલાડીઓની માફી માંગવી જોઈએ.

### પુરાતત્ત્વ વિભાગે NOC આપતા માર્ગ મોકળો અમદાવાદમાં બુલેટ ટ્રેનના સ્ટેશનનું કામ હવે 'બુલેટ ગતિ' પકડશે



ગુજરાત | વંદન

અમદાવાદ - મુંબઈ વચ્ચેની હાઈસ્પીડ (બુલેટ) ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 12 પર કોર્પોરેટ લુક ધરાવતા અમદાવાદ સ્ટેશનને પુરાતત્વ સર્વેક્ષણ વિભાગે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપતા હવે સ્ટેશન નિર્માણની કામગીરી શરૂ કરાશે. સરસપુર સાઈડે ઝુલતા મિનારા અને બ્રિક મિનાર જેવા હેરિટેજ સ્મારક છે. આ સ્મારકોને બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી કોઈ નુકસાન નહીં થાય તેમ પુરાતત્વ વિભાગના સભ્ય હેમરાજ કામદારે સાઈટની મુલાકાત બાદ જણાવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન હેમરાજ કામદારે હાઈસ્પીડ ટ્રેકથી 244 મીટર

...અનુસંધાન પેજ નં. 6 પર



### આગામી 5 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

# તહેવારોમાં ભારે વરસાદની આગાહી, સમુદ્રમાં લો પ્રેશર સિસ્ટમ સક્રિય

ગુજરાત | વંદન

હવામાન વિભાગની આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય થયું છે. પોર્ટ પર 3 નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. આ સાથે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્યમાં આગામી પાંચ વરસાદી માહોલ યથાવત રહેશે. આગામી 3 દિવસ ગુજરાત મા ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર કચ્છમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 11 ઓગસ્ટના પણ ભારે વરસાદની આગાહી છે. 12 ઓગસ્ટના રોજ બનસકાંઠા, સાબરકાંઠા ,અરવલ્લી, મહીસાગર માં ભારે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભારે તો ક્યાંક અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ અને ગીર સોમનાથમાં અત્યંત ભારે વરસાદ પડવાની શક્યતાઓ હોવાથી હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તો આ તરફ અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આજે ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે જૂનાગઢ, ગીર સોમનાથ, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, રાજકોટ, પોરબંદર, અમરેલી, દીવ, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, જામનગર, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, કચ્છમાં ભારે વરસાદ વરસી શકે છે. તો આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, પોરબંદર, દ્વારકા, બનાસકાંઠા, રાજકોટ, જૂનાગઢ અને કચ્છમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

# 'નલ સે જલ' યોજનામાં 3800 કરોડની ગેરરીતિ અંગે ચોંકાવનારો અહેવાલ

■ સ્થાનિક અખબારે નલ સે છલ મથાળા સાથે પ્રસિદ્ધ કરેલા અહેવાલના પગલે સરકારમાં હલચલ

ગુજરાત | વંદન



અમદાવાદથી પ્રકાશિત દૈનિક અખબાર દિવ્ય ભાસ્કરે નલ સે જલ યોજનામાં અંદાજે 3800 કરોડ રૂપિયાની ગેરરીતિ થઈ હોવાના ચૌંકાવનારા અહેવાલ પ્રસિદ્ધ કર્યા છે જેના પગલે રાજ્ય સરકારમાં હલચલ થઈ છે.

અહેવાલમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકારે દરેક ગામમાં ઘરે ઘરે નળથી પાણી પહોંચે તે માટે જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ અને હર ઘર જલ જેવી યોજના બહાર પાડી ગ્રામ્ય વિસ્તારો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી જેમાં રાજ્ય સરકારે કેન્દ્ર જેટલો જ ફાળો આપવાનો છે. ગુજરાતમાં છેલ્લાં 3 જ વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સહિત કુલ 8919.04 કરોડ રૂપિયાનો જંગી ખર્ચ ગામોમાં નળ કનેક્શન પહોંચાડવા માટે થયો છે. નળ કનેક્શનના નામે 3800 કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. નલ સે જલ યોજના હેઠળ રાજ્યના 16 જિલ્લા 100 ટકા નલ સે જલ જાહેર કરાયા છે.

ગામોમાં 100 ટકા કનેક્શન આપ્યાની વાતો કરી છે ત્યાં સ્થિતિ ચકાસતા જોવા મળ્યું હતું કે, જ્યાં પહેલાથી નળ કનેક્શન છે ત્યાં નવા નળ કનેક્શન આપવા માટે ગ્રાન્ટ મંજૂર કરાવી 100 ટકા કામ થયાનું બિલ મુકાઈ ગયું પણ કામ અડધું જ થયું.

જે ગામોનો લક્ષ્યાંક અપાયો ત્યાં દરેક ઘરે નળ આપવાને બદલે જેટલા નળ અપાયા તેટલા જ ઘરની સંખ્યાને આખા ગામની કુલ સંખ્યા ગણાવી 100 ટકા કહી દીધું આવી અલગ અલગ રીતે કૌભાંડ આચર્યું છે. સમગ્ર ગુજરાતમાં માત્ર 3 વર્ષમાં 22.99 લાખ ઘરમાં નળ કનેક્શન આપી દીધા છે પણ હકીકત એ છે કે બીજા જિલ્લા તો દૂર 100 ટકા જાહેર થયા તે જિલ્લાના ગામોમાં પણ હજુ ટેન્કર યુગ છે કારણ કે ત્યાં હજુ કનેક્શન કે પાણી પહોંચ્યા જ નથી તેથી દરરોજ પાણી પુરવઠા વિભાગ જુદા જુદા ગામોમાં દૈનિક 1000થી વધુ ટેન્કર પાણી પહોંચાડે છે.

# જો ટ્રાફિકજામના કારણે એમ્બ્યુલન્સમાં કોઈનું મૃત્યુ થાય તો તેની જવાબદારી કોની?

■ અમદાવાદના પૂર્વ વિસ્તારથી તંત્રનું ભેદભાવપૂર્ણ વલણ, નિરાંત ક્રોસ રોડ પર ટ્રાફિકની સમસ્યા ક્યારે હલ થશે?

ગુજરાત | વંદન



પૂર્વ અમદાવાદમાં ટ્રાફિક જામની સમસ્યા વધુને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. એક જ શહેર છે પરંતુ દ્રશ્યો બે છે. એક જ શહેર છે પરંતુ વલણ બેવડુ છે. એક જ શહેર છે.પરંતુ તંત્રની નીતિ-રીતી અલગ અલગ છે. અમદાવાદના પશ્ચિમ ઝોનમાં ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મેળવવા માટે મહાનગરપાલિકા દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યા છે અને લેવામાં આવે છે, પરંતુ પૂર્વ ઝોનમાં ટ્રાફિકની નાની મોટી સમસ્યાનો ઉકેલ લાવવાના કોઈ ગંભીર પ્રયાસો તંત્ર દ્વારા કેમ નથી થતાં એવા સવાલો થઈ રહ્યાં છે. અને સમસ્યા યથાવત છે. અહીં વસ્ત્રાલ વિસ્તારના નિરાંત ક્રોસ રોડ પર ટ્રાફિકના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ રોડ પર ટ્રાફિકની સમસ્યાના કારણે એમ્બ્યુલન્સ પણ ફસાઈ જાય છે. અને એવા સમયે જો ટ્રાફિકજામના કારણે એમ્બ્યુલન્સમાં કોઈનું મૃત્યુ થાય તો તેની જવાબદારી કોની? કોણ પોતાના માથે જવાબદારી લેશે..? પૂર્વ અમદાવાદ નિરાંત ક્રોસ રોડ પર લોકોને સવાર-સાંજ કલાકો સુધી ટ્રાફિકમાં ઊભા રહેવું પડે છે. આ ચોકડી પર ટ્રાફિક સિગ્નલ કે ટ્રાફિક પોલીસ પણ નથી. જેના કારણે ભારે ટ્રાફિક સમસ્યા સર્જાય છે. બાળકોને શાળા, લોકો ઓફિસ કે બજારમાં જવા માટે આ ભારે ટ્રાફિકમાંથી પસાર થવું પડે છે. જેના કારણે સ્થાનિક લોકોમાં વહીવટીતંત્ર સામે રોષ ફેલાયો છે. અહીંના નિરાંત એપાર્ટમેન્ટમાં રહેતા રૂત્વિક પ્રજાપતિએ "ગુજરાત વંદન" અખબારના પ્રતિનિધિને જણાવ્યું હતું કે, દરરોજ સવાર-સાંજ નિરાંત ક્રોસ રોડ પર ટ્રાફિકના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સવારે બાળકોને શાળાએ જવાના એક કે બે કલાક પહેલા ઘરથી નિકળવુ પડે છે. આટલું જ નહીં ઓફિસકે માર્કેટ જવા માટે સતત ધમધમતા ટ્રાફિક માંથી

...અનુસંધાન પેજ નં. 6 પર

કૌભાંડ | એજન્ટ થ્રુ વિદેશ જતા વિદ્યાર્થીઓ ચેતી જજો! ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન કૌભાંડ



# કરોડો લઇને એજન્ટો થયા માલામાલ પણ 3500 ગુજરાતીઓ ફસાયા, 24 જેટલા એજન્ટો રડારમાં

■ ગુજરાતમાંથી ચાલી રહ્યું છે કરોડોનું મહાકૌભાંડ: IHRAના ચેરમેન

ગુજરાત | વંદન

એજન્ટ થ્રુ વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો. ઓસ્ટ્રેલિયામાં ઝડપાયું ઈમિગ્રેશન કૌભાંડ. જેમાં બોગસ વિદ્યાર્થીઓએ ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ લીધો હોવાનો ખુલાસો. હજુ તો તાજેતરમાં જ IELTSમાં 8 બેન્ડ મેળવીને મહેસાણાના 4 યુવકોને USA મોકલવાનું કૌભાંડ આચર્યાની ઘટનાને ઝાઝો સમય નથી થયો. ત્યાં તો વધુ એક કૌભાંડ સામે આવ્યું છે. ઓસ્ટ્રેલિયામાં IHRA (ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોશિએશન) ની તપાસમાં મસમોટું ઈમિગ્રેશન કૌભાંડ સામે આવ્યું છે. જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આથી, એજન્ટ થ્રુ વિદેશ જતા વિદ્યાર્થીઓ સાવધાન.

ઈમિગ્રેશન કૌભાંડમાં ખોટા બેન્ડ મળ્યાના સર્ટિફિકેટથી અનેક વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયા મોકલવામાં આવ્યા હોવાનું કૌભાંડ સામે આવ્યું છે. વિદ્યાર્થીઓને બોગસ બેન્ડ સર્ટિ, બોગસ ડિગ્રી અને બોગસ એજ્યુકેશન બેન્ક લોન સર્ટિથી વિદેશ મોકલવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. હાલમાં ઓસ્ટ્રેલિયામાં 3 હજાર 500 જેટલાં ગુજરાતીઓની તપાસ ચાલી રહી છે.

ખૂબ મોટી રકમ લઈને એજન્ટો વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયા મોકલતા હોવાનું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. આથી, રૂપિયા 40થી 50 લાખ લઈને ગેરદાયદે વિદેશ મોકલનારા એજન્ટો રડારમાં આવ્યા છે. ગેરકાયદે મોકલનારા એજન્ટો વિદ્યાર્થીઓને ખોટા ડોક્યુમેન્ટ સુધી બનાવી આપે છે. આ બોગસ ડોક્યુમેન્ટ્સના આધારે વિઝા મેળવવામાં આવે છે. નોંધનીય છે કે, IHRAના સભ્યો ઓસ્ટ્રેલિયામાં છેલ્લા બે વર્ષથી તપાસ કરતા હતા.

વિદ્યાર્થીઓએ IELTS, TOFEL, CAE અને PTE જેવી પરીક્ષાની બોગસ બેન્ડ શીટ મેળવી હતી. 4 બેન્ડ પણ ન મળે તેવા વિદ્યાર્થીઓ 8 બેન્ડ સાથે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા હતા. આ મામલે ગુજરાતના ત્રણ શહેરના 24 જેટલાં એજન્ટો હાલ રડારમાં છે.

આ મામલે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ (IHRA) ના ચેરમેને નિવેદન આપતા જણાવ્યું કે, 'અમારી પાસે ગેરકાયદે ઘૂસી ગયેલા લોકોની યાદી પણ છે. આ મામલે ગુજરાતમાંથી કરોડો રૂપિયાનું મહાકૌભાંડ ચાલી રહ્યું છે. અમારી પાસે એજન્ટ વિરુદ્ધના પુરાવાઓ પણ છે. આગામી સમયમાં તમામ એજન્ટોને જેલમાં ધકેલવામાં આવશે.'